# વિવેકચ્યૂડામણિ

[ ગુજરાતી સરલ અર્થ સહિત ]



એક રૂપિયો

'સસ્તુ' સાહિત્ય એટલે ઊંચામાં ઊંચુ' સાહિત્ય'

શ્રીમત્ શંકરાચાર્ય વિરચિત

# વિવેકચૂડામણિ

[ ગુજરાતી સરલ અર્થ સહિત ]

★

અનુવાદક :

શાસ્ત્રી દેવશંકર દવે

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે: ભદ્ર પાસે અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઇ-૨

★

એક રૂપિયો

સંવત ૨૦૨૦ : : : : આવૃત્તિ [illegible]

(c)

[ સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન છે. ]

2500-3-'64

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ કo ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ : : અમદાવાદ

# નિવેદન

સંવત ૨૦૧૨માં આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ થયેલી તે ખલાસ થતાં તેના પુનર્મુદ્રણરૂપે આ નવી આવૃત્તિ [illegible] થાય છે.

જગતના ઇતિહાસમાં જાનમાલનો નાશ કરીને બીજાની સંપત્તિ [illegible]નાર સૈનિકોનાં નામો જળવાયાં છે; પણ તેના કરતાં પશુત્વ[illegible] માનવતામાં લઈ જનાર અને માનવતામાંથી મોક્ષમાં [illegible]જનાર ધર્મની ભાવના અનેક વિપરીત સંજોગો વચ્ચે જગાવી [illegible]નારનું વીરત્વ અને શૌર્ય એ અત્યંત અદ્‌ભુત હોય છે. આજે [illegible]જારો વર્ષ પછી પણ શ્રીમત્ શંકરાચાર્યે પ્રકટાવેલી જ્ઞાનજ્યોતિથી અનેક સાધકો મોક્ષના પંથ ઉપર પ્રયાણ કરે છે. વિચારની સીમાની પાર જઈને તેમણે રચેલું ‘વેદાંત’ આજે પણ હિંદમાં જ નહિ, પણ સમસ્ત મનુષ્યજાતિમાં પેદા થયેલા ચિંતકોમાં તેમને અપ્રતિમ સ્થાને [illegible]પે છે. છેવટના મુમુક્ષુને જોઈતું બ્રહ્મજ્ઞાન તેમણે પૂરું પાડ્યું છે; એટલું જ નહિ, પણ ઘણાં દેવ–દેવીઓનાં સ્તોત્રો તેમણે મધ્યમ [illegible]રનાં અને શરૂઆતના ભક્તોને માટે પણ રચ્યાં છે. અનેક પંથનો [illegible]મન્વય કરનાર પંચાયતનની ભાવના પણ તેમણે જ ઊભી કરી [illegible]ી. ગીતા ઉપરનું મહાન ભાષ્ય લખવા ઉપરાંત આત્મવિદ્યાના પ્રમાણભૂત એવા અનેક ગ્રંથો તેમણે રચ્યા છે. તેમાંનો એક ગ્રંથ આ છે.

શ્રીમત્ શંકરાચાર્ય વિરચિત ઉપદેશસાહસ્રી, શ્રી દક્ષિણામૂર્તિસ્તોત્ર, મણિરત્નમાળા, મોહમુદ્‌ગર ને બીજાં દશરત્નો, આત્મા–અનાત્માવિવેક વગેરે પુસ્તકો એ ઉપરાંત એમણે રચેલા ભાષ્યના સરલાર્થ સહિત દશ ઉપનિષદો પણ આ સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયાં છે, તે મુમુક્ષુઓને માટે ઉપયોગી થશે એ નિઃશંક છે.

વલ્લભવિદ્યાનગર
તા. ૬–૩–’૬૪

‘સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ’ના ટ્રસ્ટીઓ વતી
**એચ. એમ. પટેલ** (પ્રમુખ)

# અનુક્રમ


| | |
|---|---|
| આત્મજ્ઞાનનું મહત્ત્વ | ૫ |
| આત્મજ્ઞાનના અધિકારી | ૮ |
| ચાર સાધન | ૯ |
| ગુરુ તરફથી અભયદાન | ૧૪ |
| પોતે જ પ્રયત્ન કરવાની જરૂર | ૧૭ |
| આત્મજ્ઞાનની મહત્તા | ૧૮ |
| જાતઅનુભવની જરૂર | ૧૯ |
| પ્રશ્નવિચાર | ૨૦ |
| સ્થૂળ શરીરનું વર્ણન | ૨૧ |
| વિષયનિંદા | ૨૨ |
| દેહ ઉપર મોહ ન રાખવો | ૨૪ |
| સ્થૂળ શરીરની નિંદા | ૨૫ |
| દશ ઇંદ્રિયો–અંતઃકરણના પ્રકાર | ૨૬ |
| પાંચ પ્રાણ–સૂક્ષ્મ શરીર | ૨૭ |
| પ્રાણના ધર્મ–અહંકાર | ૨૯ |
| આત્મા સૌને પ્રિય છે | ૩૦ |
| માયાનું સ્વરૂપ | ,, |
| રજોગુણ–તમોગુણ | ૩૧,૩૨ |
| સત્ત્વગુણ | ૩૩ |
| કારણ–શરીર–જડ તત્ત્વ | ૩૪ |
| આત્માનું સ્વરૂપ | ૩૫ |
| સંસારબંધન | ૩૮ |
| 'આવરણશક્તિ' ઇ૦ | ૪૦ |
| સંસારસ્વરૂપ | ,, |
| આત્મા અને દેહનું ભેદજ્ઞાન | ૪૧ |
| મુક્ત કોણ? | ૪૨ |
| અન્નમય, પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય | ૪૩થી ૫૦ |
| આત્મા કોણ? મુક્તિ કેવી રીતે | ૫૨ |
| આત્માના જ્ઞાનથી જ મુક્તિ | ૫૩ |
| આનંદમયકોશ અનુભવાય ક્યારે? | ૫૬ |
| આત્માનાં સ્વરૂપ વિષે શંકા | ૫૭ |
| આત્માનું ખરું સ્વરૂપ | ૫૮ |
| બ્રહ્મ અને જગતની એકતા | ૬૧ |
| બ્રહ્મનું સ્વરૂપ | ૬૪ |
| 'મહાવાક્ય'નો વિચાર | ૬૫ |
| બ્રહ્મભાવના | ૬૮ |
| વાસનાના ત્યાગની જરૂર | ૭૩ |
| ભ્રમના ત્યાગની જરૂર | ૭૫ |
| 'હું' શબ્દનો અર્થ | ૭૯ |
| અહંકાર સંસારનું મૂળ છે | ૮૦ |
| ક્રિયા, વિષયચિંતન અને વાસનાનો ત્યાગ | ૮૩ |
| પ્રમાદના ત્યાગની જરૂર | ૮૬ |
| ભેદદૃષ્ટિનો ત્યાગ | ૮૮ |
| જીવન્મુક્ત કોણ?–આત્મપ્રેમ | ૯૦ |
| 'અહંકારનો ત્યાગ' | ૯૧ |
| વિક્ષેપ ને આવરણશક્તિનું બળ | ૯૨ |
| વિવેકથી મુક્તિ–સત્ય જ્ઞાન | ૯૩ |
| અજ્ઞાનનો નાશ–સમાધિની જરૂર | ૯૫ |
| યોગનો પહેલો દરવાજો | ૯૮ |
| વૈરાગ્ય–ધ્યાનની રીત | ૯૯,૧૦૧ |
| આત્મદૃષ્ટિ | ૧૦૨ |
| જગત છે જ નહિ | ૧૦૮ |
| આત્માનું ચિંતન | ૧૦૯ |
| દૃશ્યનો ત્યાગ | ૧૧૦ |
| આત્મજ્ઞાનનું ફળ | ૧૧૧ |
| ધન્ય એ પુરુષને! | ૧૧૩ |
| સ્થિતપ્રજ્ઞ ને જીવન્મુક્ત કોણ? | ૧૧૪ |
| પ્રારબ્ધ | ૧૧૮ |
| ભેદનો નિષેધ | ૧૨૩ |
| આત્મજ્ઞાનથી શાંતિ | ૧૨૪ |
| આત્મજ્ઞાનનો ઉપદેશ | ,, |
| જ્ઞાનની પ્રાપ્તિ | ૧૨૬ |
| છેવટનો ઉપદેશ | ૧૩૫ |
| શિષ્યની વિદાય | ૧૪૮ |



श्रीमद् आद्य शंकराचार्य

શ્રીમત્ શંકરાચાર્ય વિરચિત

# વિવેકચૂડામણિ

सर्ववेदान्तसिद्धान्तगोचरं तमगोचरम् ।
गोविन्दं परमानन्दं सद्गुरुं प्रणतोऽस्म्यहम् ॥ १ ॥

જાણવા અશક્ય છતાં સર્વ વેદાંતના સિદ્ધાંતથી જેમને જાણી શકાય છે, એ પરમ આનંદસ્વરૂપ સદ્ગુરુ શ્રી ગોવિંદને હું પ્રણામ કરું છું.

### આત્મજ્ઞાનનું મહત્ત્વ

जन्तूनां नरजन्म दुर्लभमतः पुंस्त्वं ततो विप्रता
तस्माद्वैदिकधर्ममार्गपरता विद्वत्वमस्मात्परम् ।
आत्मानात्मविवेचनं स्वनुभवो ब्रह्मात्मना संस्थिति-
र्मुक्तिर्नो शतजन्मकोटिसुकृतैः पुण्यैर्विना लभ्यते ॥ २ ॥

પ્રાણીઓને પહેલાં તો મનુષ્યજન્મ દુર્લભ છે; પછી પુરુષ થવું અને પછી બ્રાહ્મણપણું મેળવવું મુશ્કેલ છે; બ્રાહ્મણ થયા પછી વેદધર્મને અનુસરવું અને પછી વિદ્વાન થવું કઠિન છે; તે પછી પણ આત્મા અને અનાત્માનું પૃથક્કરણ,[1] ખરો અનુભવ, આત્મા પોતે બ્રહ્મરૂપ છે એ સમજ્યા પછીની સ્થિતિ અને મુક્તિ—એ તો કરોડો જન્મોનાં પુણ્યો વિના મળતાં નથી.

दुर्लभं त्रयमेवैतद्देवानुग्रहहेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसंश्रयः ॥ ३ ॥

---

૧ ચેતન અને જડનું ભેદજ્ઞાન—જેમ કે, જડદેહથી ચેતન આત્મા જુદો છે, એવું જ્ઞાન.

ભગવાનની કૃપા જ જેમાં કારણ છે, એ મનુષ્યજન્મ, સંસારમાંથી મુક્ત થવાની ઇચ્છા અને મહાપુરુષોનો સમાગમ—આ ત્રણ દુર્લભ જ છે.

लब्ध्वा कथञ्चिन्नरजन्म दुर्लभं
तत्रापि पुंस्त्वं श्रुतिपारदर्शनम्।
यस्त्वात्ममुक्तो न यतेत मूढधीः
स ह्यात्महा स्वं विनिहन्त्यसद्ग्रहात् ॥ ४ ॥

દુર્લભ મનુષ્યજન્મ મેળવીને અને તેમાં પણ વેદાંતના સિદ્ધાંતનું જ્ઞાન થઈ શકે એવું પુરુષત્વ પામીને પણ જે મૂઢ બુદ્ધિવાળો મનુષ્ય આત્માની મુક્તિ માટે પ્રયત્ન કરતો નથી, એ આત્મઘાતક[1] જ છે; અને એ, અસત્—દેહ વગેરે વસ્તુઓ ઉપર આસક્તિ[2] ધરાવવાથી પોતે જ પોતાને હણે છે.

इतः कोऽन्वस्ति मूढात्मा यस्तु स्वार्थे प्रमाद्यति।
दुर्लभं मानुषं देहं प्राप्य तत्रापि पौरुषम् ॥ ५ ॥

દુર્લભ મનુષ્યદેહ અને તેમાં પણ પુરુષત્વ પામ્યા છતાં જે માણસ તત્ત્વજ્ઞાનરૂપી સ્વાર્થ સાધવામાં આળસ કરે છે, એનાથી મૂર્ખ બીજો કોણ હોઈ શકે?

वदन्तु शास्त्राणि यजन्तु देवान्कुर्वन्तु कर्माणि भजन्तु देवताः।
आत्मैक्यबोधेन विनापि मुक्तिर्न सिध्यति ब्रह्मशतान्तरेऽपि ॥ ६ ॥

ભલે કોઈ માણસ શાસ્ત્ર સમજે—સમજાવે, દેવોની પૂજા કરે, અનેક (શુભ) કર્મ કરે અથવા દેવોને ભજે, તોપણ 'બ્રહ્મ અને આત્મા એક જ છે' એવા જ્ઞાન વિના સો બ્રહ્મા થઈ જાય તેટલા કાળે પણ (તેની) મુક્તિ થતી નથી.

अमृतत्वस्य नाशास्ति वित्तेनेत्येव हि श्रुतिः।
ब्रवीति कर्मणो मुक्तेरहेतुत्वं स्फुटं यतः ॥ ७ ॥

---

૧ આપઘાત કરનાર. ૨ મોહ.

કારણ કે 'ધનથી અમર થવાની આશા નથી' એમ કહેનાર વેદ જ ચોખ્ખું કહે છે કે, 'કર્મ મુક્તિનું કારણ નથી.'

જ્ઞાન મેળવવાના ઉપાય

अतो विमुक्त्यै प्रयतेत विद्वान्संन्यस्तबाह्यार्थसुखस्पृहः सन् ।
सन्तं महान्तं समुपेत्य देशिकं तेनोपदिष्टार्थसमाहितात्मा ॥ ८ ॥

માટે વિદ્વાન માણસે બાહ્ય વિષયોનાં સુખની ઇચ્છાનો ત્યાગ કરી, મહાસંત ગુરુદેવને શરણે જઈ, એમના ઉપદેશને બરાબર સમજીને મુક્તિ માટે પ્રયત્ન કરવો.

उद्धरेदात्मनात्मानं मग्नं संसारवारिधौ ।
योगारूढत्वमासाद्य सम्यग्दर्शननिष्ठया ॥ ९ ॥

સત્ય આત્મજ્ઞાન પર શ્રદ્ધા રાખી યોગમાર્ગે જઈને, સંસારરૂપી સમુદ્રમાં ડૂબેલા આત્માનો પોતે જ ઉદ્ધાર કરવો.

संन्यस्य सर्वकर्माणि भवबन्धविमुक्तये ।
यत्यतां पण्डितैर्धीरैरात्माभ्यास उपस्थितैः ॥ १० ॥

આત્મજ્ઞાનના અભ્યાસમાં તત્પર ધીર વિદ્વાનોએ બધાં કર્મોનો ત્યાગ કરી સંસારરૂપી બંધનથી છૂટવા માટે પ્રયત્ન કરવો.

चित्तस्य शुद्धये कर्म न तु वस्तूपलब्धये ।
वस्तुसिद्धिर्विचारेण न किञ्चित्कर्मकोटिभिः ॥ ११ ॥

કર્મો ચિત્તની શુદ્ધિ માટે જ છે, તત્ત્વજ્ઞાન માટે નથી; તત્ત્વજ્ઞાન તો વિચારથી જ થાય છે; કરોડો કર્મોથી કાંઈ થતું નથી.

सम्यग्विचारतः सिद्धा रज्जुतत्त्वावधारणा ।
भ्रान्तोदितमहासर्पभयदुःखविनाशिनी ॥ १२ ॥

(અંધારામાં પડેલા) દોરડાને જ્યારે ભ્રમથી સર્પ માનવામાં આવે, ત્યારે તે ભ્રાંતિથી માનેલા સર્પના ડરથી જે દુઃખ થાય છે, તેને બરાબર વિચાર કર્યા પછી 'આ તો

દોરડું જ છે.' આવો નિશ્ચય જ દૂર કરે છે.

**अर्थस्य निश्चयो दृष्टो विचारेण हितोक्तितः ।**
**न स्नानेन न दानेन प्राणायामशतेन वा ॥ १३ ॥**

(મહાત્માઓનાં) હિતકારક વચનોનો વિચાર કરવાથી જ (આત્મારૂપ) વસ્તુનો નિશ્ચય થાય છે; સ્નાન, દાન અથવા સેંકડો પ્રાણાયામથી થતો નથી.

આત્મજ્ઞાનના અધિકારી

**अधिकारिणमाशास्ते फलसिद्धिर्विशेषतः ।**
**उपाया देशकालाद्याः सन्त्यस्मिन्सहकारिणः ॥ १४ ॥**

ફળસિદ્ધિ અધિકારીને ખાસ કરી ઉપદેશ દે છે; અને એમાં દેશ, કાલ વગેરે ઉપાયો પણ સહાયક બને જ છે.

**अतो विचारः कर्तव्यो जिज्ञासोरात्मवस्तुनः ।**
**समासाद्य दयासिन्धुं गुरुं ब्रह्मविदुत्तमम् ॥ १५ ॥**

આથી બ્રહ્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ, દયાસાગર ઉત્તમ ગુરુના શરણે જઈ જિજ્ઞાસુએ આત્મતત્ત્વનો વિચાર કરવો.

**मेधावी पुरुषो विद्वानूहापोहविचक्षणः ।**
**अधिकार्यात्मविद्यायामुक्तलक्षणलक्षितः ॥ १६ ॥**

બુદ્ધિમાન, વિદ્વાન અને તર્કવિતર્કમાં ચતુર મનુષ્ય આત્મવિદ્યામાં અધિકારી છે.

**विवेकिनो विरक्तस्य शमादिगुणशालिनः ।**
**मुमुक्षोरेव हि ब्रह्मजिज्ञासायोग्यता मता ॥ १७ ॥**

જેને સદ્[1] અને અસદ્[2]નું જ્ઞાન હોય, જે વૈરાગ્યવાન, શમ-દમ વગેરે ષટ્સંપત્તિવાળો અને જે મુમુક્ષુ[3] હોય, એને જ બ્રહ્મજિજ્ઞાસા[4]ની યોગ્યતા માની છે.

---

૧ આત્મતત્ત્વ. ૨ જડતત્ત્વ. ૩ જે મુક્તિને ઇચ્છે તે. ૪ બ્રહ્મને જાણવાની ઇચ્છા.

ચાર સાધન

**साधनान्यत्र चत्वारि कथितानि मनीषिभिः ।**
**येषु सत्स्वेव सन्निष्ठा यदभावे न सिध्यति ॥ १८ ॥**

વિદ્વાનોએ બ્રહ્મજિજ્ઞાસામાં ચાર સાધન કહ્યાં છે. એ (સાધન) હોય, તો જ સત્ય વસ્તુ–આત્મા ઉપર શ્રદ્ધા થાય છે; એ વિના ન થાય.

**आदौ नित्यानित्यवस्तुविवेकः परिगण्यते ।**
**इहामुत्रफलभोगविरागस्तदनन्तरम् ॥ १९ ॥**
**शमादिषट्कसंपत्तिर्मुमुक्षुत्वमिति स्फुटम् ।**
**ब्रह्म सत्यं जगन्मिथ्येत्येवंरूपो विनिश्चयः ॥ २० ॥**
**सोऽयं नित्यानित्यवस्तुविवेकः समुदाहृतः ।**

પહેલું સાધન—'નિત્યાનિત્યવસ્તુવિવેક[1]' કહેવાય છે;
બીજું સાધન—'આ લોકના અને પરલોકના સુખ-ભોગ પર 'વૈરાગ્ય' છે;'
ત્રીજું સાધન–શમ,[2] દમ,[3] ઉપરતિ,[4] તિતિક્ષા,[5] શ્રદ્ધા[6] અને સમાધાન[7]–આ 'ષટ્સંપત્તિ' છે; અને
ચોથું સાધન—'મુમુક્ષુપણું'[8] છે.

'બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા[9] છે' એવો જે નિશ્ચય, એ નિત્યાનિત્યવસ્તુવિવેક' છે.

**तद्वैराग्यं जिहासा या दर्शनश्रवणादिभिः ॥ २१ ॥**
**देहादिब्रह्मपर्यन्ते ह्यनित्ये भोगवस्तुनि ।**

---

૧ કઈ વસ્તુ અવિનાશી છે અને કઈ નાશવંત છે, એનું જ્ઞાન. ૨ ચિત્તની શાંતિ. ૩ ઇંદ્રિયોને વશ રાખવી તે. ૪ વૃત્તિઓને વિષયો ઉપર ભટકવા ન દેવી તે. ૫ સહનશીલપણું. ૬ વિશ્વાસ. ૭ બુદ્ધિની સ્થિરતા. ૮ મુક્તિની ઇચ્છા. ૯ ભ્રાંતિરૂપ.

(જગતનું તુચ્છપણું નજરે) જોવાથી અને સાંભળવા વગેરેથી આ દેહથી માંડી બ્રહ્મલોક સુધીના બધા અનિત્ય ભોગ્ય પદાર્થોને તજી દેવાની જે ઇચ્છા, એ જ 'વૈરાગ્ય' છે.

विरज्य विषयव्राताद्दोषदृष्ट्या मुहुर्मुहुः ॥ २२ ॥
स्वलक्ष्ये नियतावस्था मनसः शम उच्यते ।
विषयेभ्यः परावर्त्य स्थापनं स्वस्वगोलके ॥ २३ ॥
उभयेषामिन्द्रियाणां स दमः परिकीर्तितः ।
बाह्यानालम्बनं वृत्तेरेषोपरतिरुत्तमा ॥ २४ ॥

વારંવાર દોષદૃષ્ટિ કરીને, વિષયોના સમૂહથી વૈરાગ્ય પામી, મનની પોતાના લક્ષ્યમાં જ સ્થિર અવસ્થા, એ 'શમ' કહેવાય છે. કર્મેન્દ્રિય[1] અને જ્ઞાનેન્દ્રિય[2] બન્નેને તેમના વિષયો[3] તરફથી વાળીને પોતપોતાના સ્થાનમાં જ સ્થિર કરવી, એ 'દમ' કહેવાય છે; અને (ચિત્તની) વૃત્તિ બહારના વિષયો ઉપર ન ભટકે, એ જ ઉત્તમ 'ઉપરતિ' છે.

सहनं सर्वदुःखानामप्रतीकारपूर्वकम् ।
चिन्ताविलापरहितं सा तितिक्षा निगद्यते ॥ २५ ॥

ચિંતા અને શોક વિના સર્વ દુઃખોને ઉપાય કર્યા વગર સહી લેવાં, એ 'તિતિક્ષા' કહેવાય છે.

शास्त्रस्य गुरुवाक्यस्य सत्यबुद्ध्यवधारणम् ।
सा श्रद्धा कथिता सद्भिर्यया वस्तूपलभ्यते ॥ २६ ॥

શાસ્ત્રનાં અને ગુરુદેવનાં વચનોને સત્ય બુદ્ધિથી ગ્રહણ કરવાં, એ 'શ્રદ્ધા' કહેવાય છે; જેથી વસ્તુ મેળવી શકાય છે.

---

૧ વાણી, હાથ, પગ, ગુદા અને ઉપસ્થ–પાંચ કર્મેન્દ્રિયો. ૨ નાક, કાન, આંખ, જીભ અને ચામડી–પાંચ જ્ઞાનેન્દ્રિયો. ૩ કર્મેન્દ્રિયોના વિષય–તે તે ઇંદ્રિયોનાં કામ; જ્ઞાનેન્દ્રિયોના વિષય–શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ.

सर्वदा स्थापनं बुद्धेः शुद्धे ब्रह्मणि सर्वदा ।
तत्समाधानमित्युक्तं न तु चित्तस्य लालनम् ॥ २७ ॥

બુદ્ધિને હમેશાં શુદ્ધ બ્રહ્મમાં જ સ્થિર કરવી, એ 'સમાધાન' કહેવાય છે; ચિત્તને સ્વેચ્છાચારી કરવું, એ 'સમાધાન' નથી.

अहंकारादिदेहान्तान्बन्धानज्ञानकल्पितान् ।
स्वस्वरूपावबोधेन मोक्तुमिच्छा मुमुक्षुता ॥ २८ ॥

અહંકારથી માંડી દેહ સુધીનાં જેટલાં અજ્ઞાનકલ્પિત[1] બંધનો છે, તેમાંથી પોતાના આત્મસ્વરૂપના જ્ઞાન દ્વારા છૂટવાની ઇચ્છા એ 'મુમુક્ષુપણું' છે.

मन्दमध्यमरूपापि वैराग्येण शमादिना ।
प्रसादेन गुरोः सेयं प्रवृद्धा सूयते फलम् ॥ २९ ॥

મુમુક્ષુપણું મંદ[2] અથવા મધ્યમ હોય, તોપણ વૈરાગ્યથી, 'શમ વગેરે ષટ્સંપત્તિ'થી અને ગુરુની કૃપાથી વધીને સફળ[3] થાય છે.

वैराग्यं च मुमुक्षुत्वं तीव्रं यस्य तु विद्यते ।
तस्मिन्नेवार्थवन्तः स्युः फलवन्तः शमादयः ॥ ३० ॥

જેનામાં વૈરાગ્ય અને મુમુક્ષુપણું–બંને તીવ્ર હોય, તેમાં જ 'શમ વગેરે ષટ્સંપત્તિ' સાર્થક અને સફળ થાય છે.

एतयोर्मन्दता यत्र विरक्तत्वमुमुक्षयोः ।
मरौ सलिलवत्तत्र शमादेर्भासमात्रता ॥ ३१ ॥

પણ જેનામાં વૈરાગ્ય અને મુમુક્ષુપણું બંને મંદ હોય,

૧ અજ્ઞાનથી માની લીધેલાં; કારણ કે ખરી રીતે દેહ વગેરે સ્વપ્ન જેવાં મિથ્યા છે. ૨ ઓછા પ્રમાણમાં. ૩ બ્રહ્મ–જિજ્ઞાસાનું કારણ બને છે.

તેમાં રહેલી 'શમ વગેરે ષટ્સંપત્તિ' મરુસ્થળ[1]ના જળની પેઠે માત્ર[2] દેખાવની જ બને છે.

मोक्षकारणसामग्र्यां भक्तिरेव गरीयसी।
स्वस्वरूपानुसन्धानं भक्तिरित्यभिधीयते ॥ ३२ ॥
स्वात्मतत्त्वानुसन्धानं भक्तिरित्यपरे जगुः।
उक्तसाधनसंपन्नस्तत्त्वजिज्ञासुरात्मनः ॥ ३३ ॥
उपसीदेद्गुरुं प्राज्ञं यस्माद् बन्धविमोक्षणम्।
श्रोत्रियोऽवृजिनोऽकामहतो यो ब्रह्मवित्तमः ॥ ३४ ॥
ब्रह्मण्युपरतः शान्तो निरिन्धन इवानलः।
अहेतुकदयासिन्धुर्बन्धुरानमतां सताम् ॥ ३५ ॥
तमाराध्य गुरुं भक्त्या प्रह्वप्रश्रयसेवनैः।
प्रसन्नं तमनुप्राप्य पृच्छेज्ज्ञातव्यमात्मनः ॥ ३६ ॥

મુક્તિનાં કારણોની સામગ્રીમાં ભક્તિ જ સૌથી શ્રેષ્ઠ છે. પોતાના સ્વરૂપનું મનન કરવું, એ જ 'ભક્તિ' કહેવાય છે. કેટલાક વિદ્વાનો કહે છે કે, 'પોતાના આત્મતત્ત્વનું મનન એ જ ભક્તિ છે.'

ઉપર જણાવેલાં ચાર સાધનવાળા અને આત્મતત્ત્વને જાણવા ઇચ્છતા પુરુષે પ્રાજ્ઞ–સ્થિતપ્રજ્ઞ[3] ગુરુ પાસે જવું, કે જેથી સંસારરૂપ બંધન છૂટે. જે શ્રોત્રિય[4] અને પાપરહિત હોય, વિષય–વાસનાને વશ ન હોય, બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ હોય, બ્રહ્મજ્ઞાનમાં અગ્રેસર હોય, ઇંધણાં વગરના અગ્નિ જેવો શાંત હોય, કારણ વિના દયાનો સમુદ્ર હોય અને શરણે આવેલાનો બંધુ હોય, એવા ગુરુને વિનય, નમ્રતા અને

---

૧ જ્યાં પાણી મળવું દુર્લભ હોય, એવા સ્થાનને 'મરુસ્થળ' કહે છે. ૨ માત્ર દેખાય જ–સાચી ન હોય અથવા એનાથી કામ સરે નહિ. ૩ સ્થિર બુદ્ધિવાળા. ૪ વેદના અર્થ સમજનાર.

સેવાથી ભક્તિપૂર્વક સેવીને તે પ્રસન્ન થાય ત્યારે પાસે જઈ પોતાને જાણવું હોય તે આમ પૂછવું :

**स्वामिन्नमस्ते नतलोकबन्धो कारुण्यसिन्धो पतितं भवाब्धौ।**
**मामुद्धरात्मीयकटाक्षदृष्ट्या ऋज्व्यातिकारुण्यसुधाभिवृष्ट्या ॥ ३७ ॥**

'શરણે આવેલા લોકના બંધુ અને દયાના સાગર, હે ગુરુદેવ! પ્રભુ! હું આપને નમસ્કાર કરું છું. સંસારરૂપી સમુદ્રમાં પડેલા મારો, અતિ કરુણારૂપી અમૃત વરસતી આપની સરળ કટાક્ષદૃષ્ટિથી આપ ઉદ્ધાર કરો.

**दुर्वारसंसारदवाग्नितप्तं दोधूयमानं दुरदृष्टवातैः।**
**भीतं प्रपन्नं परिपाहि मृत्योः शरण्यमन्यद्यदहं न जाने ॥३८॥**

રોકવો મુશ્કેલ એવા સંસારરૂપી દાવાનળથી હું દાઝેલો છું અને દુર્ભાગ્યરૂપી આંધીથી અતિશય થરથરું છું અને ડરું છું; તેથી હું આપને શરણે આવ્યો છું. આપ મૃત્યુથી મને બચાવો. આપ સિવાય બીજાને શરણ લેવા યોગ્ય હું નથી માનતો.

**शांतो महांतो निवसंति संतो वसंतवल्लोकहितं चरंतः।**
**तीर्णाः स्वयं भीमभवार्णवं जनानहेतुनान्यानपि तारयन्तः ॥३९॥**

આ ભયંકર સંસારરૂપી સમુદ્રને પોતાની મેળે જ તરી ગયેલા, બીજાઓને પણ તારનારા અને વસંતઋતુની પેઠે પ્રાણીમાત્રનું હિત કરનારા (આપ જેવા) શાંત સત્પુરુષો (આ દુનિયામાં) વસે છે.

**अयं स्वभावः स्वत एव यत्परश्रमापनोदप्रवणं महात्मनाम्।**
**सुधांशुरेष स्वयमर्ककर्कशप्रभाभितप्तामवति क्षितिं किल ॥ ४० ॥**

પોતાની મેળે જ બીજાનાં દુઃખો દૂર કરવા તત્પર રહેવું, એ મહાત્માઓનો સ્વભાવ જ છે; જેમ સૂર્યના આકરા તાપથી તપેલી પૃથ્વીને આ ચંદ્રદેવ પોતાની મેળે જ શાંત કરે છે,

**ब्रह्मानन्दरसानुभूतिकलितैः पूतैः सुशीतैर्युतै-**
**र्युष्मद्वाक्कलशोज्झितैः श्रुतिसुखैर्वाक्यामृतैः सेचय।**
**संततं भवतापदावदहनज्वालाभिरेनं प्रभो**
**धन्यास्ते भवदीक्षणक्षणगतेः पात्रीकृताः स्वीकृताः ॥४१॥**

હે પ્રભુ! સંસારરૂપ દાવાનળની ઝાળથી દાઝેલા અને આપને શરણે આવેલા આ–મને, આપ બ્રહ્માનંદના રસાનુભવવાળાં, પવિત્ર, અતિ શીતળતાવાળાં, આપના મુખરૂપી સુવર્ણકળશથી ઝરેલાં અને કાનને સુખ આપનારાં વચનરૂપ અમૃતથી સિંચો. જેઓ એક ક્ષણ પણ આપની (કૃપા) દૃષ્ટિના પાત્ર બન્યા છે અને જેમને આપે પોતાના તરીકે સ્વીકાર્યા છે, તેમને ધન્ય છે.

**कथं तरेयं भवसिन्धुमेतं का वा गतिर्मे कतमोऽस्त्युपायः।**
**जाने न किंचित्कृपयाव मां प्रभो संसारदुःखक्षतिमातनुष्व ॥४२॥**

હું આ સંસારરૂપી સમુદ્ર કેવી રીતે તરું? મારી શી ગતિ થશે? કયો ઉપાય છે? એ કાંઈ હું જાણતો નથી. પ્રભુ! કૃપા કરી મને બચાવો; અને મારા સંસારરૂપી દુઃખનો નાશ કરો.'

ગુરુ તરફથી અભયદાન

**तथा वदन्तं शरणागतं स्वं संसारदावानलतापतप्तम्।**
**निरीक्ष्य कारुण्यरसार्द्रदृष्ट्या दद्यादभीतिं सहसा महात्मा ॥४३॥**
**विद्वान्स तस्मा उपसत्तिमीयुषे मुमुक्षवे साधु यथोक्तकारिणे।**
**प्रशान्तचित्ताय शमान्विताय तत्त्वोपदेशं कृपयैव कुर्यात् ॥४४॥**

એમ કહેતા, પોતાના શરણે આવેલા અને સંસારરૂપી દાવાનળના તાપથી દાઝેલા એ શિષ્યને જોઈ મહાત્મા ગુરુએ તરત જ પોતાની કરુણારસથી વ્યાપ્ત દૃષ્ટિથી તેને અભયદાન આપવું.

શરણે આવેલા, મુમુક્ષુ, આજ્ઞા પ્રમાણે સારી રીતે વર્તનાર, શાંત ચિત્તવાળા અને ષટ્સંપત્તિયુક્ત એ શિષ્યને ગુરુએ કૃપાથી (આ પ્રમાણે) તત્ત્વોપદેશ કરવો :

श्रीगुरुरुवाच ।

मा भैष्ट विद्वंस्तव नास्त्यपायः संसारसिन्धोस्तरणेऽस्त्युपायः ।
येनैव याता यतयोस्य पारं तमेव मार्गं तव निर्दिशामि ॥४५॥

ગુરુ : 'હે વિદ્વાન ! તું ડર મા. તારો નાશ નહિ થાય. સંસારસાગરને તરવાનો ઉપાય છે. જે માર્ગે યોગીઓ આ સંસારસાગરનો પાર પામ્યા છે, એ જ માર્ગ હું તને બતાવું છું.

अस्त्युपायो महान्कश्चित्संसारभयनाशनः ।
तेन तीर्त्वा भवाम्भोधिं परमानन्दमाप्स्यसि ॥ ४६ ॥

સંસારના ભયનો નાશ કરનાર કોઈ મોટો ઉપાય છે; એ ઉપાયથી તું સંસારસાગર તરીને પરમાનંદ પામીશ.

वेदान्तार्थविचारेण जायते ज्ञानमुत्तमम् ।
तेनात्यन्तिकसंसारदुःखनाशो भवत्यनु ॥ ४७ ॥

વેદાંતના અર્થનો વિચાર કરવાથી ઉત્તમ જ્ઞાન થાય છે; અને પછી તેનાથી સંસારનાં દુઃખનો અત્યંત નાશ થાય છે.

श्रद्धाभक्तिध्यानयोगान्मुमुक्षोर्मुक्तेर्हेतून्वक्ति साक्षाच्छ्रुतेर्गीः ।
यो वा एतेष्वेव तिष्ठत्यमुष्य मोक्षोऽविद्याकल्पिताद्देहबन्धात् ॥४८॥

શ્રદ્ધા, ભક્તિ, ધ્યાન અને યોગ–આ ચાર મુમુક્ષુ માણસની મુક્તિના ઉપાય છે, એમ વેદની વાણી કહે છે. જે માણસ આ ઉપાયોને વળગી રહે છે, તેનો અજ્ઞાનથી ઉપજેલા દેહબંધનથી છુટકારો થાય છે.

अज्ञानयोगात्परमात्मनस्तव ह्यनात्मबंधस्तत एव संसृतिः ।
तयोर्विवेकोदितबोधवह्निरज्ञानकार्यं प्रदहेत्समूलम् ॥ ४९ ॥

તું પરમાત્મા છે, છતાં અજ્ઞાનને કારણે જ તારે આ અનાત્મારૂપ દેહના બંધનમાં બંધાવું પડ્યું છે; અને એથી જ તને સંસાર વળગ્યો છે. આત્મા અને અનાત્મા[1]ના વિવેકથી[2] ઊપજેલો જ્ઞાનરૂપી અગ્નિ અજ્ઞાનના કાર્ય-સંસારને મૂળમાંથી બાળી નાખશે.'

शिष्य उवाच ।

कृपया श्रूयतां स्वामिन् प्रश्नोऽयं क्रियते मया ।
तदुत्तरमहं श्रुत्वा कृतार्थः स्यां भवन्मुखात् ॥ ५० ॥

શિષ્ય: 'પ્રભુ! હે કૃપા કરી આપ સાંભળો. હું પ્રશ્ન કરું છું. એનો જવાબ આપના મુખથી સાંભળીને હું કૃતાર્થ થઈશ.

को नाम बन्धः कथमेष आगतः कथं प्रतिष्ठास्य कथं विमोक्षः ।
कोऽसावनात्मा परमः स्व आत्मा तयोर्विवेकः कथमेतदुच्यताम् ॥५१॥

બંધન કયું છે, એ કેમ આવ્યું, એની સ્થિતિ કેવી છે, અને એમાંથી કેવી રીતે છૂટી શકાય? વળી અનાત્મા એ કોણ છે, પરમાત્મા કોણ, પોતાનો આત્મા કોણ, અને એ બન્નેનું જ્ઞાન કેવી રીતે થાય, એ આપ કહો.'

श्रीगुरुरुवाच ।

धन्योऽसि कृतकृत्योऽसि पावितं ते कुलं त्वया ।
यदविद्याबन्धमुक्त्या ब्रह्मीभवितुमिच्छसि ॥ ५२ ॥

ગુરુ: 'તને ધન્ય છે. કરવાનાં બધાં કામ તું કરી ચૂક્યો છે. તેં તારા કુળને પવિત્ર કર્યું છે; કારણ કે તું અજ્ઞાનરૂપ બંધનમાંથી છૂટી બ્રહ્મરૂપ થવા ઇચ્છે છે.

૧ જડ તત્ત્વ. ૨ ચેતન અને જડ બન્ને ભિન્ન છે, એવી સમજણ; અથવા દેહ છે એ આત્મા નથી, એવું જ્ઞાન.

પોતે જ પ્રયત્ન કરવાની જરૂર

ऋणमोचनकर्तारः पितुः सन्ति सुतादयः।
बन्धमोचनकर्ता तु स्वस्मादन्यो न कश्चन ॥ ५३ ॥

પુત્રો વગેરે પિતાના ઋણ[1] થી (પોતાનો) છુટકારો કરનારા થઈ શકે; પણ આ સંસારરૂપ બંધનમાંથી પોતાને છોડાવનાર પોતાથી બીજો કોઈ નથી.

मस्तकन्यस्तभारादेर्दुःखमन्यैर्निवार्यते ।
क्षुधादिकृतदुःखं तु विना स्वेन न केनचित् ॥ ५४ ॥

જેમ પોતાના માથા ઉપર ઉપાડેલા ભારનું દુઃખ બીજા દૂર કરી શકે છે; પણ ભૂખ વગેરેનું દુઃખ તો પોતાના સિવાય બીજા કોઈથી દૂર કરી શકાતું નથી.

पथ्यमौषधसेवा च क्रियते येन रोगिणा ।
आरोग्यसिद्धिर्दृष्टास्य नान्यानुष्ठितकर्मणा ॥ ५५ ॥

જે રોગી હોય તે જો પરેજી પાળે અને દવા લે, તો જ તેને આરોગ્ય પ્રાપ્ત થાય; પણ બીજી કોઈ ક્રિયાથી તેની આરોગ્યસિદ્ધિ થતી નથી.

वस्तुस्वरूपं स्फुटबोधचक्षुषा स्वेनैव वेद्यं न तु पण्डितेन ।
चन्द्रस्वरूपं निजचक्षुषैव ज्ञातव्यमन्यैरवगम्यते किम् ॥ ५६ ॥

(તેમ) વિવેકી પુરુષે વસ્તુનું સ્વરૂપ પોતાની મેળે જ પોતાના જ્ઞાનરૂપી નેત્રથી સમજવું જોઈએ (કોઈ બીજાથી તે ન સમજાય). ચંદ્રનું સ્વરૂપ પોતાની જ આંખથી જાણી શકાય; બીજાઓથી શું તે જણાય?

अविद्याकामकर्मादिपाशबन्धं विमोचितुम् ।
कः शक्नुयाद्विनात्मानं कल्पकोटिशतैरपि ॥ ५७ ॥

અજ્ઞાન, વિષયની ઇચ્છા અને કર્મ વગેરેના પાશરૂપ

1 દેવું, કરજ.

બંધન છોડવાને સો કરોડ કલ્પો[1] સુધી પણ પોતાના સિવાય બીજો કોણ સમર્થ થઈ શકે?

આત્મજ્ઞાનની મહત્તા

न योगेन न सांख्येन कर्मणा नो न विद्यया ।
ब्रह्मात्मैकत्वबोधेन मोक्षः सिध्यति नान्यथा ॥ ५८ ॥

યોગથી, સાંખ્યથી, કર્મથી કે વિદ્યાથી મોક્ષ થતો નથી; એ તો માત્ર બ્રહ્મ અને આત્માની એકતાના જ્ઞાનથી જ થઈ શકે છે, બીજી કોઈ રીતે નહિ.

वीणाया रूपसौन्दर्यं तन्त्रीवादनसौष्ठवम् ।
प्रजारञ्जनमात्रं तन्न साम्राज्याय कल्पते ॥ ५९ ॥
वाग्वैखरी शब्दझरी शास्त्रव्याख्यानकौशलम् ।
वैदुष्यं विदुषां तद्वद् भुक्तये न तु मुक्तये ॥ ६० ॥

જેમ વીણાનું રૂપ, એની સુંદરતા અને એને બજાવવાની મનોહર રીત માણસને માત્ર ખુશ કરે છે, પણ એથી કાંઈ સામ્રાજ્ય મળી શકે નહિ; એમ વિદ્વાનોની ભાષાની ચતુરાઈ, શબ્દોની ઝડી, શાસ્ત્રોનાં વ્યાખ્યાનની કુશળતા અને વિદ્વત્તા—એ બધું માત્ર ભોગ માટે છે, મોક્ષ માટે નથી.

अविज्ञाते परे तत्त्वे शास्त्राधीतिस्तु निष्फला ।
विज्ञातेऽपि परे तत्त्वे शास्त्राधीतिस्तु निष्फला ॥ ६१ ॥

આત્મતત્ત્વ ન સમજાયું, તો શાસ્ત્રનું ભણતર નિષ્ફળ છે; તેમ જ આત્મતત્ત્વ સમજાઈ ગયું, તોપણ શાસ્ત્રનું ભણતર નિષ્ફળ છે.

शब्दजालं महारण्यं चित्तभ्रमणकारणम् ।
अतः प्रयत्नाज्ज्ञातव्यं तत्त्वज्ञात्तत्त्वमात्मनः ॥ ६२ ॥

---

૧ બ્રહ્માના આયુષ્ય સુધીનો સમય.

શબ્દજાળ એ તો ચિત્તને ભટકાવનારું મોટું જંગલ છે; માટે (શબ્દજાળમાં ફસાવાને બદલે કોઈ) તત્ત્વજ્ઞાની પાસેથી પ્રયત્નપૂર્વક આત્માનું તત્ત્વ સમજવું જોઈએ.

**अज्ञानसर्पदष्टस्य ब्रह्मज्ञानौषधं विना ।**
**किमु वेदैश्च शास्त्रैश्च किमु मन्त्रैः किमौषधैः ॥ ६३ ॥**

અજ્ઞાનરૂપી સાપ જેને કરડ્યો છે, તેને બ્રહ્મજ્ઞાનરૂપી ઔષધ વિના વેદો, શાસ્ત્રો, મંત્રો કે બીજાં ઔષધોથી શું થવાનું છે?

જાતઅનુભવની જરૂર

**न गच्छति विना पानं व्याधिरौषधशब्दतः ।**
**विनापरोक्षानुभवं ब्रह्मशब्दैर्न मुच्यते ॥ ६४ ॥**

જેમ દવા પીધા વિના માત્ર દવાના નામથી જ રોગ જતો નથી, તેમ પોતાના જાતઅનુભવ વિના માત્ર વેદના શબ્દોથી મુક્તિ થતી નથી.

**अकृत्वा दृश्यविलयमज्ञात्वा तत्त्वमात्मनः ।**
**बाह्यशब्दैः कुतो मुक्तिरुक्तिमात्रफलैर्नृणाम् ॥ ६५ ॥**

'આ દેખાતું જગત છે જ નહિ' એવું સમજ્યા વિના અને આત્મતત્ત્વને જાણ્યા વિના માત્ર બોલવારૂપ ફળવાળા બહારના શબ્દોથી મનુષ્યોની મુક્તિ ક્યાંથી થાય?

**अकृत्वा शत्रुसंहारमगत्वाखिलभूश्रियम् ।**
**राजाहमिति शब्दान्नो राजा भवितुमर्हति ॥ ६६ ॥**

શત્રુઓનો નાશ કર્યા વિના અને આખી પૃથ્વીની લક્ષ્મી મેળવ્યા વિના 'હું રાજા છું' એમ કહેવાથી કોઈ રાજા થવાને યોગ્ય થતો નથી.

**आप्तोक्तिं खननं तथोपरि शिलाद्युत्कर्षणं स्वीकृतिं**
**निक्षेपः समपेक्षते नहि बहिः शब्दैस्तु निर्गच्छति ।**

**तद्वद् ब्रह्मविदोपदेशमननध्यानादिभिर्लभ्यते ।**
**मायाकार्यतिरोहितं स्वममलं तत्त्वं न दुर्युक्तिभिः ॥ ६७ ॥**

જેમ પૃથ્વીમાં દાટેલું ધન મેળવવું હોય, તો પહેલાં કોઈ જાણકાર વિશ્વાસુ માણસ તરફથી માહિતી મેળવવી પડે; ને પછી જમીન ખોદી, કાંકરા–પથરા ખસેડી ધનને બહાર કાઢવા સુધીની મહેનત કરવી પડે; માત્ર ઉપલક વાતો કરવાથી એ ધન બહાર નીકળતું નથી; એ જ રીતે નિર્મળ આત્મતત્ત્વ પણ માયાના કાર્યથી ઢંકાયેલું હોઈ બ્રહ્મજ્ઞાની ગુરુના ઉપદેશથી, તેના મનન[1]થી તથા નિદિધ્યાસન[2] વગેરેથી સમજી શકાય છે, દુષ્ટ યુક્તિઓથી નહિ.

**तस्मात्सर्वप्रयत्नेन भवबन्धविमुक्तये ।**
**स्वैरेव यत्नः कर्तव्यो रोगादाविव पण्डितैः ॥ ६८ ॥**

માટે રોગની જેમ સંસારબંધનમાંથી છૂટવા સારુ વિદ્વાનોએ પોતાની બધી શક્તિથી જાતે જ પ્રયત્ન કરવો જોઈએ.

પ્રશ્નવિચાર

**यस्त्वयाद्य कृतः प्रश्नो वरीयाञ्छास्त्रविन्मतः ।**
**सूत्रप्रायो निगूढार्थो ज्ञातव्यश्च मुमुक्षुभिः ॥ ६९ ॥**

આજે તેં જે પ્રશ્ન કર્યો છે, એ શાસ્ત્રવેત્તાઓને માન્ય અને બહુ શ્રેષ્ઠ છે. આ પ્રશ્ન સૂત્ર જેવો ટૂંકો છે, પણ એમાં ગંભીર અર્થ સમાયેલો છે; અને મુમુક્ષુઓને એ સમજવા જેવો છે.

**शृणुष्वावहितो विद्वन्यन्मया समुदीर्यते ।**
**तदेतच्छ्रवणात्सत्यं भवबन्धाद्विमोक्ष्यसे ॥ ७० ॥**

હે વિદ્વાન ! હું જે કહું, તે બરાબર ધ્યાન દઈ સાંભળ.

---

૧ ચિંતન, રટણ. ૨ મનમાં ઉપદેશ સ્થિર કરવા માટે નિરંતર ધ્યાન.

એ સાંભળવાથી ખરેખર તું સંસારબંધનથી છૂટીશ.

मोक्षस्य हेतुः प्रथमो निगद्यते वैराग्यमत्यन्तमनित्यवस्तुषु ।
ततः शमश्चापि दमस्तितिक्षा न्यासः प्रसक्ताखिलकर्मणां भृशम् ॥७१
ततः श्रुतिस्तन्मननं सतत्त्वध्यानं चिरं नित्यनिरन्तरं मुनेः ।
ततोऽविकल्पं परमेत्य विद्वानिहैव निर्वाणसुखं समृच्छति ॥ ७२ ॥

અનિત્ય વસ્તુઓ ઉપર અત્યંત વૈરાગ્ય થવો, એ મોક્ષનું પ્રથમ કારણ કહેવાય છે. પછી શમ,[1] દમ,[2] તિતિક્ષા[3] અને મોહ-મમતાવાળાં બધાં કામોનો અત્યંત ત્યાગ થવો જોઈએ. તે પછી વેદાંતનું શ્રવણ, તેનું મનન અને લાંબા વખત સુધી હમેશાં નિરંતર આત્મતત્ત્વનું ધ્યાન કરવું જોઈએ. એથી વિદ્વાન નિર્વિકલ્પ પરમાત્માને પામી મોક્ષનું સુખ મેળવે છે.

यद्बोद्धव्यं तवेदानीमात्मानात्मविवेचनम् ।
तदुच्यते मया सम्यक् श्रुत्वात्मन्यवधारय ॥ ७३ ॥

હવે આત્મા અને અનાત્માનો જાણવા યોગ્ય વિવેક તને હું કહું છું; એને બરાબર સાંભળી ચિત્તમાં તું સ્થિર કર.

### સ્થૂળ શરીરનું વર્ણન

मज्जास्थिमेदःपलरक्तचर्मत्वगाह्वयैर्धातुभिरेभिरन्वितम् ।
पादोरुवक्षोभुजपृष्ठमस्तकैरङ्गैरुपाङ्गैरुपयुक्तमेतत् ॥ ७४ ॥
अहंममेति प्रथितं शरीरं मोहास्पदं स्थूलमितीर्यते बुधैः ।
नभोनभस्वद्दहनाम्बुभूमयः सूक्ष्माणि भूतानि भवन्ति तानि ॥७५॥
परस्परांशैर्मिलितानि भूत्वा स्थूलानि च स्थूलशरीरहेतवः ।
मात्रास्तदीया विषया भवन्ति शब्दादयः पञ्च सुखाय भोक्तुः ॥७६ ॥
य एषु मूढा विषयेषु बद्धा रागोरुपाशेन सुदुर्दमेन ।
आयान्ति निर्यान्त्यध ऊर्ध्वमुच्चैः स्वकर्मदूतेन जवेन नीताः ॥ ७७ ॥

---

૧. ચિત્તની શાંતિ. ૨ ઇંદ્રિયોનો જય. ૩ સહનશીલપણું.

મજ્જા, અસ્થિ, મેદ, માંસ, લોહી, ચર્મ અને ત્વચા આ સાત ધાતુઓથી આ દેહ ભરેલો છે; તથા પગ, સાથળો, છાતી, હાથ, પીઠ અને માથું વગેરે એનાં અંગોપાંગ છે. મોહનું સ્થાન અને 'હું અને મારુ' એમ કહેવાતા આ દેહને જ વિદ્વાનો 'સ્થૂળ શરીર' કહે છે. આકાશ, પવન, તેજ, પાણી અને પૃથ્વી એ (પાંચ) ભૂતો (પ્રથમ) સૂક્ષ્મરૂપે હોય છે; પછી એકબીજાના અંશોથી મળેલાં તે ભૂતો સ્થૂળ બની સ્થૂળ શરીરનાં કારણ બને છે. એ ભૂતોની જ તન્માત્રાઓ જીવના વિષયભોગના સુખ માટે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ—એ નામે પાંચ વિષયો બને છે.

જે મૂઢ લોકો એ વિષયોમાં મોહરૂપી વિશાળ અને મજબૂત બંધનથી બંધાય છે, તેઓને એમનાં પોતાનાં કર્મોરૂપી દૂતો વેગથી ઘસડી જાય છે; તેથી અનેક ઊંચી–નીચી જાતિમાં (જન્મ લેવા) આવે છે અને પાછા ત્યાંથી નીકળે છે.

વિષયનિંદા

**शब्दादिभिः पञ्चभिरेव पञ्च पञ्चत्वमापुः स्वगुणेन बद्धाः ।**
**कुरङ्गमातङ्गपतङ्गमीनभृङ्गा नरः पञ्चभिरञ्चितः किम् ॥ ७८ ॥**

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ વગેરે પાંચ વિષયોમાંથી માત્ર એક એક વિષયથી જ પોતપોતાના સ્વભાવ પ્રમાણે બંધાયેલાં હરણ,[1] હાથી,[2] પતંગિયું,[3] માછલી[4]

૧ શિકારીની વાંસળીના **શબ્દ**માં મોહ પામી હરણ ઊભું રહે છે, તેથી તે હણાય છે. ૨. શિકારીઓએ ખાડા ઉપર બનાવટી ઊભી કરેલી હાથણીના **સ્પર્શમાં** મોહ પામી હાથી ખાડામાં પડે છે. ૩ દીવાનું **રૂપ** જોઈને પતંગિયું તેમાં પડે છે અને સળગી જાય છે. ૪ મચ્છીમારના કાંટા પર લગાડેલી ખાદ્ય વસ્તુના **રસમાં** મોહ પામી માછલી તેને ખાવા જાય છે, ત્યાં કાંટાથી તેનું તાળવું

અને ભમરો[1] મરણ પામે છે, તો એ પાંચેય વિષયોથી બંધાયેલો મનુષ્ય મરે, એમાં શું કહેવું?

दोषेण तीव्रो विषयः कृष्णसर्पविषादपि।
विषं निहन्ति भोक्तारं द्रष्टारं चक्षुषाप्ययम्॥ ७९॥

વિષયો કાળા સાપના ઝેર કરતાં પણ વધારે તીવ્ર છે; કારણ કે ઝેર તો માત્ર ખાનારને જ મારે છે, પણ વિષય તો નજરે જોનારને પણ મારી નાખે છે.

विषयाशामहापाशाद्यो विमुक्तः सुदुस्त्यजात्।
स एव कल्पते मुक्त्यै नान्यः षट्शास्त्रवेद्यपि॥ ८०॥

જે માણસ વિષયોની આશારૂપી અતિ દુસ્ત્યજ મહા-પાશથી છૂટ્યો હોય, તે જ મોક્ષ મેળવવા સમર્થ થાય છે; બીજો છયે દર્શન(ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા)ને જાણનારો હોય તોપણ નહિ.

आपातवैराग्यवतो मुमुक्षून् भवाब्धिपारं प्रतियातुमुद्यतान्।
आशाग्रहो मज्जयतेऽन्तराले निगृह्य कण्ठे विनिवर्त्य वेगात्॥ ८१॥

સંસારરૂપી સાગરનો પાર પામવા તૈયાર થયેલા ઉપલક વૈરાગ્યવાળા મુમુક્ષુઓને આશારૂપી ઝૂડ વેગથી પાછો ફરી ગળે પકડીને વચ્ચે જ ડુબાડી દે છે.

विषयाशाग्रहो येन सुविरक्त्यसिना हतः।
स गच्छति भवाम्भोधेः पारं प्रत्यूहवर्जितः॥ ८२॥

જેણે ઉત્તમ વૈરાગ્યરૂપી તલવારથી વિષયની ઇચ્છારૂપી ઝૂડને મારી નાખ્યો હોય, તે જ માણસ નિર્વિઘ્ને સંસાર-

---

વીંધાઈ જાય છે. ૧ કમળની સુગંધમાં લોભાયેલો ભમરો સાંજે કમળ બિડાય છે, છતાં ઊડતો નથી; અને છેવટે અંદર ને અંદર ગૂંગળાઈ મરે છે.

સમુદ્રનો પાર પામે છે.

विषमविषयमार्गैर्गच्छतोऽनच्छबुद्धेः
प्रतिपदमभियातो मृत्युरप्येष विद्धि।
हितसुजनगुरूक्त्या गच्छतः स्वस्य युक्त्या
प्रभवति फलसिद्धिः सत्यमित्येव विद्धि ॥ ८३ ॥

વિષયરૂપી વિકટ માર્ગે જનાર મલિન બુદ્ધિવાળા માણસને ડગલે ડગલે મૃત્યુ સામે જ આવતું રહે છે, એમ તારે સમજવું; અને આ પણ સત્ય જ માનજે, કે હિતેચ્છુ, સજ્જન અથવા ગુરુની આજ્ઞા પ્રમાણે ચાલનાર માણસને પોતાની યુક્તિથી મોક્ષરૂપી ફળની સિદ્ધિ સારી રીતે થાય છે.

मोक्षस्य काङ्क्षा यदि वै तवास्ति त्यजातिदूराद्विषयान् विषं यथा।
पीयूषवत्तोषदयाक्षमार्जवप्रशान्तिदान्तीर्भज नित्यमादरात् ॥ ८४॥

જો તને મોક્ષની ઇચ્છા છે, તો વિષયને ઝેરની પેઠે અતિ દૂરથી જ છોડી દે; અને સંતોષ, દયા, ક્ષમા, સરળતા, શમ અને દમનું અમૃતની પેઠે નિત્ય આદરથી સેવન કર.

દેહ ઉપર મોહ ન રાખવો

अनुक्षणं यत्परिहृत्य कृत्यमनाद्यविद्याकृतबन्धमोक्षणम्।
देहः परार्थोऽयममुष्य पोषणे यः सज्यते स स्वमनेन हन्ति ॥८५॥

અનાદિથી અજ્ઞાનથી ઊપજેલાં બંધનમાંથી છૂટવાનું કામ પ્રતિક્ષણ કરવાનું છે; તેને છોડી જે મનુષ્ય કેવળ પરાયા આ દેહનું જ પોષણ કરવામાં લાગ્યો રહે છે, તે એ દેહ વડે પોતાનો જ નાશ કરે છે.

शरीरपोषणार्थी सन् य आत्मानं दिदृक्षति।
ग्राहं दारुधिया धृत्वा नदीं तर्तुं स गच्छति ॥ ८६ ॥

જે માણસ દેહના જ પોષણની ઇચ્છાવાળો હોય, છતાં આત્મતત્ત્વને સમજવા ઇચ્છે, તે નદીમાં રહેલા ઝૂડને લાકડું

સમજીને તેને પકડીને નદી તરવા જાય છે.

मोह एव महामृत्युर्मुमुक्षोर्वपुरादिषु ।
मोहो विनिर्जितो येन स मुक्तिपदमर्हति ॥ ८७ ॥

શરીર વગેરે પદાર્થો ઉપર મોહ રાખવો, એ મુમુક્ષુનું મોટું મરણ છે; જેણે મોહને જીત્યો હોય, તે જ મોક્ષપદને યોગ્ય છે.

मोहं जहि महामृत्युं देहदारसुतादिषु ।
यं जित्वा मुनयो यान्ति तद्विष्णोः परमं पदम् ॥ ८८ ॥

દેહ, સ્ત્રી અને પુત્ર વગેરે ઉપરના મોહનો તું નાશ કર. એ મોહ જ મહામૃત્યુ છે. એને જીતીને મુનિઓ ભગવાનના પ્રસિદ્ધ પરમ પદને પામે છે.

સ્થૂળ શરીરની નિંદા

त्वङ्मांसरुधिरस्नायुमेदोमज्जास्थिसंकुलम् ।
पूर्णं मूत्रपुरीषाभ्यां स्थूलं निन्द्यमिदं वपुः ॥ ८९ ॥

ચામડી, માંસ, લોહી, નસો, મેદ, મજ્જા અને હાડકાંઓથી વ્યાપ્ત તથા મળમૂત્રથી ભરેલો આ સ્થૂળ દેહ નિંદાને જ પાત્ર છે.

पञ्चीकृतेभ्यो भूतेभ्यः स्थूलेभ्यः पूर्वकर्मणा ।
समुत्पन्नमिदं स्थूलं भोगायतनमात्मनः ।
अवस्था जागरस्तस्य स्थूलार्थानुभवो यतः ॥ ९० ॥

આ સ્થૂળ દેહ, પૂર્વજન્મનાં કર્મથી એકઠાં કરેલાં પાંચ તત્ત્વો (આકાશ, પવન, તેજ, પાણી અને પૃથ્વીમાં)થી ઉપજેલો છે અને એ જ આત્માનું ભોગસ્થાન છે. એની અવસ્થા જાગ્રત છે; કારણ કે એથી સ્થૂળ પદાર્થોનો અનુભવ થાય છે.

बाह्येन्द्रियैः स्थूलपदार्थसेवां स्रक्चन्दनस्त्र्यादिविचित्ररूपाम् ।
करोति जीवः स्वयमेतदात्मना तस्मात्प्रशस्तिर्वपुषोऽस्य जागरे ॥९१

'આ દેહ છે એ જ હું છું' એમ સમજીને જીવ ફૂલોની માળા, ચંદન વગેરે અનેક રૂપોવાળા સ્થૂળ પદાર્થોને બાહ્ય ઇંદ્રિયોથી ભોગવે છે; આથી જાગ્રત અવસ્થામાં આ સ્થૂળ દેહનું મુખ્યપણું છે.

**सर्वोऽपि बाह्यसंसारः पुरुषस्य यदाश्रयः ।**
**विद्धि देहमिदं स्थूलं गृहवद् गृहमेधिनः ॥ ९२ ॥**

જેનો આશરો લેવાથી જીવને આખું બાહ્ય જગત દેખાય છે, એ શરીરને જ ગૃહસ્થના ઘર જેવો સ્થૂલદેહ સમજવો.

**स्थूलस्य संभवजरामरणानि धर्माः**
**स्थौल्यादयो बहुविधाः शिशुताद्यवस्थाः ।**
**वर्णाश्रमादिनियमा बहुधा यमाः स्युः**
**पूजावमानबहुमानमुखा विशेषाः ॥ ९३ ॥**

જન્મ, ઘડપણ, મરણ, સ્થૂળતા વગેરે સ્થૂળ દેહના અનેક ધર્મો છે; બાળપણ વગેરે એની અવસ્થાઓ છે; વર્ણ, આશ્રમ વગેરે અનેક જાતના એના નિયમો છે; તથા માન, અપમાન વગેરે અનેક જાતની એની ખાસિયત છે.

દશ ઇંદ્રિયો

**बुद्धीन्द्रियाणि श्रवणं त्वगक्षि घ्राणं च जिह्वा विषयावबोधनात् ।**
**वाक्पाणिपादं गुदमप्युपस्थः कर्मेन्द्रियाणि प्रवणेन कर्मसु ॥९४॥**

કાન, ત્વચા (ચામડી), આંખ, નાક, જીભ–આ પાંચ જ્ઞાનેંદ્રિયો છે; કારણ કે એનાથી (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એમ અનુક્રમે પાંચ) વિષયોનું જ્ઞાન થાય છે; વાણી, પગ, હાથ, ગુદા અને ઉપસ્થ–એ પાંચ કર્મેંદ્રિયો છે; કારણ કે એ ઇંદ્રિયો જુદાં જુદાં કામો તરફ વળે છે.

અંતઃકરણના ચાર પ્રકાર

**निगद्यतेऽन्तःकरणं मनोधीरहंकृतिश्चित्तमिति स्ववृत्तिभिः ।**
**मनस्तु संकल्पविकल्पनादिभिर्बुद्धिः पदार्थाध्यवसायधर्मतः ॥**
**अत्राभिमानादहमित्यहंकृतिः स्वार्थानुसंधानगुणेन चित्तम् ॥९५॥**

પોતાની વૃત્તિઓના કારણે અંતઃકરણ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર—એમ ચાર પ્રકારનું કહેવાય છે. સંકલ્પ–વિકલ્પ (વિચાર) કરે છે તેથી **મન**, નિશ્ચય કરે છે તેથી **બુદ્ધિ**, 'હું' એવું જ્ઞાન થાય છે તેથી **અહંકાર** અને ઇચ્છેલી વસ્તુનું ચિંતન કરે છે તેથી **ચિત્ત** નામે તે છે.

પાંચ પ્રાણ

**प्राणापानव्यानोदानसमाना भवत्यसौ प्राणः ।**
**स्वयमेव वृत्तिभेदाद्विकृतिभेदात्सुवर्णसलिलादिवत् ॥ ९६ ॥**

જેમ સોનાના જુદા જુદા આકાર(નાં ઘરેણાં) બનવાથી તેનાં જુદાં જુદાં નામ પડે છે અને જેમ પાણીની જુદી જુદી અવસ્થામાં તેનાં જુદાં જુદાં નામ પડે છે, તેમ પ્રાણનાં પણ જુદા જુદા વ્યાપારોના કારણે પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન એવાં નામ છે.

સૂક્ષ્મ શરીર

**वागादिपञ्च श्रवणादिपञ्च प्राणादिपञ्चाभ्रमुखानि पञ्च ।**
**बुद्ध्याद्यविद्यापि च कामकर्मणी पुर्यष्टकं सूक्ष्मशरीरमाहुः ॥ ९७ ॥**

(૧) વાણી વગેરે પાંચ કર્મેંદ્રિયો, (૨) કાન વગેરે પાંચ જ્ઞાનેંદ્રિયો, (૩) પાંચ પ્રાણો, (૪) આકાશ વગેરે પાંચ ભૂત, (૫) બુદ્ધિ વગેરે ચાર અંતઃકરણ, (૬) અજ્ઞાન, (૭) ઇચ્છા અને (૮) કર્મ—આ આઠના સમૂહને 'સૂક્ષ્મ શરીર' કહે છે.

**इदं शरीरं शृणु सूक्ष्मसंज्ञितं लिङ्गं त्वपञ्चीकृतभूतसंभवम् ।**
**सवासनं कर्मफलानुभावकं स्वाज्ञानतोऽनादिरुपाधिरात्मनः ॥९८ ॥**

સૂક્ષ્મ શરીરનું નામ 'લિંગ શરીર' પણ છે. એ અપંચીકૃત (ભેગાં નહિ થયેલાં–સૂક્ષ્મ) ભૂતો(આકાશ, પવન, તેજ, પાણી અને પૃથ્વી)માંથી ઊપજ્યું છે, વાસના-

વાળું છે અને જીવને કર્મનું ફળ ભોગવાવે છે; અને આત્માને પોતાના સ્વરૂપનું જ્ઞાન હોતું નથી, તેથી એ આત્માને અનાદિ કાળની ઉપાધિરૂપ છે.

स्वप्नो भवत्यस्य विभक्त्यवस्था स्वमात्रशेषेण विभाति यत्र ।
स्वप्ने तु बुद्धिः स्वयमेव जाग्रत्कालीननानाविधवासनाभिः ॥ ९९ ॥
कर्त्रादिभावं प्रतिपद्य राजते यत्र स्वयं भाति ह्ययं परात्मा ।
धीमात्रकोपाधिरशेषसाक्षी न लिप्यते तत्कृतकर्मलेशैः ।
यस्मादसंगस्तत एव कर्मभिर्न लिप्यते किञ्चिदुपाधिना कृतैः ॥१००॥

એની જુદી અવસ્થા સ્વપ્ન છે, જેમાં માત્ર પોતે બાકી રહેલ તરીકે ભાસે છે; અને એ વખતે બુદ્ધિ પોતે જ જાગ્રત અવસ્થાની અનેક પ્રકારની વાસનાઓથી કર્તાપણું વગેરે સ્વીકારીને જણાય છે. આત્મા તો સર્વનો સાક્ષી છે, બુદ્ધિ જ એને માત્ર ઉપાધિરૂપ છે; આથી બુદ્ધિએ કરેલાં કર્મોથી એ જરા પણ બંધાતો નથી; કારણ તે આત્મા અસંગ છે (એને કોઈનો સંગ જ નથી). આથી જ બુદ્ધિએ કરેલાં કર્મોના લેશથી પણ એ લેપાતો નથી.

सर्वव्यापृतिकरणं लिङ्गमिदं स्याच्चिदात्मनः पुंसः ।
वास्यादिकमिव तक्ष्णस्तेनैवात्मा भवत्यसङ्गोऽयम् ॥ १०१ ॥

એ લિંગ દેહ ચૈતન્યરૂપ આત્માને દરેક કામમાં સાધનરૂપ છે–જેમ સુતારનું સાધન વાંસલો વગેરે છે (એટલે કે બધાં કામો લિંગ દેહથી જ થાય છે). અને તેથી આત્મા પોતે અસંગ છે.

अन्धत्वमन्दत्वपटुत्वधर्माः सौगुण्यवैगुण्यवशाद्धि चक्षुषः ।
बाधिर्यमूकत्वमुखास्तथैव श्रोत्रादिधर्मा न तु वेत्तुरात्मनः ॥१०२॥

માણસ દેખતો કે આંધળો, બહેરો કે મૂંગો, મૂર્ખ

કે વિદ્વાન વગેરે ધર્મવાળો કહેવાય છે, તે તેની આંખ, કાન વગેરે ઇંદ્રિયોને કારણે જ કહેવાય છે. એ બધા ધર્મ સર્વસાક્ષી આત્માના નથી, ઇંદ્રિયોના છે.

પ્રાણના ધર્મ

उच्छ्वासनिःश्वासविजृम्भणक्षुत्प्रस्यन्दनाद्युत्क्रमणादिकाः क्रियाः ।
प्राणादिकर्माणि वदन्ति तज्ज्ञाः प्राणस्य धर्मावशनापिपासे ॥१०३॥

શ્વાસ, ઉચ્છ્વાસ, બગાસું, છીંક, મળમૂત્રને બહાર કાઢવાં, એક શરીરમાંથી લિંગ દેહને મૃત્યુ વખતે બીજા શરીરમાં લઈ જવો વગેરે ક્રિયાઓ પણ પ્રાણની જ છે; એમ તત્ત્વને જાણનારાઓ કહે છે; તેમ જ ભૂખ અને તરસ પણ પ્રાણના જ ધર્મ છે (આત્માના નહિ).

અહંકાર

अन्तःकरणमेतेषु चक्षुरादिषु वर्ष्मणि ।
अहमित्यभिमानेन तिष्ठत्याभासतेजसा ॥ १०४ ॥

શરીરમાં જે આંખ વગેરે ઇંદ્રિયો છે, તેમાં અંતઃકરણ ચિદાત્માના તેજ સાથે 'હું છું' એવા અભિમાનથી રહે છે.

अहङ्कारः स विज्ञेयः कर्ता भोक्ताभिमान्ययम् ।
सत्त्वादिगुणयोगेन चावस्थात्रयमश्नुते ॥ १०५ ॥

એને જ અહંકાર જાણવો. એ જ કરનાર, ભોગવનાર અને અભિમાન કરનાર છે; અને એ જ સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણોના સંબંધથી જુદી જુદી ત્રણ અવસ્થા-(જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ)ને પામે છે.

विषयाणामानुकूल्ये सुखी दुःखी विपर्यये ।
सुखं दुःखं च तद्धर्मः सदानन्दस्य नात्मनः ॥ १०६ ॥

વિષયોની અનુકૂળતા હોય, તો તે અહંકાર પોતાને સુખી માને છે; અને વિષયોની અનુકૂળતા ન હોય તો દુઃખી

થાય છે. આ રીતે સુખ અને દુઃખ અહંકારના જ ધર્મો છે, નિત્ય આનંદરૂપ આત્માના નહિ.

આત્મા સૌને પ્રિય છે

**आत्मार्थत्वेन हि प्रेयान्विषयो न स्वतः प्रियः ।**
**स्वत एव हि सर्वेषामात्मा प्रियतमो यतः ॥ १०७ ॥**

વિષયો પોતાની મેળે કોઈને ગમતા નથી, પણ આત્માને માટે જ ગમે છે; કારણ કે સૌને પોતાની મેળે જ અતિશય પ્રિય માત્ર આત્મા જ છે.

**तत आत्मा सदानन्दो नास्य दुःखं कदाचन ।**
**यत्सुषुप्तौ निर्विषय आत्मानन्दोऽनुभूयते ।**
**श्रुतिः प्रत्यक्षमैतिह्यमनुमानं च जाग्रति ॥ १०८ ॥**

આથી જ આત્મા સદા આનંદરૂપ છે. એને ક્યારેય દુઃખ નથી; કારણ કે સુષુપ્તિ અવસ્થામાં વિષયો હોતા નથી, છતાં આત્માનો આનંદ અનુભવાય છે. આ બાબતમાં વેદ, પ્રત્યક્ષ, ઇતિહાસ અને અનુમાન પ્રમાણ છે.

માયાનું સ્વરૂપ

**अव्यक्तनाम्नी परमेशशक्तिरनाद्यविद्या त्रिगुणात्मिका परा ।**
**कार्यानुमेया सुधियैव माया यया जगत्सर्वमिदं प्रसूयते ॥ १०९ ॥**

જેનું નામ 'અવ્યક્ત' છે, (સત્ત્વ, રજસ્ અને તમસ્) ત્રણ જેના ગુણો છે અને જે પરમાત્માની શક્તિ છે, એ જ 'અનાદિ અવિદ્યા' અથવા 'માયા' કહેવાય છે. એનાથી જ આ આખું જગત ઉત્પન્ન થાય છે. (એ દેખાતી નથી; પણ) બુદ્ધિમાન માણસ એના કામ ઉપરથી એનું અનુમાન કરે છે.

**सन्नाप्यसन्नाप्युभयात्मिका नो भिन्नाप्यभिन्नाप्युभयात्मिका नो ।**
**साङ्गाप्यनङ्गाप्युभयात्मिका नो महाद्भुताऽनिर्वचनीयरूपा ॥ ११० ॥**

એ માયા સત્ કે અસત્ નથી; તેમ જ (સદસત્) બેય પ્રકારની પણ નથી. વળી જુદી, ભેગી કે (ભિન્નાભિન્ન) બેય પ્રકારની પણ નથી. વળી અંગવાળી કે અંગ વગરની નથી; તેમ જ (સાંગ–અનંગ) બેય પ્રકારની પણ નથી; છતાં અત્યંત ચકિત કરે એવી અને (અનિર્વચનીય) વર્ણન કરવાને અશક્ય સ્વરૂપવાળી છે.

**शुद्धाद्वयब्रह्मविबोधनाश्या सर्पभ्रमो रज्जुविवेकतो यथा ।**
**रजस्तमःसत्त्वमिति प्रसिद्धा गुणास्तदीयाः प्रथितैः स्वकार्यैः ॥१११॥**

જેમ દોરડાને જાણવાથી સાપનો ભ્રમ ભાંગી જાય છે, તેમ શુદ્ધ અદ્વૈત બ્રહ્મનું જ્ઞાન થવાથી એ માયાનો નાશ કરી શકાય છે, પોતપોતાનાં પ્રસિદ્ધ કામો ઉપરથી જ જણાતાં સત્ત્વ, રજસ્ અને તમસ્–આ તે માયાના ગુણો છે.

રજોગુણ

**विक्षेपशक्ती रजसः क्रियात्मिका यतः प्रवृत्तिः प्रसृता पुराणी ।**
**रागादयोऽस्याः प्रभवन्ति नित्यं दुःखादयो ये मनसो विकाराः ॥११२॥**

રજોગુણની 'વિક્ષેપ' નામની શક્તિ ક્રિયારૂપ છે. એને લીધે જ જૂના કાળની પ્રવૃત્તિ પ્રસરી છે. વળી એથી જ સૌને મનના વિકારરૂપ રાગાદિ તથા દુઃખ વગેરે નિત્ય થાય છે.

**कामः क्रोधो लोभदम्भाद्यसूयाहङ्कारेर्ष्यामत्सराद्यास्तु घोराः ।**
**धर्मा एते राजसाः पुम्प्रवृत्तिर्यस्मादेषा तद्रजो बन्धहेतुः ॥११३॥**

કામ, ક્રોધ, લોભ, દંભ વગેરે; અસૂયા (બીજાના ગુણોમાં દોષનો આરોપ), અભિમાન, ઈર્ષ્યા અને મત્સર (દ્વેષ) વગેરે–આ ભયંકર ધર્મો રજોગુણના છે; જેથી જીવની આ પ્રવૃત્તિ થાય છે; માટે આ રજોગુણ આત્માને બંધનનું કારણ છે.

તમોગુણ

एषा वृत्तिर्नाम तमोगुणस्य शक्तिर्यया वस्त्ववभासतेऽन्यथा ।
सैषा निदानं पुरुषस्य संसृतेर्विक्षेपशक्तेः प्रणवस्य हेतुः ॥११४॥

જે ચીજ જેવી હોય તેના કરતાં બીજે જ રૂપે દેખાય, એ તમોગુણની 'આવરણ' નામની શક્તિ છે. જીવના સંસારનું પહેલું કારણ આ જ છે; અને રજોગુણની 'વિક્ષેપ'-શક્તિના ફેલાવાનું કારણ પણ આ જ છે.

प्रज्ञावानपि पण्डितोऽपि चतुरोऽप्यत्यन्तसूक्ष्मात्मदृग्
व्यालीढस्तमसा न वेत्ति बहुधा संबोधितोऽपि स्फुटम् ।
भ्रान्त्यारोपितमेव साधु कलयत्यालम्बते तद्गुणान् ।
हन्तासौ प्रबला दुरन्ततमसः शक्तिर्महत्यावृतिः ॥ ११५ ॥

માણસ બુદ્ધિમાન, વિદ્વાન, ચતુર અને અત્યંત સૂક્ષ્મ આત્મદૃષ્ટિવાળો હોય, તોપણ તે તમોગુણથી વ્યાપ્ત થયો હોય ત્યારે અનેક રીતે ખરી વાત સમજાવ્યા છતાં સમજતો નથી; અને ભ્રમને કારણે જૂઠા પદાર્થોને પણ સાચા માને છે અને તેના ગુણો ગ્રહણ કરે છે. અહો! જેનું પરિણામ ખરાબ છે એવા તમોગુણની એ આવરણશક્તિ મહા પ્રબળ છે!

अभावना वा विपरीतभावना संभावना विप्रतिपत्तिरस्याः ।
संसर्गयुक्तं न विमुञ्चति ध्रुवं विक्षेपशक्तिः क्षपयत्यजस्रम् ॥११६॥

એ શક્તિના સંબંધમાં આવેલાને (ઈશ્વર કે બ્રહ્મ છે જ નહીં; આવી) અભાવના, (શરીર જ આત્મા છે, એવી) વિપરીત ભાવના, (મોક્ષ વગેરે કાંઈ સંભવતું નથી, આવી) સંભાવના તથા (શાસ્ત્રમાં કહેલી વાતો સાચી હશે કે કેમ? આવી) વિપ્રતિપત્તિ ખરેખર છોડતી નથી; તેમ જ વિક્ષેપશક્તિ તેનો નિરંતર નાશ કરે છે.

**अज्ञानमालस्यजडत्वनिद्राप्रमादमूढत्वमुखास्तमोगुणाः ।**
**एतैः प्रयुक्तो नहि वेत्ति किञ्चिन्निद्रालुवत्स्तम्भवदेव तिष्ठति ॥११७॥**

અજ્ઞાન, આળસ, જડપણું, નિદ્રા, પ્રમાદ, મૂર્ખતા વગેરે દુર્ગુણો તમોગુણના છે. આથી ઘેરાયેલો માણસ કાંઈ સમજી શકતો નથી. એ તો ઊંઘણશી અને થાંભલા જેવો જ (જડ) રહે છે.

સત્ત્વગુણ

**सत्त्वं विशुद्धं जलवत्तथापि ताभ्यां मिलित्वा शरणाय कल्पते ।**
**यत्रात्मबिम्बः प्रतिबिम्बितः सन्प्रकाशयत्यर्क इवाखिलं जडम् ॥११८॥**

સત્ત્વગુણ પાણીના જેવો ઘણો પવિત્ર છે; તોપણ એ રજોગુણ અને તમોગુણ સાથે ભળી જઈને માણસને સંસારનું કારણ જ બને છે. એ સત્ત્વગુણમાં પ્રતિબિંબ (ઓછાયો) પડેલું આત્માનું બિંબ (સ્વરૂપ) સૂર્યની જેમ સર્વ પદાર્થોને બતાવે છે.

**मिश्रस्य सत्त्वस्य भवन्ति धर्मास्त्वमानिताद्या नियमा यमाद्याः ।**
**श्रद्धा च भक्तिश्च मुमुक्षुता च दैवी च सम्पत्तिरसन्निवृत्तिः ॥११९**

નિરહંકારપણું, યમ,[1] નિયમ,[2] શ્રદ્ધા, ભક્તિ, મોક્ષની ઇચ્છા, દૈવી સંપત્તિ,[3] અને જૂઠા પદાર્થોનો ત્યાગ—આ મિશ્ર (રજોગુણથી અને તમોગુણથી દબાયેલા) સત્ત્વગુણના ધર્મ છે.

---

૧ અહિંસા, સત્ય, અસ્તેય (ચોરી ન કરવી તે), બ્રહ્મચર્ય અને અપરિગ્રહ (સંગ્રહ ન કરવો તે), એ પાંચ 'યમ' છે.

૨ અંતરની અને બહારની પવિત્રતા, સંતોષ, તપ, સ્વાધ્યાય (દરરોજ શાસ્ત્રોનું વાચન) અને ઈશ્વરનું નિરંતર ધ્યાન, એ પાંચ 'નિયમ' છે.

૩ ગીતાના ૧૬ મા અધ્યાયના પહેલા ત્રણ શ્લોકમાં કહેલા 'અભય–નીડરતા' વગેરે ગુણો 'દૈવી સંપત્તિ' છે.

विशुद्धसत्त्वस्य गुणाः प्रसादः स्वात्मानुभूतिः परमा प्रशान्तिः ।
तृप्तिः प्रहर्षः परमात्मनिष्ठा यया सदानन्दरसं समृच्छति ॥१२०॥

અંતઃકરણની પ્રસન્નતા, પોતાના આત્માનો અનુભવ (વિષયસુખ વિના) પરમ શાંતિ, તૃપ્તિ (સંતોષ), અતિશય આનંદ અને પરમાત્મા ઉપર શ્રદ્ધા—એ શુદ્ધ સત્ત્વગુણના ધર્મ છે. આનાથી મુમુક્ષુ સદા આનંદરસ પામે છે.

કારણ–શરીર

अव्यक्तमेतत्त्रिगुणैर्निरुक्तं तत्कारणं नाम शरीरमात्मनः ।
सुषुप्तिरेतस्य विभक्त्यवस्था प्रलीनसर्वेन्द्रियबुद्धिवृत्तिः ॥ १२१ ॥

આ ત્રણે ગુણોથી જોડાયેલી માયા એ જ આ જીવનું 'કારણ' નામે શરીર છે. એની સુષુપ્તિ (ગાઢ નિદ્રા) નામની જુદી અવસ્થા છે, જેમાં સર્વ ઇંદ્રિયો અને બુદ્ધિની વૃત્તિઓ અત્યંત લય પામેલી હોય છે.

सर्वप्रकारप्रमितिप्रशान्तिर्बीजात्मनावस्थितिरेव बुद्धेः ।
सुषुप्तिरेतस्य किल प्रतीतिः किञ्चिन्न वेद्मीति जगत्प्रसिद्धेः ॥१२२॥

જ્યાં બધી જાતનું જ્ઞાન શમી જાય છે અને બુદ્ધિ માત્ર બીજરૂપે રહે છે એ સુષુપ્તિ અવસ્થા છે. માણસ સુષુપ્તિ અવસ્થામાંથી જાગીને કહે છે, કે 'મને કાંઈ ખબર નહોતી'—આ જ આ (અવસ્થામાં કેવળ એક જ વસ્તુરૂપે રહેલા આત્માની) ખાતરી છે.

જડ તત્ત્વ

देहेन्द्रियप्राणमनोऽहमादयः सर्वे विकारा विषयाः सुखादयः ।
व्योमादिभूतान्यखिलं च विश्वमव्यक्तपर्यन्तमिदं ह्यनात्मा ॥१२३॥

દેહ, ઇંદ્રિય, પ્રાણ, મન અને અહંકાર વગેરે બધા વિકાર; સુખ–દુઃખ વગેરે વિષય; આકાશ વગેરે પાંચભૂત અને માયા સુધીનું આખું જગત–આ બધું આત્મા નથી–

'જડ' છે.

माया मायाकार्यं सर्वं महदादि देहपर्यंतम् ।

असदिदमनात्मकं त्वं विद्धि मरुमरीचिकाकल्पम् ॥ १२४ ॥

માયા અને મહત્તત્ત્વથી માંડી દેહ સુધીનાં બધાં માયાનાં કાર્યને તું ઝાંઝવાનાં પાણી જેવાં અસત્ (મિથ્યા) અને જડ જાણ.

આત્માનું સ્વરૂપ

अथ ते संप्रवक्ष्यामि स्वरूपं परमात्मनः ।

यद्विज्ञाय नरो बन्धान्मुक्तः कैवल्यमश्नुते ॥ १२५ ॥

હવે હું તને પરમાત્માનું સ્વરૂપ કહું છું, જેને જાણી માણસ બંધનમાંથી છૂટી મોક્ષ પામે છે.

अस्ति कश्चित्स्वयं नित्यमहंप्रत्ययलंबनः ।

अवस्थात्रयसाक्षी स पञ्चकोशविलक्षणः ॥ १२६ ॥

'હું છું' એવું જે જ્ઞાન થાય છે, એ જ્ઞાનનો નિત્ય આધાર પોતે જરૂર કોઈ છે; અને એ જ 'આત્મા' છે. એ ત્રણેય અવસ્થા(જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ)નો સાક્ષી છે અને પંચકોશથી (અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એ પાંચ કોશ છે. એ માટે જુઓ શ્લોક ૧૫૬થી આગળ.) જુદો છે.

यो विजानाति सकलं जाग्रत्स्वप्नसुषुप्तिषु ।

बुद्धितद्वृत्तिसद्भावमभावमहमित्ययम् ॥ १२७ ॥

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ–એ ત્રણેય અવસ્થામાં આત્મા બુદ્ધિને, એની વૃત્તિઓને તથા વૃત્તિઓના અભાવને 'આ હું' એમ જાણે છે.

यः पश्यति स्वयं सर्वं यं न पश्यति कश्चन ।

यश्चेतयति बुद्ध्यादि न तु यं चेतयत्ययम् ॥ १२८ ॥

આત્મા પોતે બધાને જુએ છે, પણ એને કોઈ જોતું નથી; એ પોતે બુદ્ધિ વગેરેને સતેજ કરે છે, પણ બુદ્ધિ વગેરે એને સતેજ કરી શકતાં નથી.

**येन विश्वमिदं व्याप्तं यन्न व्याप्नोति किञ्चन ।**
**आभारूपमिदं सर्वं यं भान्तमनुभात्ययम् ॥ १२९ ॥**

એનાથી આખું જગત વ્યાપ્ત છે, પણ એને કોઈ વ્યાપી શકતું નથી. એ પ્રકાશે છે, તેથી તેની પાછળ આભાસ-(છાયા)રૂપે આ બધું પ્રકાશે છે.

**यस्य सन्निधिमात्रेण देहेन्द्रियमनोधियः ।**
**विषयेषु स्वकीयेषु वर्तन्ते प्रेरिता इव ॥ १३० ॥**

એના માત્ર સામીપ્યથી દેહ, ઇંદ્રિય, મન અને બુદ્ધિ પોતપોતાના વિષયોમાં જાણે પ્રેરણા પામ્યાં હોય તેમ વર્તે છે.

**अहङ्कारादिदेहान्ता विषयाश्च सुखादयः ।**
**वेद्यन्ते घटवद्येन नित्यबोधस्वरूपिणा ॥ १३१ ॥**

નિત્ય જ્ઞાનસ્વરૂપ એ આત્માના હોવાથી જ અહંકારથી માંડી દેહ સુધીના પદાર્થો, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ વગેરે વિષયો અને સુખ વગેરે અનુભવાય છે; જેમ પ્રકાશમાં ઘડો અનુભવાય છે તેમ.

**एषोऽन्तरात्मा पुरुषः पुराणो निरन्तराखण्डसुखानुभूतिः ।**
**सदैकरूपः प्रतिबोधमात्रो येनेषिता वागसवश्चरन्ति ॥ १३२ ॥**

આ અંતરાત્મા નિરંતર અખંડ સુખના અનુભવરૂપ અને પુરાણ (અનાદિ) પુરુષ છે; જે હમેશાં એકરૂપ અને માત્ર જ્ઞાનસ્વરૂપ છે. એની જ પ્રેરણા પામેલી ઇંદ્રિયો અને પ્રાણ ચાલે છે.

**अत्रैव सत्त्वात्मनि धीगुहायामव्याकृताकाश उरुप्रकाशः ।**
**आकाश उच्चै रविवत्प्रकाशते स्वतेजसा विश्वमिदं प्रकाशयन् ॥१३३॥**

સત્ત્વગુણવાળા અંતઃકરણની અંદર 'કારણ શરીર'માં સ્વયંપ્રકાશરૂપ ચેતન આકાશ છે, એ જ આત્મા છે. એ ઊંચે આકાશમાં રહેલા સૂર્યની જેમ પોતાના તેજથી આખા જગતને અજવાળતો પ્રકાશે છે.

ज्ञाता मनोऽहंकृतिविक्रियाणां देहेन्द्रियप्राणकृतक्रियाणाम् ।
अयोऽग्निवत्तानुवर्तमानो न चेष्टते नो विकरोति किञ्चन ॥ १३४ ॥

એ આત્મા મન અને અહંકારરૂપ વિકારને તથા દેહ, ઇંદ્રિય અને પ્રાણની ક્રિયાઓને જાણે છે. તપાવેલા લોઢાના ગોળામાં રહેલો અગ્નિ જેમ કાંઈ પણ ક્રિયા કરતો નથી, તેમ આત્મા પણ એ બધામાં રહ્યો હોવા છતાં પોતે કાંઈ કરતો નથી તેમ વિકાર પણ પામતો નથી.

न जायते नो म्रियते न वर्धते न क्षीयते नो विकरोति नित्यः ।
विलीयमानेऽपि वपुष्यमुष्मिन्न लीयते कुम्भ इवाम्बरं स्वयम् ॥ १३५ ॥

આત્મા જન્મતો નથી કે મરતો પણ નથી, વધતો નથી કે ઘટતો નથી; એ નિત્ય છે, તેથી વિકાર પામતો નથી. આ દેહ નાશ પામે છે ત્યારે પણ, ઘડો ફૂટતાં એની અંદર રહેલા આકાશની પેઠે આત્મા નાશ પામતો નથી.

प्रकृतिविकृतिभिन्नः शुद्धबोधस्वभावः
सदसदिदमशेषं भासयन्निर्विशेषः ।
विलसति परमात्मा जाग्रदादिष्ववस्था
स्वहमहमिति साक्षात्साक्षिरूपेण बुद्धेः ॥ १३६ ॥

પ્રકૃતિ–માયા અને એના વિકારથી જુદો, શુદ્ધ જ્ઞાનરૂપ તથા રૂપ અને (આકાર વગેરે) વિશેષોથી રહિત, એ પરમાત્મા, સત્ અને અસત્ આ સર્વને પ્રકાશિત કરે છે અને જાગ્રત વગેરે ત્રણેય અવસ્થામાં બુદ્ધિના સાક્ષીરૂપે રહીને 'હું'રૂપે સાક્ષાત્ પ્રકાશે છે.

नियमितमनसामुं त्वं स्वमात्मानमात्म-
न्ययमहमिति साक्षाद्विद्धि बुद्धिप्रसादात् ।
जनिमरणतरङ्गापारसंसारसिन्धुं
प्रतर भव कृतार्थो ब्रह्मरूपेण संस्थः ॥ १३७ ॥

ચિત્ત ઠેકાણે રાખીને, બુદ્ધિ નિર્મળ બનાવીને, 'હું' એમ કહેનાર, પોતાના અંતઃકરણમાં રહેલ એ આત્માને તું સાક્ષાત્ જાણી લે; પછી જન્મ–મરણરૂપ તરંગવાળા આ અપાર સંસારસાગરને તરી જા અને બ્રહ્મસ્વરૂપ બની કૃતાર્થ થા.

સંસારબંધન

अत्रानात्मन्यहमिति मतिर्बन्ध एषोऽस्य पुंसः
प्राप्तोऽज्ञानाज्जननमरणक्लेशसंपातहेतुः ।
येनैवायं वपुरिदमसत्सत्यमित्यात्मबुद्ध्या
पुष्यत्युक्षत्यवति विषयैस्तंतुभिः कोशकृद्वत् ॥ १३८ ॥

માણસને દેહ વગેરે જડ વસ્તુઓમાં 'આ હું છું' એવી બુદ્ધિ થાય છે, એ જ જન્મ–મરણરૂપ દુઃખ આવવાનું કારણ અને અજ્ઞાનથી ઊપજેલું બંધન છે; એના કારણે જ આ જીવ, આ અસત્ શરીરને સત્ય માનીને એને જ આત્મા માને છે; અને તેથી જેમ રેશમનો કીડો કોશેટાને તારથી વધારતો જાય છે, તેમ વિષયોથી દેહને પોષે છે, સીંચે છે અને રક્ષે છે.

अतस्मिंस्तद्बुद्धिः प्रभवति विमूढस्य तमसा
विवेकाभावाद्वै स्फुरति भुजगे रज्जुधिषणा ।
ततोऽनर्थव्रातो निपतति समादातुरधिक-
स्ततो योऽसद्ग्राहः स हि भवति बन्धः शृणु सखे ॥१३९॥

અજ્ઞાનને કારણે જ મૂઢ માણસને અવસ્તુમાં વસ્તુબુદ્ધિ થાય છે. જેમ અજ્ઞાનને કારણે જ દોરડામાં સાપની બુદ્ધિ

થાય છે; એવી (ભ્રમિત બુદ્ધિથી) વસ્તુ ગ્રહણ કરનારને તે જ કારણે અનેક અનર્થો પ્રાપ્ત થાય છે; માટે હે મિત્ર! સાંભળ; તેવી બુદ્ધિથી અસત્યને સત્ય માની લેવું એ જ બંધન છે.

अखण्डानित्याद्वयबोधशक्त्या स्फुरन्तमात्मानमनन्तवैभवम् ।
समावृणोत्यावृतिशक्तिरेषा तमोमयी राहुरिवार्कबिम्बम् ॥१४०॥

જેમ સૂર્યના બિંબને રાહુ ઢાંકી દે છે, તેમ અખંડ, નિત્ય અને એક જ જ્ઞાનશક્તિથી પ્રકાશતા અનંત વૈભવવાળા આત્મતત્ત્વને આ તમોગુણની 'આવરણશક્તિ' ઢાંકી દે છે.

तिरोभूते स्वात्मन्यमलतरतेजोवति पुमा-
ननात्मानं मोहादहमिति शरीरं कलयति ।
ततः कामक्रोधप्रभृतिभिरमुं बंधनगुणैः
परं विक्षेपाख्या रजस उरुशक्तिर्व्यथयति ॥ १४१ ॥

અતિ નિર્મળ તેજવાળું આત્મતત્ત્વ ઢંકાઈ જાય છે, ત્યારે મોહને કારણે જીવ, જડ દેહને જ 'આ હું છું' એમ માને છે, અને તેથી રજોગુણની 'વિક્ષેપ' નામની મહાન શક્તિ, કામ-ક્રોધ વગેરે પોતાના બંધનકારક ગુણોથી એને હેરાન કરે છે.

महामोहग्राहग्रसनगलितात्मावगमनो ।
धियो नानावस्थां स्वयमभिनयंस्तद्गुणतया ॥
अपारे संसारे विषयविषपूरे जलनिधौ ।
निमज्योन्मज्यायं भ्रमति कुमतिः कुत्सितगतिः ॥ १४२ ॥

પછી હલકી ગતિવાળો થયેલો કુબુદ્ધિ આ જીવ, વિષયરૂપી ઝેરથી ભરેલા અપાર સંસારસમુદ્રમાં ગળકાં ખાઈને મહામોહરૂપી ઝૂડે ગળવાથી આત્મજ્ઞાનથી ભ્રષ્ટ થાય છે; અને બુદ્ધિની અનેક અવસ્થાઓને તેના ગુણો તરીકે

પોતે જ દેખાવ કરતો ભમ્યા કરે છે.

भानुप्रभासंजनिताभ्रपङ्क्तिर्भानुं तिरोधाय विजृम्भते यथा ।
आत्मोदिताहङ्कृतिरात्मतत्त्वं तथा तिरोधाय विजृम्भते स्वयम् ॥१४३

જેમ સૂર્યના તેજથી ઊપજેલાં વાદળાં સૂર્યને જ ઢાંકીને પોતે વિશેષ જણાય છે, તેમ આત્માથી ઊપજેલો અહંકાર આત્માને જ ઢાંકીને પોતે વિશેષ જણાય છે.

'આવરણ-શક્તિ' અને 'વિક્ષેપ-શક્તિ'

कवलितदिननाथे दुर्दिने सान्द्रमेघै-
र्व्यथयति हिमझञ्झावायुरुग्रो यथैतान् ।
अविरततमसात्मन्यावृते मूढबुद्धिं
क्षपयति बहुदुःखैस्तीव्रविक्षेपशक्तिः ॥ १४४ ॥

જેમ ચોમાસામાં ઘાટાં વાદળાંઓથી સૂર્ય ઢંકાઈ જાય છે, ત્યારે ઉગ્ર ઠંડો વંટોળિયો આ લોકોને હેરાન કરે છે, તેમ ગાઢ તમોગુણથી (એટલે તેની આવરણશક્તિથી) આત્મા ઢંકાઈ જાય છે, ત્યારે મૂઢબુદ્ધિ માણસને (રજોગુણની) તીવ્ર 'વિક્ષેપ'શક્તિ અનેક દુઃખોથી હેરાન કરે છે.

एताभ्यामेव शक्तिभ्यां बन्धः पुंसः समागतः ।
याभ्यां विमोहितो देहं मत्वात्मानं भ्रमत्ययम् ॥ १४५ ॥

આ બંને શક્તિથી જ જીવને બંધન આવ્યું છે અને એ બેથી જ મોહિત થઈ દેહને આત્મા માની સંસારચક્રમાં તે ભમ્યા કરે છે.

સંસાર-સ્વરૂપ

बीजं संसृतिभूमिजस्य तु तमो देहात्मधीरङ्कुरो
रागः पल्लवमम्बु कर्म तु वपुः स्कन्धोऽसवः शाखिकाः ।
अग्राणीन्द्रियसंहतिश्च विषयाः पुष्पाणि दुःखं फलं
नानाकर्मसमुद्भवं बहुविधं भोक्तात्र जीवः खगः ॥ १४६ ॥

'અજ્ઞાન' સંસારરૂપી વૃક્ષનું બીજ છે; 'દેહને આત્મા માનવો' એ તેનો ફણગો છે; 'મોહ' એ તે વૃક્ષનાં પાંદડાં છે; 'કર્મ' એ (વૃક્ષને પોષણ આપનારું) પાણી છે; 'શરીર' એનું થડ છે; 'પ્રાણો' એ એની ડાળીઓ છે; 'ઇંદ્રિયોનો સમુદાય' એ તેની અણીઓ છે; 'વિષયો' એ એનાં ફૂલ છે; 'અનેક કર્મોથી ઊપજતાં દુઃખ' એ એનાં અનેક જાતનાં ફળ છે; અને એ ફળને એ ઝાડ ઉપર રહેલું જીવરૂપી પક્ષી ખાય છે.

अज्ञानमूलोऽयमनात्मबन्धो नैसर्गिकोऽनादिरनन्त ईरितः ।
जन्माप्ययव्याधिजरादिदुःखप्रवाहपातं जनयत्यमुष्य ॥ १४७ ॥

અજ્ઞાનરૂપ મૂળવાળું આ સંસારબંધન સ્વાભાવિક, અનાદિ અને અનંત કહેવાય છે; અને એ જ જીવને જન્મ, મરણ, વ્યાધિ અને ઘડપણ વગેરે દુઃખના પ્રવાહમાં નાખે છે.

આત્મા અને દેહના ભેદજ્ઞાનની જરૂર

नास्त्रैर्न शस्त्रैरनिलेन वह्निना छेत्तुं न शक्यो न च कर्मकोटिभिः ।
विवेकविज्ञानमहासिना विना धातुः प्रसादेन सितेन मञ्जुना ॥१४८॥

વિધાતાની કૃપાથી મળતાં વિવેકજ્ઞાન એટલે જડ અને ચેતનના ભેદજ્ઞાનરૂપી ઉજ્જવળ અને સુંદર મોટી તલવાર વિના કોઈ અસ્ત્રથી, શસ્ત્ર(હથિયાર)થી કે પવન અથવા અગ્નિથી અને કરોડો ઉપાયોથી પણ એ બંધન કાપી શકાતું નથી.

श्रुतिप्रमाणैकमतेः स्वधर्मनिष्ठा तयैवात्मविशुद्धिरस्य ।
विशुद्धबुद्धेः परमात्मवेदनं तेनैव संसारसमूलनाशः ॥ १४९ ॥

વેદનાં પ્રમાણોમાં જ બુદ્ધિવાળાને પોતાના ધર્મમાં શ્રદ્ધા ઊપજે છે, અને એથી જ એનું ચિત્ત શુદ્ધ થાય છે; એમ જેનું ચિત્ત શુદ્ધ થયું હોય, એને જ પરમાત્માનું જ્ઞાન થાય છે અને એથી જ સંસારનો મૂળ સાથે નાશ થાય છે.

कोशैरन्नमयाद्यैः पञ्चभिरात्मा न संवृतो भाति ।
निजशक्तिसमुत्पन्नैः शैवलपटलैरिवाम्बु वापिस्थम् ॥ १५० ॥

જેમ પાણીમાંથી ઊપજેલી શેવાળથી જ વાવનું પાણી ઢંકાઈને દેખાતું નથી, તેમ પોતાની શક્તિથી જ ઊપજેલા 'અન્નમય' વગેરે પાંચ કોશોથી ઢંકાયેલો આત્મા દેખાતો નથી.

तच्छैवालापनये सम्यक् सलिलं प्रतीयते शुद्धम् ।
तृष्णासन्तापहरं सद्यः सौख्यप्रदं परं पुंसः ॥ १५१ ॥
पञ्चानामपि कोशानामपवादे विभात्ययं शुद्धः ।
नित्यानन्दैकरसः प्रत्यग्रूपः परं स्वयं ज्योतिः ॥ १५२ ॥

જેમ શેવાળ દૂર કરતાં માણસની તરસને તથા તાપને દૂર કરનારું અને તરત જ સુખ આપનારું શુદ્ધ પાણી સારી રીતે દેખાય છે, તેમ એ પાંચેય કોશોનો ભ્રમ દૂર થતાં શુદ્ધ, નિત્ય, આનંદરૂપ એક રસવાળો અંતર્યામી, સ્વયં-પ્રકાશ પરમાત્મા દેખાય છે.

आत्मानात्मविवेकः कर्तव्यो बन्धमुक्तये विदुषा ।
तेनैवानन्दी भवति स्वं विज्ञाय सच्चिदानन्दम् ॥ १५३ ॥

સંસાર–બંધનથી છૂટવા માટે વિદ્વાને 'આત્મા જડ દેહથી જુદો છે' એમ સમજવું જોઈએ; કેમ કે એથી જ પોતાને સત્, ચિત્ત અને આનંદ( સચ્ચિદાનંદ )રૂપ સમજીને આનંદી થાય છે.

### મુક્ત કોણ ?

मुञ्जादिषीकामिव दृश्यवर्गात्प्रत्यञ्चमात्मानमसङ्गमक्रियम् ।
विविच्य तत्र प्रविलाप्य सर्वं तदात्मना तिष्ठति यः स मुक्तः ॥१५४॥

જે માણસ પ્રત્યેકમાં રહેલ છતાં અસંગ અને નિષ્ક્રિય આત્માને, જેમ મુંજની સળીને મુંજથી જુદી સમજે, તેમ દેખાતા સર્વ પદાર્થોથી જુદો સમજી બધી વસ્તુઓને

આત્મામાં જ લય પમાડી પોતે તે આત્મારૂપે જ રહે છે, એ મુક્ત છે.

અન્નમયકોશ

देहोऽयमन्नभवनोऽन्नमयस्तु कोश-
श्चान्नेन जीवति विनश्यति तद्विहीनः ।
त्वक्चर्ममांसरुधिरास्थिपुरीषराशि-
र्नायं स्वयं भवितुमर्हति नित्यशुद्धः ॥ १५५ ॥

અન્નથી ઊપજનારો આ દેહ જ 'અન્નમયકોશ' છે; કારણ કે એ અન્નથી જ જીવે છે અને અન્ન વિના નાશ પામે છે. ત્વચા, ચામડી, માંસ, લોહી, હાડકાં અને મળ વગેરેનો સમૂહ આ દેહ પોતે નિત્ય શુદ્ધ આત્મા તરીકે થવાને યોગ્ય નથી.

पूर्वं जनेरपि मृतेरपि नायमस्ति
जातः क्षणं क्षणगुणोऽनियतस्वभावः ।
नैको जडश्च घटवत्परिदृश्यमानः
स्वात्मा कथं भवति भावविकारवेत्ता ॥ १५६ ॥

આ અન્નમયકોશ અથવા દેહ જન્મ પહેલાં અને મૃત્યુ પછી હોતો નથી; ક્ષણમાં જન્મ્યો છે, એના ગુણો પણ ક્ષણિક[૧] છે અને એનો સ્વભાવ ચંચળ છે. એ અનેક છે તથા જડ છે; અને ઘડાની પેઠે દૃશ્ય[૨] પદાર્થ છે; તેથી એ દેહ ભાવો અને વિકારોને જાણનારો પોતાનો આત્મા કેમ હોઈ શકે?

पाणिपादादिमान्देहो नात्मा व्यङ्गेऽपि जीवनात् ।
तत्तच्छक्तेरनाशाच्च न नियम्यो नियामकः ॥ १५७ ॥

હાથ, પગ વગેરે અંગોવાળું આ શરીર આત્મા નથી;

૧ થોડી વાર જ રહે એવાં. ૨ જે નજરે જોઈ શકાય એવો. (જેનું રૂપ આંખથી જોઈ શકાય એવું હોય એ અનિત્ય–વિનાશી છે.)

કારણ કે તેનું કોઈ અંગ ઓછું થાય છે, તોપણ તે જીવે છે; અને તેની શક્તિનો નાશ થતો નથી. વળી તે આત્માના હુકમ પ્રમાણે ચાલે છે; તેથી એ પોતે હુકમ કરનાર (આત્મા) કેમ થઈ શકે?

देहतद्धर्मतत्कर्मतदवस्थादिसाक्षिणः ।
स्वत एव स्वतः सिद्धं तद्वैलक्षण्यमात्मनः ॥ १५८ ॥

દેહ, એના ધર્મ, એનાં કર્મ તથા એની અવસ્થાઓ– વગેરેના સાક્ષી આત્માની એ બધાંથી વિલક્ષણતા પોતાથી જ સ્વતઃસિદ્ધ છે.

कुल्यराशिर्मांसलिप्तो मलपूर्णोऽतिकश्मलः ।
कथं भवेदयं वेत्ता स्वयमेतद्विलक्षणः ॥ १५९ ॥

હાડકાંના ઢગ જેવો, માંસથી લીંપેલો, મળમૂત્રથી ભરેલો અને અતિશય ગંદો આ દેહ આત્મા કેમ બની શકે? કારણ કે આત્મા પોતે એ દેહથી જુદાં જ લક્ષણવાળો છે.

त्वङ्मांसमेदोऽस्थिपुरीषराशावहंमतिं मूढजनः करोति ।
विलक्षणं वेत्ति विचारशीलो निजस्वरूपं परमार्थभूतम् ॥ १६० ॥

ત્વચા, માંસ, મેદ, હાડકાં અને મળમૂત્રના ઢગલા જેવા આ દેહમાં મૂઢ માણસ જ 'અહં'ભાવ કરે છે. વિચારશીલ માણસ તો પોતાનું ખરું સ્વરૂપ એનાથી જુદું જ સમજે છે.

देहोऽहमित्येव जडस्य बुद्धिर्देहे च जीवे विदुषस्त्वहंधीः ।
विवेकविज्ञानवतो महात्मनो ब्रह्माहमित्येव मतिः सदात्मनि ॥१६१

'આ દેહ એ જ હું છું' એવી બુદ્ધિ જડની હોય છે. વિદ્વાન માણસનીબુદ્ધિ દેહ તથા જીવ એ બંનેમાં 'અહં'-ભાવવાળી હોય છે; પણ વિવેક–જ્ઞાનવાળા મહાત્માની બુદ્ધિ તો 'હું બ્રહ્મ છું' એમ સદા આત્મામાં જ હોય છે.

अत्रात्मबुद्धिं त्यज मूढबुद्धे त्वङ्मांसमेदोऽस्थिपुरीषराशौ ।
सर्वात्मनि ब्रह्मणि निर्विकल्पे कुरुष्व शान्तिं परमां भजस्व ॥१६२॥

અરે મૂર્ખ ! ચામડી, માંસ, મેદ, હાડકાં અને મળ-મૂત્રના ઢગલારૂપ આ દેહમાં તું આત્મબુદ્ધિ તજી દે; અને દરેકના આત્મારૂપ નિર્વિકલ્પ[1] બ્રહ્મમાં જ આત્મબુદ્ધિ કર અને પરમ શાંતિ પામ.

देहेन्द्रियादावसति भ्रमोदितां विद्वानहन्तां न जहाति यावत् ।
तावन्न तस्यास्ति विमुक्तिवार्ताप्यस्त्वेष वेदान्तनयान्तदर्शी ॥१६३॥

વિદ્વાન, આ અસત્ દેહ અને ઇંદ્રિયો વગેરેમાં જ્યાં સુધી 'અહંતા' છોડતો નથી, ત્યાં સુધી એ વેદાંત શાસ્ત્રના પારને પામ્યો હોય છતાં એના મોક્ષની વાત પણ સંભવતી નથી.

छायाशरीरे प्रतिबिम्बगात्रे यत्स्वप्नदेहे हृदि कल्पितांगे ।
यथात्मबुद्धिस्तव नास्ति काचिज्जीवच्छरीरे च तथैव मास्तु ॥१६४॥

જેમ છાયા, પ્રતિબિંબ, સ્વપ્ન અને મનમાં જોયેલા શરીરમાં કોઈ પ્રકારે તને આત્મબુદ્ધિ થતી નથી, એ જ રીતે આ જીવતા શરીરમાં પણ તને આત્મબુદ્ધિ ન થાઓ.

देहात्मधीरेव नृणामसद्धियां जन्मादिदुःखप्रभवस्य बीजम् ।
यतस्ततस्त्वं जहि तां प्रयत्नात् त्यक्ते तु चित्ते न पुनर्भवाशा ॥१६५॥

દેહમાં આત્મબુદ્ધિ એ જ દુષ્ટ બુદ્ધિવાળા મનુષ્યોને જન્માદિ દુઃખોનું કારણ—આ સંસારનું બીજ બને છે; માટે એ બુદ્ધિને તું પ્રયત્નથી તજી દે; કેમ કે ચિત્તમાં એનો ત્યાગ થતાં ફરી જન્મની આશા નહિ રહે.

### પ્રાણમયકોશ

कर्मेन्द्रियैः पञ्चभिरञ्चितोऽयं प्राणो भवेत्प्राणमयस्तु कोशः ।
येनात्मवानन्नमयोऽन्नपूर्णः प्रवर्ततेऽसौ सकलक्रियासु ॥ १६६ ॥

---

૧ જેને કોઈ પણ પ્રકારથી વર્ણવી શકાય નહિ, તે 'નિર્વિકલ્પ'.

પાંચ કર્મેન્દ્રિયો સહિત આ પ્રાણ એ જ 'પ્રાણમયકોશ' છે. આ અન્નમય કોશ(દેહ) એ પ્રાણમયકોશ સાથે જોડાઈ જીવયુક્ત થઈ અન્નપૂર્ણ બની અને દરેક ક્રિયાઓમાં પ્રવર્તે છે.

नैवात्मापि प्राणमयो वायुविकारो
गन्तागन्ता वायुवदन्तर्बहिरेषः ।
यस्मात्किञ्चित्क्वापि न वेत्तीष्टमनिष्टं
स्वं वान्यं वा किञ्चन नित्यं परतन्त्रः ॥ १९७ ॥

એ 'પ્રાણમયકોશ' પણ આત્મા નથી; કારણ કે એ તો પવનનો વિકાર છે અને પવનની જેમ જ શરીરની અંદર અને બહાર જાય-આવે છે. વળી એ નિત્ય પરતંત્ર છે અને હિત-અહિત, પોતાનું કે પારકું એવું કાંઈ જાણતો નથી.

મનોમયકોશ

ज्ञानेन्द्रियाणि च मनश्च मनोमयः स्यात्
कोशो ममाहमिति वस्तुविकल्पहेतुः ।
संज्ञादिभेदकलनाकलितो बलीयां-
स्तत्पूर्वकोशमभिपूर्य विजृम्भते यः ॥ १९८ ॥

પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન મળી 'મનોમય કોશ' બને છે. ''આ હું અને મારું'' એવી વસ્તુના વિચારનું કારણ મનોમયકોશ જ છે. દરેક વસ્તુઓનાં નામ વગેરે ભેદની કલ્પના પણ એ જ કરે છે. ઉપર જણાવેલા બન્ને કોશને આ વશ રાખે છે, તેથી વધારે બળવાન છે; તથા પ્રાણમયકોશની અંદર રહી પ્રકાશે છે.

पञ्चेन्द्रियैः पञ्चभिरेव होतृभिः प्रचीयमानो विषयाज्यधारया ।
जाज्वल्यमानो बहुवासनेन्धनैर्मनोमयाग्निर्दहति प्रपंचम् ॥ १९९ ॥

આ મનોમય કોશ જાણે કે એક અગ્નિ છે; પાંચ

જ્ઞાનેંદ્રિયો એ અગ્નિમાં હોમ કરનાર છે; પાંચ વિષયો એ હોમવાનું ઘી છે અને વાસનાઓ એ ઇંધણાં છે. એ ઇંધણાં-થી એ અગ્નિ વધારે સળગે છે અને આખા સંસારને બાળી મૂકે છે. ( અર્થાત્ જ્યારે ઇંદ્રિયો પોતે વાસનારૂપી ઇંધણાં-થી સળગાવેલા મનોમય અગ્નિમાં વિષયોરૂપી ઘી હોમે છે, ત્યારે એ મનોમય અગ્નિ આખા સંસારમાં ભભૂકી ઊઠે છે.)

न ह्यस्त्यविद्या मनसोऽतिरिक्ता मनो ह्यविद्या भवबन्धहेतुः ।
तस्मिन्विनष्टे सकलं विनष्टं विजृम्भितेऽस्मिन्सकलं विजृम्भते ॥१७०॥

અવિદ્યા એ મનથી જુદી નથી; મન એ જ સંસાર-બંધન-નું કારણ અવિદ્યા છે. એ મન નાશ પામ્યું હોય, તો બધું નાશ પામ્યું જ છે, પણ એ જો ભાસે છે, તો આ બધું ભાસે જ છે.

स्वप्नेऽथ शून्ये सृजति स्वशक्त्या भोक्त्रादि विश्वं मन एव सर्वम् ।
तथैव जाग्रत्यपि नो विशेषस्तत्सर्वमेतन्मनसो विजृम्भणम् ॥१७१॥

સ્વપ્ન એ સત્ય નથી, છતાં મન એ સ્વપ્નમાં પોતાની શક્તિથી ભોક્તા વગેરે બધું જગત બનાવે છે. એ જ રીતે જાગ્રત અવસ્થામાં પણ ખરી રીતે કાંઈ છે જ નહિ. આ બધું જે દેખાય છે, એ માત્ર મનનો જ વિલાસ છે.

सुषुप्तिकाले मनसि प्रलीने नैवास्ति किञ्चित्सकलप्रसिद्धेः ।
अतो मनःकल्पित एव पुंसः संसार एतस्य न वस्तुतोऽस्ति ॥१७२॥

સુષુપ્તિના સમયે મન જ્યારે લીન થઈ જાય છે, ત્યારે કાંઈ હોતું જ નથી; આ વાત સર્વ લોકમાં પ્રસિદ્ધ છે; માટે આ જીવને જે સંસાર જણાય છે, તે મનની જ કલ્પેલી વસ્તુ છે, ખરી રીતે કાંઈ છે જ નહિ.

वायुना नीयते मेघः पुनस्तेनैव नीयते ।
मनसा कल्प्यते बन्धो मोक्षस्तेनैव कल्प्यते ॥ १७३ ॥

વાદળાં વાયુથી જ લઈ જવાય છે અને પાછાં લઈ

અવાય છે; એ જ રીતે મનથી જ સંસારરૂપ બંધન રચાય છે, અને તેનાથી જ મોક્ષ કલ્પાય છે.

देहादिसर्वविषये परिकल्प्य रागं
बध्नाति तेन पुरुषं पशुवद्गुणेन ।
वैरस्यमत्र विषवत्सु विधाय पश्चा-
देनं विमोचयति तन्मन एव बन्धात् ॥ १७४ ॥

જેમ દોરડાંથી પશુને બાંધે, તેમ આ મન જ દેહ વગેરે સર્વ વસ્તુઓમાં મોહ ઉપજાવી એનાથી જીવને (પ્રથમ) બાંધે છે; અને પછી ઝેર જેવા આ વિષયોમાં વિરાગ (અભાવો) ઉપજાવી એ બંધનથી એને છોડાવે છે.

तस्मान्मनः कारणमस्य जन्तो-
र्बन्धस्य मोक्षस्य च वा विधाने ।
बन्धस्य हेतुर्मलिनं रजोगुणै-
र्मोक्षस्य शुद्धं विरजस्तमस्कम् ॥ १७५ ॥

માટે મન જ આ જીવને બંધન અને મોક્ષ કરવામાં કારણ છે. જ્યારે રજોગુણથી મેલું હોય ત્યારે જીવને બંધનું કારણ થાય છે. અને રજોગુણ તથા તમોગુણથી રહિત થઈ શુદ્ધ બન્યું હોય, ત્યારે જીવને મોક્ષનું કારણ થાય છે.

विवेकवैराग्यगुणातिरेकाच्छुद्धत्वमासाद्य मनो विमुक्त्यै ।
भवत्यतो बुद्धिमतो मुमुक्षोस्ताभ्यां दृढाभ्यां भवितव्यमग्रे ॥ १७६॥

વિવેક અને વૈરાગ્ય ગુણના વધવાથી મન શુદ્ધિ પામીને મુક્તિ માટે થાય છે; માટે બુદ્ધિમાન મુમુક્ષુના એ બે ગુણો જ પ્રથમ દૃઢ થવા જોઈએ.

मनो नाम महाव्याघ्रो विषयारण्यभूमिषु ।
चरत्यत्र न गच्छन्तु साधवो ये मुमुक्षवः ॥ १७७ ॥

પાંચ વિષય (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ) એ

એક વન છે. તેમાં 'મન' નામનો વાઘ ફર્યા કરે છે; માટે મુમુક્ષુ સજ્જનોએ તે વનમાં ન જવું.

मनः प्रसूते विषयानशेषान्स्थूलात्मना सूक्ष्मतया च भोक्तुः ।
शरीरवर्णाश्रमजातिभेदान्गुणक्रियाहेतुफलानि नित्यम् ॥ १७८ ॥

નાનામોટા દરેક વિષયોને તથા આ શરીર, વર્ણ–બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર; આશ્રમ–બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત; જાતિ વગેરે ભેદો અને ગુણ, ક્રિયા, કારણ તથા ક્રિયાનાં ફળ વગેરેને મન જ ભોક્તા (જીવ) માટે નિત્ય સર્જે છે.

असङ्गचिद्रूपममुं विमोह्य देहेन्द्रियप्राणगुणैर्निबध्य ।
अहंममेति भ्रमयत्यजस्रं मनः स्वकृत्येषु फलोपभुक्तिषु ॥ १७९ ॥

ચેતન આ આત્મા તો સંગરહિત જ છે, છતાં તેને મોહિત કરી દેહ, ઇંદ્રિય, પ્રાણ વગેરે ગુણોથી[1] 'હું અને મારું' એમ તેમાં બાંધી આ મન જ પોતે ઊભાં કરેલાં કામો માટે તથા તેનાં ફળ ભોગવાવવા માટે નિરંતર ભમાવે છે.

अध्यासदोषात्पुरुषस्य संसृतिरध्यासबन्धस्त्वमुनैव कल्पितः ।
रजस्तमोदोषवतोऽविवेकिनो जन्मादिदुःखस्य निदानमेतत् ॥१८०॥

ભ્રમના દોષથી જ આત્માને સંસાર લાગુ થાય છે; અને એ ભ્રમરૂપ બંધન મને જ કલ્પેલું છે; રજોગુણ અને તમોગુણના દોષવાળા અવિવેકી જીવને જન્મ વગેરે દુઃખનું મૂળ કારણ આ જ છે.

अतः प्राहुर्मनोऽविद्यां पण्डितास्तत्त्वदर्शिनः ।
येनैव भ्राम्यते विश्वं वायुनेवाभ्रमण्डलम् ॥ १८१ ॥

આથી તત્ત્વને સમજનારા વિદ્વાનો મનને જ અવિદ્યા

[1] ગુણનો બીજો અર્થ દોરી પણ થાય છે. આ બે અર્થવાળા શબ્દનો પ્રયોગ છે.

કહે છે. જેમ પવન વાદળાંને આકાશમાં આમતેમ ભમાવે છે, એમ મન જ જગતને ભમાવે છે.

तन्मनःशोधनं कार्यं प्रयत्नेन मुमुक्षुणा ।
विशुद्धे सति चैतस्मिन्मुक्तिः करफलायते ॥ १८२ ॥

માટે મુમુક્ષુએ મનને જ પ્રયત્નથી શુદ્ધ કરવું જોઈએ. એ શુદ્ધ થતાં મુક્તિ હાથમાં આવી પડેલા ફળ જેવી છે.

मोक्षैकसक्त्या विषयेषु रागं निर्मूल्य संन्यस्य च सर्वकर्म ।
सच्छ्रद्धया यः श्रवणादिनिष्ठो रजःस्वभावं स धुनोति बुद्धेः ॥१८३॥

જે માણસ મોક્ષમાં જ કેવળ આસક્તિ કરી, વિષયો પરના રાગને નિર્મૂળ કરી, સર્વ કર્મો ત્યજીને શુદ્ધ શ્રદ્ધાથી શાસ્ત્રનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરે છે, તે બુદ્ધિનો રજોગુણી સ્વભાવ દૂર કરે છે ( અને એની બુદ્ધિ સ્થિર થાય છે ).

मनोमयो नापि भवेत्परात्मा ह्याद्यन्तवत्त्वात्परिणामिभावात् ।
दुःखात्मकत्वाद्विषयत्वहेतोर्द्रष्टा हि दृश्यात्मतया न दृष्टः ॥१८४॥

આ ‘ મનોમયકોશ ’ પણ આદિ–અંતવાળો, પરિણામી સ્વભાવનો, દુઃખમય અને વિષયરૂપ હોવાથી આત્મા હોઈ શકે નહિ; કારણ કે જે દ્રષ્ટા ( જોનાર ) હોય તેને દૃશ્ય ( જોવાની ) વસ્તુરૂપે કોઈએ જોયો નથી.

### વિજ્ઞાનમયકોશ

बुद्धिर्बुद्धीन्द्रियैः सार्धं सवृत्तिः कर्तृलक्षणः ।
विज्ञानमयकोशः स्यात्पुंसः संसारकारणम् ॥ १८५ ॥

જ્ઞાનેંદ્રિયોની સાથે પોતાની વૃત્તિઓ સહિત જોડાયેલી બુદ્ધિ એ જ ‘ વિજ્ઞાનમયકોશ ’ છે. એ દરેક કામનો કર્તા પોતે જ છે, એમ માને છે અને જીવને સંસારનું કારણ થાય છે.

अनुव्रजच्चित्प्रतिबिम्बशक्तिर्विज्ञानसंज्ञः प्रकृतेर्विकारः ।
ज्ञानक्रियावानहमित्यजस्रं देहेन्द्रियादिष्वभिमन्यते भृशम् ॥१८६॥

એ 'વિજ્ઞાનમયકોશ'માં ચેતનની પ્રતિબિમ્બ-શક્તિ રહેલી જણાય છે; માયાનું જ એ કાર્ય છે તથા 'હું જ્ઞાનવાળો અને ક્રિયાવાળો છું' એમ દેહ તથા ઇંદ્રિયો વગેરે પર તે ઘણું જ અભિમાન કરે છે.

अनादिकालोऽयमहंस्वभावो जीवः समस्तव्यवहारवोढा ।
करोति कर्माण्यपि पूर्ववासनः पुण्यान्यपुण्यानि च तत्फलानि ॥१८७
भुङ्क्ते विचित्रास्वपि योनिषु व्रजन्नायाति निर्यात्यध ऊर्ध्वमेषः ।
अस्यैव विज्ञानमयस्य जाग्रत्स्वप्नाद्यवस्था सुखदुःखभोगः ॥१८८॥
देहादिनिष्ठाश्रमधर्मकर्मगुणाभिमानं सततं ममेति ।
विज्ञानकोशोऽयमतिप्रकाशः प्रकृष्टसान्निध्यवशात्परात्मनः ॥१८९॥
अतो भवत्येष उपाधिरस्य यदात्मधीः संसरति भ्रमेण ॥१९०॥

આ 'વિજ્ઞાનમયકોશ'નો સ્વભાવ અહંકાર કરવાનો છે; અને એ અનાદિ કાળનો હોઈ જીવરૂપ થઈને સમગ્ર વ્યવહારને ઉઠાવી લે છે. એ પૂર્વની વાસનાયુક્ત થઈ પાપ અને પુણ્ય કર્મ કરે છે અને તેનાં ફળો ભોગવે છે; વળી તે જુદી જુદી જાતની યોનિઓ-જુદા જુદા જન્મોમાં ભમતો ક્યારેક નીચે આવે છે અને ક્યારેક ઉપર જાય છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ-ત્રણેય અવસ્થાઓ, સુખ-દુઃખ વગેરે ભોગ, દેહ સાથે સંબંધ ધરાવતા આશ્રમો વગેરેનાં ધર્મ, કર્મ, ગુણ વગેરેનું અભિમાન અને સદાની મમતા-એ બધું આ 'વિજ્ઞાનમયકોશ'નું જ છે. આ કોશ શ્રેષ્ઠ આત્માની પાસે જ હોવાથી અતિ પ્રકાશવાળો છે તથા આત્માને ઉપાધિરૂપ છે; એના પર જે આત્મબુદ્ધિ કરે છે, તે એ ભ્રમને લીધે સંસારને પામ્યા કરે છે.

આત્મા કોણ છે?

**योऽयं विज्ञानमयः प्राणेषु हृदि स्फुरत्ययं ज्योतिः ।**
**कूटस्थः सन्नात्मा कर्ता भोक्ता भवत्युपाधिस्थः ॥ १९१ ॥**

સ્વયંપ્રકાશ,[1] વિજ્ઞાનમય તથા હૃદયની અંદર પ્રાણોમાં જે પ્રકાશે છે, તે આત્મા છે. એ નિર્વિકાર (વિકાર વગરનો) હોવા છતાં ઉપાધિમાં રહેલો હોઈ કર્તા અને ભોક્તા (કર્મ કરનાર અને તેનાં ફળ ભોગવનાર) બને છે.

**स्वयं परिच्छेदमुपेत्य बुद्धेस्तादात्म्यदोषेण परं मृषात्मनः ।**
**सर्वात्मकः सन्नपि वीक्षते स्वयं स्वतः पृथक्त्वेन मृदो घटानिव ॥१९२**

એ પરમ આત્મા મિથ્યા બુદ્ધિથી ભમીને 'એ પોતે જ છે' એમ માનવાને કારણે પોતે સર્વાત્મા (સર્વરૂપ) હોવા છતાં જેમ માટીથી ઘડા જુદા જુએ, તેમ પોતાનાથી બધું જુદું દેખે છે.

**उपाधिसम्बन्धवशात्परात्मा ह्युपाधिधर्माननुभाति तद्गुणः ।**
**अयोविकारानविकारिवह्निवत्सदैकरूपोऽपि परः स्वभावात् ॥१९३॥**

એ પરમ આત્મા સ્વભાવે તો એક જ રૂપે છે, તોપણ ઉપાધિના સંબંધને વશ થવાથી 'એના ગુણો એ પોતાના જ ગુણો છે' એમ માનીને એના ધર્મો(ઇચ્છા વગેરે)વાળો દેખાય છે; 'જેમ લોઢાની બનેલી તપાવેલી કોઈ ચીજમાં વ્યાપેલો અવિકારી અગ્નિ, એ ચીજના આકારવાળો દેખાય છે તેમ.'

મુક્તિ કેવી રીતે?

**शिष्य उवाच ।**

**भ्रमेणाप्यन्यथा वाऽस्तु जीवभावः परमात्मनः ।**
**तदुपाधेरनादित्वान्नानादेर्नाश इष्यते ॥ १९४ ॥**

---

૧ પોતાની મેળે જણાતો—જેના જ્ઞાન માટે બીજી વસ્તુની જરૂર ન હોય તે.

શિષ્ય પૂછે છે : 'હે ગુરુદેવ! ભ્રમને કારણે હો કે કોઈ બીજું કારણ હો, પણ પરમ આત્માને જ 'જીવ' બનવું પડ્યું છે, એ તો ખરી વાત; પણ એ ઉપાધિ તો અનાદિ કાળની છે; અને જે અનાદિ હોય તેનો તો નાશ થઈ શકે નહિ.

अतोऽस्य जीवभावोऽपि नित्या भवति संसृतिः ।
न निवर्तेत तन्मोक्षः कथं मे श्रीगुरो वद ॥ १९५ ॥

આથી આત્માને નિત્ય જીવરૂપે જ રહેવું પડે અને એનો સંસાર પણ નિત્ય હોઈ કદી દૂર ન થાય; તો હે ગુરુદેવ! એનો મોક્ષ કેવી રીતે થાય, એ મને કહો.'

આત્માના જ્ઞાનથી જ મુક્તિ

श्रीगुरुरुवाच :

सम्यक्पृष्टं त्वया विद्वन्सावधानेन तच्छृणु ।
प्रामाणिकी न भवति भ्रान्त्या मोहितकल्पना ॥ १९६ ॥

ગુરુદેવે કહ્યું : 'હે વિદ્વાન! તેં ઠીક પૂછ્યું. હવે સાવધાન થઈને તે સાંભળ: ભ્રમને લીધે ઉપજેલી મોહ-યુક્ત કલ્પના પ્રમાણભૂત હોતી નથી.

भ्रान्तिं विना त्वसंगस्य निष्क्रियस्य निराकृतेः ।
न घटेतार्थसम्बन्धो नभसो नीलतादिवत् ॥ १९७ ॥

જેમ આકાશનો વાદળી રંગ દેખાય છે, એ માત્ર ભ્રમ જ છે, તેમ સંગ વગરના, ક્રિયા વિનાના અને આકાર-રહિત આત્માને કોઈ પણ પદાર્થો (વિષયો) સાથેનો સંબંધ ભ્રમ વિના ઘટતો જ નથી.

स्वस्य द्रष्टुर्निर्गुणस्याक्रियस्य प्रत्यग्बोधानन्दरूपस्य बुद्धेः ।
भ्रान्त्या प्राप्तो जीवभावो न सत्यो मोहापाये नास्त्यवस्तु स्वभावात् ॥

સર્વનો સાક્ષી, માયાના ગુણથી રહિત, અક્રિય (કોઈ પણ જાતની ક્રિયા નહિ કરનાર) અને વ્યાપક જ્ઞાન તથા આનંદસ્વરૂપ આત્માને બુદ્ધિના ભ્રમથી જે જીવપણું આવ્યું

છે એ ખરું નથી; કારણ કે સ્વભાવથી જ એ કાંઈ વસ્તુ નથી, તેથી મોહ દૂર થતાં એ કાંઈ છે જ નહિ.

यावद् भ्रान्तिस्तावदेवास्य सत्ता मिथ्याज्ञानोज्जृम्भितस्य प्रमादात् ।
रज्ज्वां सर्पो भ्रान्तिकालीन एव भ्रान्तेर्नाशे नैव सर्पोऽपि तद्वत् ॥१९९

જ્યાં સુધી ભ્રમ હોય, ત્યાં સુધી જ દોરડામાં સાપ દેખાય છે, ભ્રમનો નાશ થયે સાપ છે જ નહિ; તેમ પ્રમાદને લીધે જ્યાં સુધી ભ્રમ છે, ત્યાં સુધી જ આત્માને મિથ્યાજ્ઞાનથી પ્રકટેલું જીવપણું છે (ભ્રમ દૂર થતાં આત્માને જીવપણું છે જ નહિ).

अनादित्वमविद्यायाः कार्यस्यापि तथेष्यते ।
उत्पन्नायां तु विद्यायामाविद्यकमनाद्यपि ॥ २०० ॥
प्रबोधे स्वप्नवत्सर्वं सहमूलं विनश्यति ।
अनाद्यपीदं नो नित्यं प्रागभाव इव स्फुटम् ॥ २०१ ॥
अनादेरपि विध्वंसः प्रागभावस्य वीक्षितः ।

માયા અને એનાં કાર્યોનું અનાદિપણું જોકે મનાય છે, પણ જેમ જાગ્યા પછી સ્વપ્ન મૂળમાંથી નાશ પામે છે, તેમ જ્ઞાન થયા પછી અવિદ્યાથી ઊપજેલું તેનું કાર્ય અનાદિ છતાં નાશ પામે છે. આ અવિદ્યાકાર્ય અનાદિ કાળનું છે, છતાં 'પ્રાગભાવ'[૧]ની પેઠે નિત્ય નથી એ ચોક્કસ છે. 'પ્રાગભાવ' અનાદિ છે, છતાં તેનો નાશ દેખાય છે.

---

૧ કોઈ પણ વસ્તુ ઊપજતાં પહેલાં એ વસ્તુનો જે 'અભાવ' હોય છે, તેનું જ નામ 'પ્રાગભાવ' છે; અને એ 'પ્રાગભાવ' અનાદિ કાળથી હોય છે; (કારણ કે જે વસ્તુ બનવાની હોય, તે પોતે તો અનાદિ કાળથી બની હોતી જ નથી.) એ વસ્તુ બન્યા પછી એનો જે અનાદિ કાળથી ચાલ્યો આવેલો 'પ્રાગભાવ' હોય છે, તે નાશ પામે છે. આથી સાબિત થાય છે કે, અનાદિ મનાતી માયા–અવિદ્યાનો પણ નાશ થઈ શકે જ.

यद्बुद्ध्युपाधिसंबंधात्परिकल्पितमात्मनि ॥ २०२

जीवत्वं न ततोऽन्यत्तु स्वरूपेण विलक्षणः ।
सम्बन्धः स्वात्मनो बुद्ध्या मिथ्याज्ञानपुरःसरः ॥ २०३ ॥

विनिवृत्तिर्भवेत्तस्य सम्यग्ज्ञानेन नान्यथा ।
ब्रह्मात्मैकत्वविज्ञानं सम्यग्ज्ञानं श्रुतेर्मतम् ॥ २०४ ॥

કારણ કે બુદ્ધિરૂપ ઉપાધિના સંબંધથી જ આત્મામાં જીવપણાની કલ્પના થઈ છે, તે સિવાય બીજું કોઈ કારણ જ નથી; કેમ કે જીવ પોતે સ્વરૂપથી વિલક્ષણ જ છે. મિથ્યાજ્ઞાનને લીધે જ પોતાના આત્માનો બુદ્ધિ સાથે સંબંધ થયો છે. ઉત્તમ પ્રકારના જ્ઞાનથી તે સંબંધ દૂર થઈ શકે છે. બીજી કોઈ રીતે નહિ; બ્રહ્મ અને આત્મા—એ બંને જુદા નથી; એક જ છે—આવું જ્ઞાન એ જ ઉત્તમ જ્ઞાન છે, આમ વેદનું માનવું છે. ('હું બ્રહ્મ જ છું', એવું જ્ઞાન થાય છે, ત્યારે જીવપણું નાશ પામે છે; અને પછી પોતે શુદ્ધ આત્મારૂપે પ્રકાશે છે.)

तदात्मानात्मनोः सम्यग्विवेकेनैव सिध्यति ।
ततो विवेकः कर्तव्यः प्रत्यगात्मासदात्मनोः ॥ २०५ ॥

એ જ્ઞાન આત્મા તથા અનાત્માનો સારી રીતે વિવેક (પૃથક્કરણ) કરવાથી જ સિદ્ધ થાય છે; માટે એ વિવેક કરવો જોઈએ, જેથી આત્મા અને બ્રહ્મ એક જ છે, એમ સમજાય છે.

जलं पङ्कवदत्यन्तं पङ्कापाये जलं स्फुटम् ।
यथा भाति तथात्मापि दोषाभावे स्फुटप्रभः ॥ २०६ ॥

કાદવવાળું પાણી કાદવ દૂર થતાં જેમ ચોખ્ખું થઈ જાય છે, તેમ માયારૂપ દોષ દૂર થતાં આત્મા સ્ફુટ પ્રભાવાળો થઈ પ્રકાશે છે.

असन्निवृत्तौ तु सदात्मना स्फुटं प्रतीतिरेतस्य भवेत्प्रतीचः ।
ततो निरासः करणीय एव सदात्मनः साध्वहमादिवस्तुनः ॥ २०७ ॥

(જ્ઞાન દ્વારા) અસત્ માયાની નિવૃત્તિ થાય છે, ત્યારે અંતરમાં રહેલા જીવાત્માનું પરમાત્મારૂપે સ્પષ્ટ જ્ઞાન થાય છે; માટે અહંકાર વગેરે વસ્તુને સત્–આત્મામાંથી સારી રીતે દૂર કરવી જ જોઈએ.

अतो नायं परात्मा स्याद्विज्ञानमयशब्दभाक् ।
विकारित्वाज्जडत्वाच्च परिच्छिन्नत्वहेतुतः ।
दृश्यत्वाद्व्यभिचारित्वान्नानित्यो नित्य इष्यते ॥ २०८ ॥

ઉપર કહેલો 'વિજ્ઞાનમયકોશ' પણ વિકારવાળો, જડ, અમુક માપમાં જ રહેલો, આત્મા જેને જુએ છે એવો (દૃશ્ય), તથા સુષુપ્તિ અવસ્થામાં નહિ જણાતો (વ્યભિચારી) હોવાથી આત્મા નથી (કારણ કે એ અનિત્ય છે). અનિત્ય વસ્તુ નિત્ય હોય જ નહિ.

આનંદમયકોશ અનુભવાય છે ક્યારે ?

आनन्दप्रतिबिम्बचुम्बिततनुर्वृत्तिस्तमोज्जृंभिता
स्यादानन्दमयः प्रियादिगुणकः स्वेष्टार्थलाभोदये ।
पुण्यस्यानुभवे विभाति कृतिनामानंदरूपः स्वयं
भूत्वा नन्दति यत्र साधु तनुभृन्मात्रः प्रयत्नं विना ॥२०९॥

(અજ્ઞાનથી ઢંકાયેલા) આ આનંદરૂપ આત્માનું જેમાં પ્રતિબિંબ પડે છે, એવી તમોગુણવાળી વૃત્તિ એ જ 'આનંદમયકોશ' છે. એ પ્રિય, આનંદ અને અતિ આનંદ એવા ત્રણ ગુણવાળો છે. જ્યારે પોતાને વહાલી વસ્તુ મળી આવે, ત્યારે એ પ્રકટે છે. પોતાનાં પુણ્યકર્મનો અનુભવ થાય છે, ત્યારે પુણ્યશાળી માણસોને પોતાની મેળે જ એ 'આનંદમયકોશ' જણાય છે. જેમાં પ્રાણીમાત્ર પોતે આનંદરૂપ થઈ પ્રયત્ન વગર જ અતિ આનંદી બને છે.

आनन्दमयकोशस्य सुषुप्तौ स्फूर्तिरुत्कटा ।
स्वप्नजागरयोरीषदिष्टसंदर्शनादिना ॥ २१० ॥

'આનંદમયકોશ'નો ઉત્કટ પ્રકાશ તો સુષુપ્તિ વખતે જ હોય છે, છતાં જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં પણ પોતાને વહાલી વસ્તુ મળતાં એનો કાંઈક પ્રકાશ થાય છે.

नैवायमानन्दमयः परात्मा सोपाधिकत्वात्प्रकृतेर्विकारात् ।
कार्यत्वहेतोः सुकृतक्रियाया विकारसंघातसमाहितत्वात् ॥२११॥

એ 'આનંદમયકોશ' પણ સર્વશ્રેષ્ઠ આત્મા નથી; કારણ કે એ ઉપાધિવાળો, માયાથી ઉપજેલો, શુભ કર્મોનાં ફળરૂપ અને આ દેહને આશરે રહેલો છે.

पञ्चानामपि कोशानां निषेधे युक्तितः श्रुतेः ।
तन्निषेधावधिः साक्षी बोधरूपोऽवशिष्यते ॥ २१२ ॥

વેદશાસ્ત્રની યુક્તિઓથી એ પાંચેય કોશોનો નિષેધ થયા પછી ('नेति नेति–એ નહિ, એ નહિ') એ નિષેધની હદરૂપે જ્ઞાનસ્વરૂપ સાક્ષી આત્મા જ બાકી રહે છે.

योऽयमात्मा स्वयंज्योतिः पञ्चकोशविलक्षणः ।
अवस्थात्रयसाक्षी सन्निर्विकारो निरञ्जनः ।
सदानन्दः स विज्ञेयः स्वात्मत्वेन विपश्चिता ॥ २१३ ॥

જે આ સ્વયંપ્રકાશ, 'અન્નમય' વગેરે પાંચેય કોશોથી જુદો અને જાગૃતિ વગેરે ત્રણેય અવસ્થાનો જેનાર છતાં વિકાર વગરનો, નિર્લેપ અને નિત્ય આનંદરૂપ છે, એને જ વિદ્વાન માણસે પોતાનો શુદ્ધ આત્મા સમજવો.

### આત્માનાં સ્વરૂપ વિષે શંકા

शिष्य उवाच :

मिथ्यात्वेन निषिद्धेषु कोशेष्वेतेषु पञ्चसु ।
सर्वाभावं विना किंचिन्न पश्याम्यत्र हे गुरो ।
विज्ञेयं किमु वस्त्वस्ति स्वात्मनात्र विपश्चिता ॥ २१४ ॥

શિષ્ય : 'હે ગુરુદેવ! આ પાંચેય કોશ મિથ્યા હોવાથી આત્મા નથી એમ નિષેધ કરતાં શૂન્ય સિવાય કંઈ પણ મને દેખાતું નથી; તો બુદ્ધિમાન માણસે આ જગતમાં કઈ વસ્તુને પોતાના આત્મા તરીકે જાણવી?

આત્માનું ખરું સ્વરૂપ

श्रीगुरुरुवाच :

सत्यमुक्तं त्वया विद्वन्निपुणोऽसि विचारणे ।
अहमादिविकारास्ते तदभावोऽयमप्यनु ॥ २१५ ॥
सर्वे येनानुभूयन्ते यः स्वयं नानुभूयते ।
तमात्मानं वेदितारं विद्धि बुद्ध्या सुसूक्ष्मया ॥ २१६ ॥

ગુરુ : 'હે વિદ્વાન! તેં સત્ય કહ્યું. વિચાર કરવામાં તું ઘણો ચતુર છે. અહંકાર વગેરે જે વિકારો છે, તે અને એનો અભાવ એ બધું જેને લીધે જાણી શકાય છે અને જે પોતે બીજા કોઈથી જાણી શકાતો નથી, એ સૌને જાણનાર આત્માને તું અતિ સૂક્ષ્મ બુદ્ધિથી જાણ.

तत्साक्षिकं भवेत्तत्तद्यद्येनानुभूयते ।
कस्याप्यननुभूतार्थे साक्षित्वं नोपयुज्यते ॥ २१७ ॥

જે કોઈ વસ્તુ જે કોઈ વડે અનુભવાય છે, તેનું જ સાક્ષાત્ હોવાપણું હોઈ શકે; પણ કોઈએ નહિ અનુભવેલી વસ્તુ(શૂન્ય)નું સાક્ષાત્ હોવાપણું ઘટી શકે નહિ.

असौ स्वसाक्षिगो भावो यतः स्वेनानुभूयते ।
अतः परं स्वयं साक्षात्प्रत्यगात्मा न चेतरः ॥ २१८ ॥

આત્મા તો પોતાની જ સાક્ષીવાળો પદાર્થ છે; કારણ કે તે પોતા વડે જ અનુભવાય છે; માટે સર્વથી પર એવો પોતે જ સાક્ષાત્ આત્મા છે, બીજો કોઈ નહિ.

जाग्रत्स्वप्नसुषुप्तिषु स्फुटतरं योऽसौ समुज्जृम्भते
प्रत्यग्रूपतया सदाहमहमित्यन्तः स्फुरन्नेकधा ।

नानाकारविकारभागिन इमान्पश्यन्नहंधीमुखान्
नित्यानन्दचिदात्मना स्फुरति तं विद्धि स्वमेतं हृदि ॥२१९

જાગૃતિ, સ્વપ્ન અને સુષુપ્તિ—એ ત્રણે અવસ્થામાં જે આ અતિ સ્પષ્ટ પ્રકાશે છે, જે અંતઃકરણમાં 'હું–હું' એમ એક જ અંતરાત્મારૂપે સદા જણાય છે તથા જે અહંકારથી માંડી માયાના અનેક આકારવાળા વિકારોને સાક્ષીરૂપે જોતો હમેશાં સત્, ચિત્ અને આનંદરૂપી હૃદયમાં અનુભવાય છે, એને જ તું પોતાનો આત્મા જાણ.

घटोदके बिम्बितमर्कबिम्बमालोक्य मूढो रविमेव मन्यते ।
तथा चिदाभासमुपाधिसंस्थं भ्रान्त्याहमित्येव जडोऽभिमन्यते ॥२२०

ઘડાના પાણીમાં સૂર્યનું પ્રતિબિંબ જોઈને મૂઢ માણસ એને જ સૂર્ય સમજે છે, તેમ અવિવેકી (આત્મા–અનાત્માનો ભેદ નહિ પારખનાર માણસ) બુદ્ધિરૂપ ઉપાધિમાં રહેલા ચેતન–આત્માના પ્રતિબિંબને જ ભ્રમથી એ જ 'હું આત્મા છું' એમ માની લે છે.

घटं जलं तद्गतमर्कबिम्बं विहाय सर्वं विनिरीक्ष्यतेऽर्कः ।
तटस्थ एतत्त्रितयावभासकः स्वयंप्रकाशो विदुषा यथा तथा ॥२२१
देहं धियं चित्प्रतिबिम्बमेतं विसृज्य बुद्धौ निहितं गुहायाम् ।
द्रष्टारमात्मानमखण्डबोधं सर्वप्रकाशं सदसद्विलक्षणम् ॥ २२२ ॥
नित्यं विभुं सर्वगतं सुसूक्ष्ममन्तर्बहिः शून्यमनन्यमात्मनः ।
विज्ञाय सम्यङ्निजरूपमेतत्पुमान्विपाप्मा विरजो विमृत्युः ॥२२३॥

પણ વિદ્વાન પુરુષ જેમ ઘડો, તેમાં ભરેલું પાણી અને એમાં પડેલું સૂર્યનું પ્રતિબિંબ(ઓછાયો)—એ ત્રણેયને છોડી તટસ્થ, તેઓના પ્રકાશક અને સ્વયંપ્રકાશ પોતાની મેળે પ્રકાશતા સૂર્યને જુદો જ જુએ છે, તેમ આ દેહ, તેમાં રહેલી બુદ્ધિ અને તેમાં પડતું ચેતન–આત્માનું પ્રતિ-

બિંબ (ચિદાભાસ)–એ ત્રણેયને છોડી તટસ્થ, તેઓનો પ્રકાશક, બુદ્ધિરૂપ ગુફામાં રહેલ, સ્વયંપ્રકાશ, સૌના દ્રષ્ટા, અખંડ જ્ઞાનવાળા, નિત્ય, દરેક ઠેકાણે રહેલા વિભુ, અતિ સૂક્ષ્મ, તથા અંદર અને બહાર એવા ભેદ વગરનો આત્મા પોતાથી જુદો નથી, પણ પોતાનું જ સ્વરૂપ છે, એમ બરાબર જાણીને પુરુષ પાપરહિત, નિર્મળ અને અમર બને છે.

विशोक आनन्दघनो विपश्चित्स्वयं कुतश्चिन्न बिभेति कश्चित्।
नान्योऽस्ति पंथा भवबन्धमुक्तेर्विना स्वतत्त्वावगमं मुमुक्षोः ॥२२४

જ્ઞાની પોતે કોઈ પણ હોય છતાં શોકરહિત અને આનંદસ્વરૂપ બની કોઈથીય ડરતો નથી. આમ મુમુક્ષુ માટે આત્મતત્ત્વનાં જ્ઞાન સિવાય આ સંસારનાં બંધનમાંથી છૂટવાનો બીજો કોઈ માર્ગ નથી.

ब्रह्माभिन्नत्वविज्ञानं भवमोक्षस्य कारणम्।
येनाद्वितीयमानन्दं ब्रह्म संपद्यते बुधैः ॥२२५॥

'બ્રહ્મ અને આત્મા એક જ છે' એવું જ્ઞાન જ સંસારના બંધનથી છૂટવામાં કારણ છે, જેથી વિદ્વાનો અદ્વિતીય આનંદસ્વરૂપ બ્રહ્મને પામે છે.

ब्रह्मभूतस्तु संसृत्यै विद्वान्नावर्तते पुनः।
विज्ञातव्यमतः सम्यग्ब्रह्माभिन्नत्वमात्मनः ॥ २२६ ॥

બ્રહ્મસ્વરૂપ થયેલો વિદ્વાન ફરી જન્મ–મરણરૂપ આ સંસારમાં આવતો નથી; માટે 'આત્મા'ની બ્રહ્મ સાથેની એકતા સારી રીતે સમજવી.

सत्यं ज्ञानमनन्तं ब्रह्म विशुद्धं परं स्वतः सिद्धम्।
नित्यानन्दैकरसं प्रत्यगभिन्नं निरन्तरं जयति ॥ २२७॥

બ્રહ્મ સત્ય, જ્ઞાનરૂપ અને અનંત (અવિનાશી) છે તથા શુદ્ધ, શ્રેષ્ઠ અને પોતાની મેળે જ સિદ્ધ છે (એના

અસ્તિત્વ વિષે એના સિવાય બીજા કોઈ પ્રમાણની જરૂર નથી); તેમ જ નિત્ય, માત્ર આનંદરૂપ રસવાળું, સૌની અંદર રહેલ અને સૌથી અભિન્ન (જુદું નહિ એવું) તે નિરંતર સર્વોત્કૃષ્ટ છે.

બ્રહ્મ અને જગતની એકતા

**सदिदं परमाद्वैतं स्वस्मादन्यस्य वस्तुनोऽभावात् ।**
**नह्यन्यदस्ति किञ्चित्सम्यक्परमार्थतत्त्वबोधे हि ॥ २२८ ॥**

આ વિશ્વ એક જ વસ્તુ બ્રહ્મરૂપ છે; કેમ કે આત્મ-સ્વરૂપ એ સિવાય બીજી કોઈ વસ્તુ જ નથી; આ 'અદ્વૈત' ખરી વસ્તુનું બરાબર જ્ઞાન થતાં (આત્મતત્ત્વ–બ્રહ્મ સિવાય) બીજું કાંઈ રહેતું જ નથી.

**यदिदं सकलं विश्वं नानारूपं प्रतीतमज्ञानात् ।**
**तत्सर्वं ब्रह्मैव प्रत्यस्ताशेषभावनादोषम् ॥ २२९ ॥**

આ આખું જગત અનેક જુદાં જુદાં રૂપ–રંગવાળું દેખાય છે, એનું કારણ અજ્ઞાન છે. ખરી રીતે તો એ બધું સમગ્ર ભાવનારૂપ દોષ વિનાનું (નિર્વિકલ્પ) બ્રહ્મ જ છે.

**मृत्कार्यभूतोऽपि मृदो न भिन्नः कुम्भोऽस्ति सर्वत्र तु मृत्स्वरूपात् ।**
**न कुम्भरूपं पृथगस्ति कुम्भः कुतो मृषा कल्पितनाममात्रः ॥२३०॥**

ઘડો માટીમાંથી બને છે, છતાં માટીથી જુદો નથી; કારણ કે એ આખોય માટીરૂપ જ છે. 'ઘડો' એ શબ્દ તો માટીમાં ખોટી રીતે કલ્પેલું નામમાત્ર જ છે; તેનું રૂપ માટીથી જુદું નથી.

**केनापि मृद्भिन्नतया स्वरूपं घटस्य संदर्शयितुं न शक्यते ।**
**अतो घटः कल्पित एव मोहान्मृदेव सत्यं परमार्थभूतम् ॥ २३१ ॥**

ઘડાનું સ્વરૂપ માટીથી જુદું કોઈ બતાવી શકે નહિ; માટે 'ઘડો' માત્ર મોહથી જ માની લીધેલો છે; ખરી રીતે

તો એ માટી જ છે.

**सद्ब्रह्मकार्यं सकलं सदेव तन्मात्रमेतन्न ततोऽन्यदस्ति ।**
**अस्तीति यो वक्ति न तस्य मोहो विनिर्गतो निद्रितवत्प्रजल्पः ॥२३२॥**

(એવી રીતે) સત્યસ્વરૂપ બ્રહ્મથી ઊપજેલું સમગ્ર જગત માત્ર બ્રહ્મરૂપ જ છે, એથી જુદું કાંઈ પણ નથી; છતાં જે એમ કહે કે, એના સિવાય એનાથી જુદું પણ કાંઈક છે, તેનો મોહ હજી ગયો નથી. એની એ વાત, ઊંઘતા માણસના બકવાદ જેવી છે.

**ब्रह्मैवेदं विश्वमित्येव वाणी श्रौती ब्रूतेऽथर्वनिष्ठा वरिष્ठा ।**
**तस्मादेतद् ब्रह्ममात्रं हि विश्वं नाधिष्ठानाद्भिन्नतारोपितस्य ॥२३३॥**

'આ આખું જગત બ્રહ્મ જ છે' એમ અથર્વવેદની અતિ શ્રેષ્ઠ વાણી કહે છે; માટે આ જગત માત્ર બ્રહ્મ જ છે; કારણ કે જેમાં જે વસ્તુ માત્ર માની લીધેલી હોય, તે તેનાથી જુદી હોતી જ નથી.

**सत्यं यदि स्याज्जगदेतदात्मनोऽनंतत्वहानिर्निगमाप्रमाणता ।**
**असत्यवादित्वमपीशितुः स्यान्नैतत्त्रयं साधु हितं महात्मनाम् ॥२३४**

જો આ જગત સત્ય હોય, તો સત્ય વસ્તુનો તો કદી નાશ જ ન હોય; આથી જગતનો પણ અંત નહિ આવે; અને (વેદ-ઉપનિષદ તો એમ જ કહે છે કે, 'બ્રહ્મ સત્ય છે ને જગત મિથ્યા છે' એવી) ઉપનિષદની વાત અપ્રમાણ ઠરશે; વળી વેદ કે જે ઈશ્વરની જ વાણી છે એ અપ્રમાણ ઠરતાં ઈશ્વર પોતે અસત્યવાદી ઠરશે. આમ જગતને સત્ય માનવાથી ત્રણ દોષ (વાંધા) આવે છે, એ મહાપુરુષો માટે સારા કે હિતકારક નથી.

**ईश्वरो वस्तुतत्त्वज्ञो न चाहं तेष्ववस्थितः ।**
**न च मत्स्थानि भूतानीत्येवमेव व्यचीक्लृपत् ॥ २३५ ॥**

વળી વસ્તુના તત્ત્વને સમજનારા ભગવાન કૃષ્ણચંદ્રે આમ ચોખ્ખેચોખ્ખું કહ્યું છે કે, 'હું આ જગતના પદાર્થોમાં રહ્યો નથી; તેમ જ એ બધા પદાર્થો મારામાં રહ્યા નથી.' (જો જગત સત્ય હોય, તો ઈશ્વરની આ વાણી ખોટી પડે.)

**यदि सत्यं भवेद्विश्वं सुषुप्तावुपलभ्यताम् ।**
**यन्नोपलभ्यते किञ्चिदतोऽसत्स्वप्नवन्मृषा ॥ २३६ ॥**

જો જગત સત્ય હોત, તો સુષુપ્તિ અવસ્થામાં પણ જણાત; પણ સુષુપ્તિમાં તો કંઈ જણાતું નથી; માટે આ જગત ખોટા સ્વપ્ન જેવું મિથ્યા છે.

**अतः पृथङ्नास्ति जगत्परात्मनः पृथक्प्रतीतिस्तु मृषा गुणादिवत् ।**
**आरोपितस्यास्ति किमर्थवत्ताधिष्ठानमाभाति तथा भ्रमेण ॥ २३७ ॥**

આથી જગત પરમાત્માથી જુદું નથી; છતાં જુદું જણાય છે, તે જેમ ગુણવાનથી ગુણ જુદા જેવા જણાય છે, તેમ મિથ્યા જ છે. જે વસ્તુની બીજી વસ્તુમાં માત્ર કલ્પના જ થઈ હોય, એવી (આરોપિત) વસ્તુનું ખરું અસ્તિત્વ શું હોય? એ રીતે આ અધિષ્ઠાન (જેમાં જગતની કલ્પના જ થઈ છે, તે મૂળ વસ્તુ બ્રહ્મ જ) ભ્રમથી જગતરૂપે દેખાય છે.

**भ्रांतस्य यद्यद् भ्रमतः प्रतीतं ब्रह्मैव तत्तद्रजतं हि शुक्तिः ।**
**इदंतया ब्रह्म सदैव रूप्यते त्वारोपितं ब्रह्मणि नाममात्रम् ॥ २३८ ॥**

જેમ છીપમાં ભ્રમથી દેખાતી ચાંદી છે જ નહિ, ખરી રીતે એ છીપ જ છે; તેમ ભ્રાંતિ પામેલા અજ્ઞાનીને ભ્રમરૂપ અજ્ઞાનને લીધે જે જે દેખાય છે, એ બધું બ્રહ્મ જ છે. 'આ જગત છે' એ વાક્યમાં 'આ' શબ્દ જેને લાગુ પડે છે, એ બ્રહ્મ જ છે. એ બ્રહ્મમાં જગતનો માત્ર આરોપ જ થયો છે–માત્ર કલ્પનાથી જ માની લીધેલ છે, અને તે નામ માત્ર જ છે.

બ્રહ્મનું સ્વરૂપ

अतः परं ब्रह्म सदद्वितीयं विशुद्धविज्ञानघनं निरञ्जनम् ।
प्रशान्तमाद्यन्तविहीनमक्रियं निरन्तरानन्दरसस्वरूपम् ॥ २३९ ॥

આથી પરબ્રહ્મ સત્, એક જ, અત્યંત શુદ્ધ, જ્ઞાનમય, નિર્લેપ, અતિ શાંત, આદિ-અંત વગરનું, ક્રિયા વિનાનું અને નિરંતર આનંદસ્વરૂપ છે.

निरस्तमायाकृतसर्वभेदं नित्यं सुखं निष्कलमप्रमेयम् ।
अरूपमव्यक्तमनाख्यमव्ययं ज्योतिः स्वयं किञ्चिदिदं चकास्ति ॥ २४०

એ માયાના કલ્પિત સર્વ ભેદ[1] વિનાનું, નિત્ય, સુખરૂપ, અવયવો વગરનું, પ્રમાણોથી જાણવું અશક્ય, રૂપ વિનાનું, ઇંદ્રિયોથી જાણી ન શકાય એવું, નામરહિત તથા અવિનાશી તેજ સ્વરૂપ છે; અને તે પોતે જ 'આ કંઈક છે' એમ પ્રકાશે છે.

ज्ञातृज्ञेयज्ञानशून्यमनन्तं निर्विकल्पकम् ।
केवलाखण्डचिन्मात्रं परं तत्त्वं विदुर्बुधाः ॥ २४१ ॥

ડાહ્યા માણસો, એ પરમ તત્ત્વને જ્ઞાતા (જાણનાર), જ્ઞેય (જાણવાનું) અને જ્ઞાન (જાણવું)–એ ત્રણે ય ભેદથી રહિત, અવિનાશી, માયાના ગુણો વગરનું અને કેવળ અખંડ ચેતન માત્ર સમજે છે.

अहेयमनुपादेयं मनोवाचामगोचरम् ।
अप्रमेयमनाद्यन्तं ब्रह्म पूर्णमहं महः ॥ २४२ ॥

'બ્રહ્મ' એ 'હું' એમ સૌનું પોતાનું જ સ્વરૂપ હોવાથી છોડી શકાય કે લઈ શકાય એવું નથી; એને મન અને વાણી સમજી કે કહી શકતાં નથી; તથા માપમાં ન આવે એવું, આદિ કે અંત વગરનું, સર્વમાં રહેલું એ મહાન તેજરૂપ છે.

---

૧ જીવ, ઈશ્વર અને જગત એ ત્રણ ભેદ માયાથી થયા છે.

'મહાવાક્ય[1]'નો વિચાર

**तत्त्वं पदाभ्यामभिधीयमानयोर्ब्रह्मात्मयोः शोधितयोर्यदीत्थम् ।**
**श्रुत्या तयोस्तत्त्वमसीति सम्यगेकत्वमेव प्रतिपाद्यते मुहुः ॥ २४३ ॥**

છાંદોગ્ય ઉપનિષદે 'તે તું છે' એ વાક્યના 'તે' અને 'તું' એ બે શબ્દથી કહેલા 'ઈશ્વર' અને 'જીવ' જ્યારે ઉપાધિરહિત બને છે, ત્યારે એ બંને એક જ છે, એમ વારંવાર સિદ્ધ કર્યું છે.

**ऐक्यं तयोर्लक्षितयोर्न वाच्ययोर्निगद्यतेऽन्योन्यविरुद्धधर्मिणोः ।**
**खद्योतभान्वोरिव राजभृत्ययोः कूपाम्बुराश्योः परमाणुमेर्वोः ॥२४४**

સૂર્ય અને પતંગિયું; રાજા અને સેવક; સમુદ્ર અને કૂવો; મેરુ અને પરમાણુ;–એ બધા જેમ એકબીજાથી જુદા છે, તેમ પરસ્પર વિરુદ્ધ ધર્મવાળા ઈશ્વર અને જીવ બંને વાચ્ય[2] અર્થમાં તો જુદા જ છે–પણ એ બંનેનો જે લક્ષ્ય[3] અર્થ (ઉપાધિ વિનાનું શુદ્ધ બ્રહ્મસ્વરૂપ) છે; તે જોતાં તો બંને એક જ છે.

**तयोर्विरोधोऽयमुपाधिकल्पितो न वास्तवः कश्चिदुपाधिरेषः ।**
**ईशस्य माया महदादिकारणं जीवस्य कार्यं शृणु पञ्चकोशम् ॥**

જીવ અને ઈશ્વરમાં જે વિરોધ છે એ ઉપાધિને લીધે જ છે, અને એ ઉપાધિ તો કલ્પનામાત્ર છે; ખરી રીતે

---

૧ 'तत् त्वम् असि' આ છાંદોગ્ય ઉપનિષદ(૬–૮)ના વાક્યને 'મહાવાક્ય કહે છે; કારણ કે એ વાક્યથી જીવ–બ્રહ્મની એકતા સમજાવી છે.

૨ શબ્દજ્ઞાન થતાંવેંત જ (શબ્દની 'અભિધાશક્તિ'થી) જે અર્થ જણાય તેનું નામ 'વાચ્ય અર્થ.'

૩ વાક્યમાં 'વાચ્ય અર્થ' બંધબેસતો ન આવે, ત્યારે (શબ્દની 'લક્ષણાશક્તિ'થી) જે અર્થ સમજાય, તેનું નામ 'લક્ષ્ય અર્થ.'

છે જ નહિ. ઈશ્વરની માયા મહતત્ત્વ વગેરેનું કારણ છે અને પાંચ કોશ એ જીવનું કાર્ય છે; અર્થાત્ બ્રહ્મ પોતે જ્યારે માયાથી સૃષ્ટિ રચવા ઇચ્છે છે, ત્યારે એ બ્રહ્મનું નામ 'ઈશ્વર' છે અને જ્યારે 'પાંચ કોશ'રૂપી ઉપાધિમાં પડે છે, ત્યારે એ 'જીવ' કહેવાય છે.

**एतावुपाधी परजीवयोस्तयोः सम्यङ्निरासे न परो न जीवः।**
**राज्यं नरेन्द्रस्य भटस्य खेटकस्तयोरपोहे न भटो न राजा ॥ २४६**

માયા અને પંચકોશ એ બે ઈશ્વર અને જીવની ઉપાધિ છે; તે સારી રીતે દૂર થતાં ઈશ્વર નથી કે જીવ પણ નથી. જેમ રાજ્ય એ રાજાની ઉપાધિ છે અને ઢાલ એ લડવૈયાની ઉપાધિ છે; એ બંને દૂર થતાં કોઈ રાજા નથી કે લડવૈયો નથી.

**अथात आदेश इति श्रुतिः स्वयं निषेधति ब्रह्मणि कल्पितं द्वयम्।**
**श्रुतिप्रमाणानुगृहीतबोधात्तयोर्निरासः करणीय एव ॥ २४७ ॥**

'अथात आदेशः' ( बृहदारण्यक २–३–६ )આ વેદ પોતે કહે છે કે, આ બ્રહ્મ 'કાર્ય' નથી અને 'કારણ' પણ નથી એમ માયા અને પંચકોશ એ બંને બ્રહ્મમાં કલ્પિત હોઈને છે જ નહિ; માટે વેદના પ્રમાણથી ગ્રહણ કરેલા જ્ઞાન વડે એ બંને છે જ નહિ, એમ તેને દૂર કરવાં જ જોઈએ.

**नेदं नेदं कल्पितत्वान्न सत्यं रज्जौ दृष्टव्यालवत्स्वप्नवच्च।**
**इत्थं दृश्यं साधुयुक्त्या व्यपोह्य ज्ञेयः पश्चादेकभावस्तयोर्यः ॥२४८॥**

આ જગત નથી, નથી જ, તે કલ્પિત છે; તેથી દોરડામાં દેખાતા સાપની માફક અને સ્વપ્નની જેમ સત્ય નથી. આમ દૃશ્ય–જગતને ઉત્તમ યુક્તિથી દૂર કરીને પછી જીવ અને ઈશ્વરની જે એકતા છે, તે સમજવી. ૨૪૮

**ततस्तु तौ लक्षणया सुलक्ष्यौ तयोरखंडैकरसत्वसिद्धये।**
**नालं जहत्या न तथाऽजहत्या किंतूभयार्थात्मकयैव भाव्यम् ॥२४९॥**

માટે જીવ અને ઈશ્વરને એ લક્ષણા[1] નામની શબ્દ-શક્તિથી સારી પેઠે જાણવા. એ બંને એક જ અને આનંદ-રૂપ જ છે, એમ સિદ્ધ કરવા માટે ('તે તું છે' એ ઉપ-નિષદના મહાવાક્યમાં) 'જહતી લક્ષણા'થી[2] કે 'અજહતી લક્ષણા'થી[3] ચાલતું નથી; પણ 'જહત્યજહતી'[4] નામની

૧ શબ્દનો 'વાચ્ય અર્થ' જ્યારે વાક્યમાં બંધબેસતો ન આવે, ત્યારે 'લક્ષણા' નામની શબ્દની શક્તિ લક્ષ્ય અર્થ બતાવવા હાજર થાય છે.

૨ 'જહતીલક્ષણા'ને બીજા શાસ્ત્રકારો 'લક્ષણાલક્ષણા' કહે છે. એ લક્ષણાથી શબ્દનો વાચ્ય અર્થ તદ્દન છોડી દેવો પડે છે, એથી આ વાક્યમાં એનો ઉપયોગ થઈ શકે નહિ. કારણ કે 'તે' અને 'તું'નો જે વાચ્ય અર્થ 'ઈશ્વર અને જીવ' છે એ તદ્દન અહીં તજાતો નથી, પણ તે બન્નેની ઉપાધિના અર્થનો જ અહીં ત્યાગ કરવાનો છે.

૩ 'અજહતીલક્ષણા'ને બીજા શાસ્ત્રકારો 'ઉપાદાનલક્ષણા' કહે છે. એ લક્ષણાથી શબ્દનો વાચ્ય અર્થ પણ લક્ષ્ય અર્થની સાથે રહે છે. આથી આ લક્ષણાનો પણ અહીં ઉપયોગ થઈ શકે નહિ; કારણ કે 'તે' અને 'તું' એ બન્નેનો વાચ્ય અર્થ જે 'ઈશ્વર અને જીવ' તે મૂળરૂપે અહીં લઈ શકાય નહિ. જો તેમ થાય તો 'ઈશ્વરની અને જીવની એકતા' ઘટી શકે જ નહિ.

૪ 'જહત્યજહતી લક્ષણા' વેદાંતીઓએ સ્વીકારેલી છે. એનું બીજું નામ 'ભાગત્યાગ લક્ષણા' છે. એનો અર્થ એવો છે કે શબ્દના વાચ્ય અર્થનો અમુક અંશ લેવાય છે અને અમુક અંશ તજાય છે. આ પ્રમાણે અહીં 'ઉપાધિવાળાપણું' અર્થ તજાય છે અને 'ચેતનપણું' અર્થ લેવાય છે. આમ અહીં 'ઉપાધિ વગરના માત્ર 'ચેતનસ્વરૂપ જે જીવ અને ઈશ્વર તે બંને શુદ્ધ બ્રહ્મસ્વરૂપે એક જ છે' એવો અર્થ આ 'જહત્યજહતી લક્ષણા'થી સમજાય છે, ટૂંકમાં આવું તાત્પર્ય છે.

બેય લક્ષણા હોવી જોઈએ (તે નીચે પ્રમાણે છે).

**स देवदत्तोऽयमितीह चैकता विरुद्धधर्मांशमपास्य कथ्यते ।**
**यथा तथा तत्त्वमसीति वाक्ये विरुद्धधर्मानुभयत्र हित्वा ॥ २५० ॥**

'એ દેવદત્ત આ છે.' આ વાક્યમાં 'એ' અને 'આ' એ બેય શબ્દો જુદા જુદા હોય એમ (ઉપર ઉપરથી) લાગે છે છતાં બંને શબ્દના અર્થની 'દેવદત્ત'માં જ એકતા કહેવાય છે, તેમ 'तत् त्वम् असि–તે તું છે' એ વાક્યમાં પણ 'તે' અને 'તું' એ બંને જુદા જુદા હોય એમ પહેલાં લાગે છે, છતાં 'તે' એટલે ઈશ્વર અને 'તું' એટલે જીવ–એ બંનેમાં રહેલી ઉપાધિરૂપ ધર્મના વિરુદ્ધ અંશ-(સર્વજ્ઞપણું અને અલ્પજ્ઞપણું)નો ત્યાગ કરી ચેતનરૂપે બન્નેની એકતા કહી છે.

**संलक्ष्य चिन्मात्रतया सदात्मनोरखण्डभावः परिचीयते बुधैः ।**
**एवं महावाक्यशतेन कथ्यते ब्रह्मात्मनोरैक्यमखण्डभावः ॥ २५१ ॥**

આમ 'तत् त्वम् असि' એ વાક્યમાં 'લક્ષણા' નામની શબ્દશક્તિથી જીવાત્મા અને પરમાત્માને માત્ર ચેતનરૂપ જાણીને બુદ્ધિમાનો 'બ્રહ્મ અખંડ છે' એમ સમજે છે; અને આવાં સેંકડો વાક્યોથી બ્રહ્મ અને આત્માની એકતા શાસ્ત્રોમાં કહી છે.

### બ્રહ્મભાવના[1]

**अस्थूलमित्येतदसन्निरस्य सिद्धं स्वतो व्योमवदप्रतर्क्यम् ।**
**अतो मृषामात्रमिदं प्रतीतं जहीहि यत्स्वात्मतया गृहीतम् ।**
**ब्रह्माहमित्येव विशुद्धबुद्ध्या विद्धि स्वमात्मानमखण्डबोधम् ॥२५२॥**

'अस्थूलम् अनणु अह्रस्वम् अदीर्घम् ।–જે મોટું નથી, નાનું નથી; ટૂંકું નથી, લાંબું નથી'[2] વગેરે વેદવાક્યથી,

---

૧ વારંવાર વિચાર કરવો તે, ધ્યાન.
૨ બૃહદારણ્યક ઉપનિષદ (૩–૮–૮)

આત્મામાં નાના–મોટાં વગેરેની અસત્ કલ્પના તજીને આકાશની જેમ બધે રહેનાર છતાં વિચારમાં આવી ન શકે એવું એ આત્મતત્ત્વ પોતાની મેળે જ સિદ્ધ થાય છે; માટે આત્મારૂપે સ્વીકારેલા આ દેહ વગેરે બધા પદાર્થો જૂઠા છે, એમ સમજી એ બધાને હવે તું આત્મા માનીશ નહિ; અને 'હું બ્રહ્મ છું' એમ અતિ શુદ્ધ બુદ્ધિથી સમજીને પોતાના આત્માને અખંડ જ્ઞાનસ્વરૂપ તું જાણ.

मृत्कार्यं सकलं घटादि सततं मृन्मात्रमेवाभित–
स्तद्वत्सज्जनितं सदात्मकमिदं सन्मात्रमेवाखिलम् ।
यस्मान्नास्ति सतः परं किमपि तत्सत्यं स आत्मा स्वयं
तस्मात्तत्त्वमसि प्रशान्तममलं ब्रह्माद्वयं यत्परम् ॥२५३॥

જેમ માટીમાંથી બનેલ ઘડો વગેરે કાર્ય સદાકાળ અને ચારે બાજુ માટી જ છે, તેમ સત્‌થી ઊપજેલું અને સત્‌રૂપ આ આખું જગત સત્ જ છે; કારણ કે સત્ સિવાય બીજું કાંઈ છે જ નહિ; એ જ સત્ય છે અને એ પોતે જ આત્મા છે; માટે શાંત, નિર્મળ અને એક જ જે પરબ્રહ્મ છે એ જ તું છે.

निद्राकल्पितदेशकालविषयज्ञात्रादि सर्वं यथा
मिथ्या तद्वदिहापि जाग्रति जगत्स्वाज्ञानकार्यत्वतः ।
यस्मादेवमिदं शरीरकरणप्राणाहमाद्यप्यसत्
तस्मात्तत्त्वमसि प्रशान्तममलं ब्रह्माद्वयं यत्परम् ॥२५४॥

જેમ સ્વપ્નમાં ઊંઘને કારણે કલ્પિત દેશ, કાળ, પદાર્થો અને એ બધાંને જાણનાર–એ બધું મિથ્યા છે; એમ જાગ્રત અવસ્થામાં પણ આ જગત પોતાના અજ્ઞાનનું જ કાર્ય હોવાથી મિથ્યા જ છે. આ રીતે આ શરીર, ઇંદ્રિયો, પ્રાણ અને અહંકાર વગેરે બધું અસત્ય છે; અને તું તો શાંત, નિર્મળ અને અદ્વૈત માત્ર પરબ્રહ્મ જ છે.

जातिनीतिकुलगोत्रदूरगं नामरूपगुणदोषवर्जितम् ।
देशकालविषयातिवर्ति यद्ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥ २५५ ॥

જે બ્રહ્મ જાતિ, નીતિ, કુળ કે ગોત્રથી રહિત છે; નામ, રૂપ, ગુણ કે દોષ વિનાનું છે; અને દેશ, કાળ તથા વિષયથી પણ અલગ છે, તે જ તું છે–આમ તું ચિત્તમાં વિચાર કર.

यत्परं सकलवागगोचरं गोचरं विमलबोधचक्षुषः ।
शुद्धचिद्घनमनादिवस्तु यद्ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥२५६॥

જે માયાથી અલગ છે, જે સકળ વાણીનો વિષય નથી, પણ માત્ર નિર્મળ જ્ઞાનરૂપી આંખથી જ જેને જોઈ શકાય છે; અને જે શુદ્ધ ચેતનમય અનાદિ વસ્તુ છે, એ જ 'બ્રહ્મ તું છે' એમ ચિત્તમાં તું વિચાર કર.

षड्भिरूर्मिभिरयोगि योगिहृद्भावितं न करणैर्विभावितम् ।
बुद्ध्यवेद्यमनवद्यभूति यद् ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥२५७॥

ઘડપણ, મરણ વગેરે છ( ઊર્મિઓ )ની અસરથી રહિત; યોગીઓએ પણ હૃદયમાં ધ્યાન કરેલું; ઇંદ્રિયોથી નહિ જણાયેલું; બુદ્ધિથી જાણવું અશક્ય અને નિર્દોષ ઐશ્વર્યવાળું જે બ્રહ્મ છે, તે તું છે, એમ મનમાં તું ધ્યાન કર.

भ्रान्तिकल्पितजगत्कलाश्रयं स्वाश्रयं च सदसद्विलक्षणम् ।
निष्कलं निरुपमानमृद्धिमद् ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥२५८॥

ભ્રાંતિથી કલ્પેલા જગતરૂપ અંશનો આધાર, પોતે જ પોતાના આધારવાળું, સત્ અને અસત્ બંનેથી અલગ, અવયવ વિનાનું, ઉપમા વગરનું ( કોઈના જેવું નથી તે) અને પરમ સમૃદ્ધિવાળું, જે બ્રહ્મ છે, તે જ તું છે, એમ તું મનમાં વિચાર કર.

जन्मवृद्धिपरिणत्यपक्षयव्याधिनाशनविहीनमव्ययम् ।
विश्वसृष्ट्यवनघातकारणं ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥२५९॥

જે જન્મવું, વધવું, બદલાવું, ઘટવું, રોગી થવું અને વિનાશ પામવું—આ જાતના વિકારોથી રહિત છે, અવિનાશી છે તથા જગતની સૃષ્ટિ, રક્ષણ તથા નાશનું જે કારણ છે, એ જ બ્રહ્મ તું છે, એમ તું મનમાં વિચાર કર.

**अस्तभेदमनपास्तलक्षणं निस्तरङ्गजलराशिनिश्चलम् ।**
**नित्यमुक्तमविभक्तमूर्ति यद् ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥२६०॥**

જેમાં ભેદ નથી અને કોઈ લક્ષણ નથી; જેમાં મોજાં ન ઊછળતાં હોય એવા જળાશય જેવું જે અચળ છે; અને જે સદા મુક્ત છે તથા મૂર્તિવિભાગથી રહિત છે, એ જ બ્રહ્મ તું છે, એમ મનમાં તું ધ્યાન કર.

**एकमेव सदनेककारणं कारणांतरनिरासकारणम् ।**
**कार्यकारणविलक्षणं स्वयं ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥ २६१ ॥**

જે પોતે એક જ છે, છતાં અનેક પદાર્થોનું કારણ છે; અને જેને એમ કહી શકાય કે એના સિવાય જગતનું બીજું કોઈ કારણ જ નથી, છતાં જે કાર્ય અને કારણપણાથી અલગ છે, એ જ બ્રહ્મ તું છે, એમ મનમાં તું ધ્યાન કર.

**निर्विकल्पकमनल्पमक्षरं यत्क्षराक्षरविलक्षणं परम् ।**
**नित्यमव्ययसुखं निरञ्जनं ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥ २६२ ॥**

જે નિશ્ચયરૂપ, માપી ન શકાય એવું, અવિનાશી, શરીર અને જીવથી વિલક્ષણ, પર, નિત્ય, અવિકારી, આનંદ-સ્વરૂપ તથા નિર્લેપ છે, એ જ બ્રહ્મ તું છે, એમ મનમાં તું ધ્યાન કર.

**यद्विभाति सदनेकधा भ्रमान्नामरूपगुणविक्रियात्मना ।**
**हेमवत्स्वयमविक्रियं सदा ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥ २६३ ॥**

જે પોતે હમેશાં સત તથા સોનાની જેમ વિકાર વગરનું છે, તોપણ ભ્રમને કારણે નામ, રૂપ, ગુણ અને વિકારરૂપે

અનેક પ્રકારે દેખાય છે, એ જ બ્રહ્મ તું છે, એમ મનમાં તું ધ્યાન કર.

यत्नकास्त्यनपरं परात्परं प्रत्यगेकरसमात्मलक्षणम् ।
सत्यचित्सुखमनन्तमव्ययं ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥ २६४ ॥

જેનાથી વધી જાય એવું કોઈ નથી; જે માયાથી પર-શ્રેષ્ઠ છે, તથા જે પ્રત્યેકમાં રહેલ, એકરસ અને સૌનો આત્મા છે; તથા સત્, ચિત્, આનંદરૂપ, અનંત અને અવિકારી છે, એ જ બ્રહ્મ તું છે, એમ મનમાં તું ધ્યાન કર.

उक्तमर्थमिममात्मनि स्वयं भावय प्रथितयुक्तिभिर्धिया ।
संशयादिरहितं कराम्बुवत्तेन तत्त्वनिगमो भविष्यति ॥ २६५ ॥

ઉપર કહેલી વાતને તું તારી બુદ્ધિ પ્રમાણે પ્રસિદ્ધ યુક્તિઓથી મનમાં વિચાર્યા કર; તેથી તને હથેળીમાં રહેલા જળની પેઠે શંકા અને ભ્રમ વગરનું તત્ત્વજ્ઞાન થશે.

स्वबोधमात्रं परिशुद्धतत्त्वं विज्ञाय संघे नृपवच्च सैन्ये ।
तदात्मनैवात्मनि सर्वदा स्थितो विलापय ब्रह्मणि दृश्यजातम् ॥२६६

લશ્કરની વચ્ચે રહેલા રાજાની જેમ પાંચ ભૂતો(પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ)ના સમૂહરૂપ શરીરની અંદર રહેલા સ્વયંજ્ઞાનરૂપ શુદ્ધ આત્મતત્ત્વને સમજીને હમેશાં તું પોતે પોતાના એ આત્મસ્વરૂપમાં સ્થિર થા અને આખા જગતને એ બ્રહ્મમાં સમાવી દે.

बुद्धौ गुहायां सदसद्विलक्षणं ब्रह्मास्ति सत्यं परमद्वितीयम् ।
तदात्मना योऽत्र वसेद्गुहायां पुनर्न तस्याङ्गगुहाप्रवेशः ॥ २६७ ॥

જે સત્ નથી અને અસત્ પણ નથી; તે અદ્વિતીય સત્ય પરબ્રહ્મ બુદ્ધિરૂપ ગુફામાં બિરાજે છે; જે માણસ એ આત્માની સાથે એક જ બની દેહરૂપ ગુફામાં રહે છે, તેનો ફરી શરીરરૂપી ગુફામાં પ્રવેશ થતો નથી (એને ફરી

સંસારમાં જન્મ લેવો પડતો નથી).

વાસનાના ત્યાગની જરૂર

ज्ञाते वस्तुन्यपि बलवती वासनाऽनादिरेषा
कर्ता भोक्ताप्यहमिति दृढा यास्य संसारहेतुः ।
प्रत्यग्दृष्ट्यात्मनि निवसता सापनेया प्रयत्ना-
न्मुक्तिं प्राहुस्तदिह मुनयो वासनातानवं यत् ॥ २६८ ॥

આત્મારૂપ વસ્તુ જાણ્યા પછી પણ, અનાદિ કાળની અતિ બળવાન વાસના રહી હોય તો એ વાસના જ 'હું કર્તા છું અને હું જ ફળ ભોગવનાર છું' આવા ભ્રમરૂપે મજબૂત થઈ જીવને સંસારનું કારણ બને છે; માટે આત્મ-દૃષ્ટિથી આત્માનું ધ્યાન કરતાં મનુષ્યે એ વાસનાનો પ્રયત્ન-થી ત્યાગ કરવો જોઈએ; કેમ કે મુનિઓ કહે છે કે, 'વાસનાનો ત્યાગ એ જ મોક્ષ છે.'

अहंममेति यो भावो देहाक्षादावनात्मनि ।
अध्यासोऽयं निरस्तव्यो विदुषा स्वात्मनिष्ठया ॥ २६९ ॥

દેહ, ઇંદ્રિય વગેરે પદાર્થો ઉપર જીવને 'હું અને મારું' એવો જે ભાવ છે, એ જ 'અધ્યાસ' કહેવાય છે. આત્મામાં સ્થિતિ કરીને વિદ્વાન માણસે એને દૂર કરવો.

ज्ञात्वा स्वं प्रत्यगात्मानं बुद्धितद्वृत्तिसाक्षिणम् ।
सोऽहमित्येव सद्वृत्त्यानात्मन्यात्ममतिं जहि ॥ २७० ॥

પ્રત્યેકમાં રહેલા પોતાના આત્માને બુદ્ધિ અને એની વૃત્તિઓનો સાક્ષી સમજી 'તે જ હું છું' એવી સત્ય જ્ઞાન-રૂપ વૃત્તિ વડે જડ પદાર્થો ઉપર થયેલી આત્મબુદ્ધિનો તું ત્યાગ કર.

लोकानुवर्तनं त्यक्त्वा त्यक्त्वा देहानुवर्तनम् ।
शास्त्रानुवर्तनं त्यक्त्वा स्वाध्यासापनयं कुरु ॥ २७१ ॥

લોકોને અનુસરવાનું છોડી, શરીરને અનુસરવાનું તજી, શાસ્ત્રોને અનુસરવાનું પણ છોડીને પછી દેહ વગેરે જડ પદાર્થો ઉપર 'હુંપણું, મારાપણું'' એવું જે મિથ્યા જ્ઞાન છે, તેને દૂર કર.

लोकवासनया जन्तोः शास्त्रवासनयापि च ।
देहवासनया ज्ञानं यथावन्नैव जायते ॥ २७२ ॥

લોકો પરની, શાસ્ત્રો પરની તથા દેહ પરની વાસનાથી જીવને સત્ય જ્ઞાન થતું જ નથી.

संसारकारागृहमोक्षमिच्छोरयोमयं पादनिबद्धशृंखलम् ।
वदन्ति तज्ज्ञाः पटुवासनात्रयं योऽस्माद्विमुक्तः समुपैति मुक्तिम् ॥२७३

જે માણસ આ સંસારરૂપી કેદમાંથી છૂટવા ઇચ્છે છે, તેને ઉપર કહેલી ત્રણ વાસનાઓ પગમાં બાંધેલી લોઢાની સાંકળ જેવી છે, એમ બ્રહ્મને જાણનારા કહે છે. જે મનુષ્ય એ ત્રણે વાસનાઓથી છૂટે છે તે મુક્તિને પામે છે.

जलादिसंपर्कवशात्प्रभूतदुर्गंधधूतागुरुदिव्यवासना ।
सङ्घर्षणेनैव विभाति सम्यग्विधूयमाने सति बाह्यगन्धे ॥ २७४ ॥
अन्तःश्रितानन्तदुरन्तवासनाधूलीविलिप्ता परमात्मवासना ।
प्रज्ञातिसङ्घर्षणतो विशुद्धा प्रतीयते चन्दनगन्धवत्स्फुटा ॥ २७५ ॥

જેમ સુખડ ઉપર જળ વગેરેના સંબંધથી ઉત્પન્ન થયેલી દુર્ગંધથી તેની દિવ્ય સુગંધ આવતી નથી, પણ જ્યારે એ સુખડને ખૂબ ઘસીને બહારની દુર્ગંધને સારી રીતે દૂર કરવામાં આવે છે, ત્યારે જ સુગંધ આવવા લાગે છે; તેમ અંતરમાં રહેલા પરમાત્મા પરની વાસના, હૃદયમાં રહેલી અનંત દુરંત વાસનાઓરૂપી ધૂળથી દટાઈ ગઈ છે; તેને ઉત્કૃષ્ટ જ્ઞાનરૂપી ઘર્ષણથી જ્યારે સારી રીતે દૂર કરવામાં

આવે છે, ત્યારે પેલા ચંદનની સુગંધની પેઠે સ્પષ્ટ સ્વરૂપે તે જણાય છે.

अनात्मवासनाजालैस्तिरोभूतात्मवासना ।
नित्यात्मनिष्ठया तेषां नाशे भाति स्वयं स्फुटा ॥ २७६ ॥

જડ પદાર્થો પરની વાસનાઓનાં જાળાંથી આત્મા પરની વાસના ઢંકાઈ ગઈ છે; માટે હમેશાં આત્માનું ચિંતન કરવાથી તે વાસનાઓનો નાશ થતાં આત્મા ઉપરની વાસના પોતાની મેળે સ્પષ્ટ પ્રકટે છે.

यथा यथा प्रत्यगवस्थितं मनस्तथा तथा मुञ्चति बाह्यवासनाः ।
निःशेषमोक्षे सति वासनानामात्मानुभूतिः प्रतिबन्धशून्या ॥ २७७ ॥

જેમ જેમ મન આત્માના ધ્યાનમાં સ્થિર થાય છે, તેમ તેમ બહારના પદાર્થોની વાસનાને તે છોડતું જાય છે; અને પછી બધી વાસનાઓ છૂટી જાય છે, ત્યારે આત્માનો અસ્ખલિત અનુભવ થવા લાગે છે.

ભ્રમના ત્યાગની જરૂર

स्वात्मन्येव सदा स्थित्या मनो नश्यति योगिनः ।
वासनानां क्षयश्चातः स्वाध्यासापनयं कुरु ॥ २७८ ॥

આત્માના સ્વરૂપમાં જ સદા સ્થિર થવાથી યોગીનું મન નાશ પામે છે અને વાસનાઓનો પણ નાશ થાય છે; માટે તું તારા દેહ ઉપરની 'હું' પણાની ભ્રાંતિને દૂર કર.

तमो द्वाभ्यां रजः सत्त्वात्सत्त्वं शुद्धेन नश्यति ।
तस्मात्सत्त्वमवष्टभ्य स्वाध्यासापनयं कुरु ॥ २७९ ॥

રજોગુણ અને સત્ત્વગુણથી તમોગુણ નાશ પામે છે; સત્ત્વગુણથી રજોગુણ નાશ પામે છે; તથા શુદ્ધ સત્ત્વગુણથી (મિશ્ર) સત્ત્વગુણ નાશ પામે છે; માટે શુદ્ધ સત્ત્વગુણનો આશ્રય કરી તારા ભ્રમને તું દૂર કર.

प्रारब्धं पुष्यति वपुरिति निश्चित्य निश्चलः।
धैर्यमालम्ब्य यत्नेन स्वाध्यासापनयं कुरु ॥२८०॥

પ્રારબ્ધકર્મ જ શરીરનું પોષણ કરે છે, એમ નિશ્ચય કરી સ્થિર થઈ ધીરજ ધરીને યત્નપૂર્વક પોતાના ભ્રમને તું દૂર કર.

नाहं जीवः परं ब्रह्मेत्यतद्व्यावृत्तिपूर्वकम्।
वासनावेगतः प्राप्तस्वाध्यासापनयं कुरु ॥ २८१ ॥

'હું જીવ નથી પણ શુદ્ધ બ્રહ્મ જ છું' એમ પ્રથમ પોતાના જીવભાવને દૂર કર્યા પછી વાસનાના વેગથી ઊપજેલા પોતાના ભ્રમને તું દૂર કર.

श्रुत्या युक्त्या स्वानुभूत्या ज्ञात्वा सर्वात्म्यमात्मनः।
क्वचिदाभासतः प्राप्तस्वाध्यासापनयं कुरु ॥२८२॥

'सर्वं खल्विदं ब्रह्म–આ બધું બ્રહ્મ છે' આવાં વેદવાક્યથી, યુક્તિથી અને પોતાના અનુભવથી 'આત્મા જ સર્વસ્વરૂપ છે' એમ સમજીને દેહાદિ પરના મિથ્યા ભાસથી કોઈ કાળે ઊપજેલી તારી ભ્રાંતિને તું દૂર કર.

अनादानविसर्गाभ्यामीषन्नास्ति क्रिया मुनेः।
तदेकनिष्ठया नित्यं स्वाध्यासापनयं कुरु ॥ २८३ ॥

આત્મજ્ઞાની માટે કોઈપણ વસ્તુ લેવાથી કે છોડી દેવાથી લગારે ક્રિયા રહેતી નથી; માટે હમેશાં આત્મા ઉપર જ શ્રદ્ધા કરીને પોતાનો ભ્રમ તું દૂર કર.

तत्त्वमस्यादिवाक्योत्थब्रह्मात्मैकत्वबोधतः।
ब्रह्मण्यात्मत्वदार्ढ्याय स्वाध्यासापनयं कुरु ॥ २८४ ॥

'तत्त्वमसि–તે તું છે' વગેરે મહાવાક્યોથી ઊપજેલા–આત્મા અને બ્રહ્મના એકપણાના જ્ઞાનથી બ્રહ્મમાં જ આત્માપણું દૃઢ કરવાને તું તારી ભ્રાંતિને દૂર કર.

अहंभावस्य देहेऽस्मिन्निःशेषविलयावधि ।
सावधानेन युक्तात्मा स्वाध्यासापनयं कुरु ॥ २८५ ॥

'આ દેહ છે એ જ હું છું' એવી જાતનું દેહ ઉપર રહેલું 'હુંપણું' સંપૂર્ણ નાશ પામે, ત્યાં સુધી સાવધાન થઈ ચિત્તને સ્થિર કરી તારી ભ્રાંતિને તું દૂર કર.

प्रतीतिर्जीवजगतोः स्वप्नवद्भाति यावती ।
तावन्निरन्तरं विद्वन्स्वाध्यासापनयं कुरु ॥ २८६ ॥

હે વિદ્વાન ! જ્યાં સુધી આ જીવ અને જગત સ્વપ્નની જેમ તને જણાયા કરે, ત્યાં સુધી તું નિરંતર એ ભ્રમને દૂર કર્યા કર.

निद्राया लोकवार्तायाः शब्दादेरपि विस्मृतेः ।
क्वचिन्नावसरं दत्त्वा चिन्तयात्मानमात्मनि ॥ २८७ ॥

ઊંઘમાં, વાતચીતમાં, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ વગેરે વિષયોના અનુભવમાં અને આત્માના વિસ્મરણમાં કદી સમય ગાળ્યા વિના હૃદયમાં તું આત્માનું જ ચિંતન કર્યા કર.

मातापित्रोर्मलोद्भूतं मलमांसमयं वपुः ।
त्यक्त्वा चांडालवद्दूरं ब्रह्मीभूय कृती भव ॥ २८८ ॥

માતા અને પિતાના (રજ અને વીર્યરૂપ) મેલથી ઉપજેલું શરીર મળ-માંસથી ભરેલું છે; તેને ચાંડાલની પેઠે દૂર તજી-એના ઉપરનું 'હુંપણું' છોડી, બ્રહ્મસ્વરૂપ થઈ તું કૃતાર્થ થા.

घटाकाशं महाकाश इवात्मानं परात्मनि ।
विलाप्याखण्डभावेन तूष्णीं भव सदा मुने ॥ २८९ ॥

હે વિચાર કરનાર વિદ્વાન ! ઘડો ફૂટી જવાથી જેમ ઘડાની અંદર રહેલું આકાશ, બહારના આકાશમાં ભળી જાય

છે, તેમ તું તારા આત્માને પરમાત્મામાં અખંડપણે એક કરી દઈ સદાને માટે શાંત થા.

स्वप्रकाशमधिष्ठानं स्वयंभूय सदात्मना ।
ब्रह्माण्डमपि पिण्डाण्डं त्यज्यतां मलभाण्डवत् ॥ २९० ॥

સ્વયંપ્રકાશ અને સર્વનું મૂળસ્થાન જે બ્રહ્મ છે, તે રૂપે, તું પોતે જ સદા થઈને, પછી શરીરને તથા બ્રહ્માંડને પણ કચરાના ટોપલાની માફક ફેંકી દે—એના ઉપરનો મોહ દૂર કર.

चिदात्मनि सदानन्दे देहारूढामहंधियम् ।
निवेश्य लिङ्गमुत्सृज्य केवलो भव सर्वदा ॥ २९१ ॥

દેહ ઉપર જે હુંપણાથી બુદ્ધિ રૂઢ થઈ છે, તેને સદા આનંદ અને ચેતનરૂપ આત્મા ઉપર સ્થાપીને તથા ‘સૂક્ષ્મ શરીર’-નો પણ ત્યાગ કરી તું કેવળ બ્રહ્મરૂપે જ સદા રહે.

यत्रैष जगदाभासो दर्पणान्तः पुरं यथा ।
तद्ब्रह्माहमिति ज्ञात्वा कृतकृत्यो भविष्यसि ॥ २९२ ॥

જેમ દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતું નગર માત્ર આભાસ જ છે, તેમ બ્રહ્મમાં દેખાતું આ જગત માત્ર આભાસ જ છે, એમ સમજીને તું કૃતાર્થ થઈશ.

यत्सत्यभूतं निजरूपमाद्यं चिदद्वयानन्दमरूपमक्रियम् ।
तदेत्य मिथ्यावपुरुत्सृजैतच्छैलूषवद्वेषमुपात्तमात्मनः ॥ २९३ ॥

જે સત્યસ્વરૂપ, ચેતન, માત્ર એક જ, આનંદરૂપ અને ક્રિયા વગરનું છે, એ બ્રહ્મ જ પોતાનું મૂળસ્વરૂપ છે, એમ તે સ્વરૂપ થઈ, જેમ નાટક કરનારો માણસ પોતાનો બનાવટી વેશ છોડી દે છે, તેમ તું આ મિથ્યા દેહને તજી દે અર્થાત્ તેના પરના અભિમાનને છોડી દે.

'હું' શબ્દનો અર્થ

सर्वात्मना दृश्यमिदं मृषैव नैवाहमर्थः क्षणिकत्वदर्शनात् ।
जानाम्यहं सर्वमिति प्रतीतिः कुतोऽहमादेः क्षणिकस्य सिध्येत् ॥

આ જે દેખાય છે, તે જગત (તથા શરીર વગેરે) મિથ્યા ભ્રમ જ છે તથા ક્ષણિક છે; ક્ષણે ક્ષણે બદલાયા કરે છે; એથી એ (શરીર વગેરે) 'હું' શબ્દનો અર્થ હોઈ શકે નહિ; કારણ કે અહંકાર વગેરે ક્ષણિક તત્ત્વોને 'હું બધું જાણું છું' એવું જ્ઞાન કેમ થઈ શકે?

अहंपदार्थस्त्वहमादिसाक्षी नित्यं सुषुप्तावपि भावदर्शनात् ।
ब्रूते ह्यजो नित्य इति श्रुतिः स्वयं तत्प्रत्यगात्मा सदसद्विलक्षणः ॥

જે અહંકાર વગેરેનો પણ સાક્ષી (જોનાર) છે, એ જ 'હું' શબ્દનો અર્થ (આત્મા) છે; કારણ કે સુષુપ્તિ અવસ્થામાં પણ નિત્ય એની હયાતી હોય છે. વેદ પોતે પણ એને 'अजो नित्यः शाश्वतोऽयम्—જેનો જન્મ જ નથી, જે અનાદિ કાળથી છે તથા નિત્ય છે' એમ કહે છે; માટે અંતરાત્મા કાર્ય તથા કારણથી જુદો છે.

विकारिणां सर्वविकारवेत्ता नित्योऽविकारो भवितुं समर्हति ।
मनोरथस्वप्नसुषुप्तिषु स्फुटं पुनः पुनर्दृष्टमसत्त्वमेतयोः ॥ २९६ ॥

એ આત્મા, વિકારી વસ્તુના સર્વ વિકારને જાણનાર, નિત્ય અને વિકાર વગરનો હોવો જોઈએ. આ શરીર તથા અહંકાર બન્ને મનના વિચારો વખતે, સ્વપ્નમાં અને સુષુપ્તિના વખતે વારંવાર સ્પષ્ટ દેખાતા જ નથી. (એથી એને આત્મા કેમ કહેવાય?)

अतोऽभिमानं त्यज मांसपिण्डे पिण्डाभिमानिन्यपि बुद्धिकल्पिते ।
कालत्रयाबाध्यमखण्डबोधं ज्ञात्वा स्वमात्मानमुपैहि शान्तिम् ॥२९७

માટે માંસના પિંડારૂપ આ શરીર વિષે તથા એના

અભિમાની બુદ્ધિકલ્પિત અહંકાર વગેરે ઉપર 'હું' પણાનું અભિમાન તું છોડી દે; અને પોતાના આત્માને (ભૂત, વર્તમાન તથા ભવિષ્ય) ત્રણે કાળમાં રહેનાર અને અખંડ જ્ઞાનસ્વરૂપ સમજી શાંતિ પામ.

त्यजाभिमानं कुलगोत्रनामरूपाश्रमेष्वार्द्रशवाश्रितेषु ।
लिङ्गस्य धर्मानपि कर्तृतादींस्त्यक्त्वा भवाखण्डसुखस्वरूपः ॥२९८

કુળ, ગોત્ર, નામ, રૂપ અને આશ્રમ–એ બધાંનું અભિમાન તું છોડી દે, કારણ કે એ તો તરતના મુડદા જેવા શરીરને જ આધારે રહેલાં છે; તેમ જ કર્તાપણું અને ભોક્તાપણું વગેરે જે લિંગશરીરના ધર્મો છે, એને પણ છોડીને અખંડ સુખસ્વરૂપ થા.

### અહંકાર સંસારનું મૂળ છે

सन्त्यन्ये प्रतिबंधाः पुंसः संसारहेतवो दृष्टाः ।
तेषामेकं मूलं प्रथमविकारो भवत्यहङ्कारः ॥ २९९ ॥

માણસને સંસારનાં કારણ બીજાં અનેક બંધનો જોવામાં આવ્યાં છે, એ બધાંનું એક મૂળ પહેલો વિકાર અહંકાર જ છે (કારણ કે 'હુંપણું' આવવાથી જ અજ્ઞાનનું જોર વધે છે).

यावत्स्यात्स्वस्य सम्बन्धोऽहङ्कारेण दुरात्मना ।
तावन्न लेशमात्रापि मुक्तिवार्ता विलक्षणा ॥ ३०० ॥

જ્યાં સુધી દુષ્ટ અહંકારનો આત્માને સંબંધ છે, ત્યાં સુધી મુક્તિની અદ્‌ભુત વાત લેશમાત્ર પણ સંભવતી નથી.

अहङ्कारग्रहान्मुक्तः स्वरूपमुपपद्यते ।
चन्द्रवद्विमलः पूर्णः सदानन्दः स्वयंप्रभः ॥ ३०१ ॥

આત્મારૂપી ચંદ્રને અહંકારરૂપી રાહુએ ઘેરી લીધો છે; એનાથી છૂટ્યા પછી તે, ચંદ્રની જેમ નિર્મળ, પરિપૂર્ણ,

નિત્ય, આનંદસ્વરૂપ અને સ્વયંપ્રકાશ થઈ પોતાનું સ્વરૂપ પામે છે.

**यो वा पुरे सोऽहमिति प्रतीतो बुद्धया विक्लृप्तस्तमसातिमूढया ।**
**तस्यैव निःशेषतया विनाशे ब्रह्मात्मभावः प्रतिबन्धशून्यः ॥३०२॥**

તમોગુણથી અતિ મૂઢ બનેલી બુદ્ધિએ જ કલ્પેલું 'હુંપણું' આ શરીર પર જણાય છે; અને એ જ અહંકાર છે; તેનો સંપૂર્ણ નાશ થાય, ત્યારે જ 'બ્રહ્મ એ આત્મા જ છે' એમ અખંડ જ્ઞાન થાય છે.

**ब्रह्मानन्दनिधिर्महाबलवताहङ्कारघोराहिना**
**संवेष्ट्यात्मनि रक्ष्यते गुणमयैश्चण्डैस्त्रिभिर्मस्तकैः ।**
**विज्ञानाख्यमहासिना द्युतिमता विच्छिद्य शीर्षत्रयं**
**निर्मूल्याहिमिमं निधिं सुखकरं धीरोऽनुभोक्तुं क्षमः ॥३०३॥**

બ્રહ્મનો આનંદ એ એક ખજાનો છે, પણ મહાબળવાન અને ભયંકર અહંકારરૂપી સર્પ, ત્રણ ગુણરૂપી ઉગ્ર પોતાનાં મસ્તકો વડે એ ખજાનાને વીંટાઈ વળીને પોતામાં રાખી બેઠો છે; પણ જ્યારે ધીર પુરુષ અનુભવજ્ઞાનરૂપી મોટી તીક્ષ્ણ તલવારથી એ ત્રણેય માથાંને કાપી નાખી એ સાપનો નાશ કરે છે, ત્યારે જ પરમ સુખકારક એ ધનભંડારને ભોગવી શકે છે.

**यावद्वा यत्किञ्चिद्विषदोषस्फूर्तिरस्ति चेद्देहे ।**
**कथमारोग्याय भवेत्तद्वदहन्तापि योगिनो मुक्त्यै ॥३०४॥**

જ્યાં સુધી શરીરમાં થોડું પણ ઝેર રહી ગયું હોય, ત્યાં સુધી આરોગ્ય કેવી રીતે થાય? એમ થોડો પણ અહંકાર રહી ગયો હોય, ત્યાં સુધી યોગીની મુક્તિ કેમ થાય?

**अहमोऽत्यन्तनिवृत्त्या तत्कृतनानाविकल्पसंहृत्या ।**
**प्रत्यक्तत्त्वविवेकादयमहमस्मीति विन्दते तत्त्वम् ॥ ३०५ ॥**

અહંકાર અત્યંત દૂર થાય, ત્યારે જ એનાથી ઉપજેલા અનેક તર્કવિતર્કો નાશ પામે છે; અને પછી આત્મતત્ત્વનું જ્ઞાન થવાથી 'આ આત્મા તે જ હું છું' એમ તત્ત્વ સમજે છે.

अहङ्कर्तर्यस्मिन्नहमिति मतिं मुञ्च सहसा
विकारात्मन्यात्मप्रतिफलजुषि स्वस्थितिमुषि ।
यदध्यासात्प्राप्ता जनिमृतिजरादुःखबहुला
प्रतीचश्चिन्मूर्तेस्तव सुखतनोः संसृतिरियम् ॥ ३०६ ॥

અહંભાવ કરનાર, વિકારરૂપ, આત્માના પ્રતિબિંબવાળો અને આત્માનું સ્વરૂપ ચોરી લેનારા આ અહંકાર ઉપરની 'હું'પણાની બુદ્ધિને તરત તું તજી દે; કેમ કે એ ઉપરના 'હું' પણાના ભ્રમથી જ તને જન્મ–મરણ અને ઘડપણનાં દુઃખથી ભરેલો આ સંસાર પ્રાપ્ત થયો છે; કારણ કે તું તો ચૈતન્યમૂર્તિ આનંદરૂપ અંતરાત્મા જ છે.

सदैकरूपस्य चिदात्मनो विभोरानन्दमूर्तेरनवद्यकीर्तेः ।
नैवान्यथा क्वाप्यविकारिणस्ते विनाहमध्यासममुष्य संसृतिः ॥३०७॥

જો એ અહંકાર ઉપરનો અહંભાવરૂપ ભ્રમ ન હોય, તો સદા એકરૂપ, ચેતન, બધે ઠેકાણે રહેનાર, આનંદરૂપ, નિર્દોષ કીર્તિવાળા અને અવિકારી તને–આત્માને સંસાર કદી હોય જ નહિ

तस्मादहङ्कारमिमं स्वशत्रुं भोक्तुर्गले कण्टकवत्प्रतीतम् ।
विच्छिद्य विज्ञानमहासिना स्फुटं भुङ्क्ष्वात्मसाम्राज्यसुखं यथेष्टम् ॥

માટે જમવા બેઠેલા માણસના ગળામાં જેમ કાંટો ખટકે તેમ ખટકતા આ અહંકારરૂપી પોતાના શત્રુને અનુભવજ્ઞાનરૂપી મોટી તલવારથી કાપી નાખી આત્માના સામ્રાજ્યનું ખુલ્લું સુખ તું ઇચ્છા પ્રમાણે ભોગવ.

ततोऽहमादेर्विनिवर्त्य वृत्तिं सन्त्यक्तरागः परमार्थलाभात् ।
तूष्णीं समास्स्वात्मसुखानुभूत्या पूर्णात्मना ब्रह्मणि निर्विकल्पः ॥३०९

પછી અહંકાર વગેરેની (કર્તાપણું-ભોગવનારપણું) વગેરે વૃત્તિઓને દૂર કરી, બ્રહ્મજ્ઞાનરૂપ પરમ વસ્તુનો લાભ થવાથી વિષયોની પ્રીતિ તજીને, આત્મસુખના અનુભવથી તર્ક-વિતર્ક છોડી મૌન રહીને પૂર્ણ સ્વરૂપે બ્રહ્મમાં જ સ્થિતિ કર.

समूलकृत्तोऽपि महानहं पुनर्व्युल्लेखित स्याद्यदि चेतसा क्षणम् ।
संजीव्य विक्षेपशतं करोति नभस्वता प्रावृषि वारिदो यथा ॥३१०॥

આ મહાન અહંકાર મૂળમાંથી ઊખડી ગયો હોય, તોપણ ચિત્ત દ્વારા જો ક્ષણવાર પણ પ્રેરણા પામે, તો ફરી જીવતો થઈને જેમ ચોમાસામાં પવનથી પ્રેરણા પામેલાં વાદળાં અનેક જાતનાં નુકસાન કરે છે, તેમ સેંકડો વિક્ષેપ કરે છે—સાધકને અનેક પ્રકારે ભમાવી દે છે.

निगृह्य शत्रोरहमोऽवकाशः क्वचिन्न देयो विषयानुचिन्तया ।
स एव सञ्जीवनहेतुरस्य प्रक्षीणजम्बीरतरोरिवाम्बु ॥ ३११ ॥

માટે એ અહંકારરૂપ શત્રુને બરાબર વશ કર્યા પછી ફરી વિષયોના ચિંતન દ્વારાં કદી એને તક જ ન આપવી; કારણ કે જેમ સુકાઈ ગયેલા બિજોરાના ઝાડને પાણી ફરી તાજું કરે છે, તેમ એ રીતે આપેલી તક જ આપણને ફરી તાજો કરે છે.

ક્રિયા, વિષયચિંતન અને વાસનાનો ત્યાગ

देहात्मना संस्थित एव कामी विलक्षणः कामयिता कथं स्यात् ।
अतोऽर्थसन्धानपरत्वमेव भेदप्रसक्त्या भवबन्धहेतुः ॥ ३१२ ॥

જે માણસ દેહને જ આત્મા માની બેઠો છે, એને જ અનેક પ્રકારની ઇચ્છાઓ થાય છે; પણ જેને દેહની સાથે સંબંધ જ ન હોય, તેને વિષયની ઇચ્છા કેમ થાય? (આત્મા

સિવાય બીજી વસ્તુઓ પણ જગતમાં છે, એવી) ભેદબુદ્ધિથી જ વિષયોનું ચિંતન થાય છે અને એ જ સંસાર–બંધનનું કારણ છે.

**कार्यप्रवर्धनाद् बीजप्रवृद्धिः परिदृश्यते ।**
**कार्यनाशाद् बीजनाशस्तस्मात्कार्यं निरोधयेत् ॥ ३१३ ॥**

કાર્યોને વધાર્યે જવાથી જ તેનાં બીજની પણ વૃદ્ધિ દેખાય છે; (જેમ વૃક્ષોનો વધારો થાય તેમ તેનાં બીજ પણ વધે જ) અને કાર્યોનો નાશ કરવાથી તેઓનાં બીજ પણ નાશ જ પામે છે; માટે (સૌની પહેલાં) કાર્યો જ બંધ કરી દેવાં.

**वासनावृद्धितः कार्यं कार्यवृद्ध्या च वासना ।**
**वर्धते सर्वथा पुंसः संसारो न निवर्तते ॥ ३१४ ॥**

વળી વાસના વધવાથી જ કાર્યો વધે છે અને કાર્યો વધવાથી વાસના વધે છે; આમ થતાં મનુષ્યનો સંસાર સર્વ પ્રકારે વધે જ છે; પણ અટકતો નથી.

**संसारबन्धविच्छित्त्यै तद्द्वयं प्रदहेद्यतिः ।**
**वासनावृद्धिरेताभ्यां चिन्तया क्रियया बहिः ॥ ३१५ ॥**

માટે સંયમી માણસે સંસારરૂપ બંધનને કાપવા માટે વાસના અને કાર્ય એ બન્નેને બાળી નાખવાં જોઈએ; કેમ કે મનના વિચાર અને બહારની ક્રિયા, એ બન્નેથી જ (વિષયોની) વાસના વધે છે.

**ताभ्यां प्रवर्धमाना सा सूते संसृतिमात्मनः ।**
**त्रयाणां च क्षयोपायः सर्वावस्थासु सर्वदा ॥ ३१६ ॥**
**सर्वत्र सर्वतः सर्वं ब्रह्ममात्रावलोकनैः ।**
**सद्भाववासनादार्ढ्यात्तत्त्रयं लयमश्नुते ॥ ३१७ ॥**

(એમ) એ બન્નેથી વધતી તે વાસના આત્માને સંસાર

ઉત્પન્ન કરે છે; માટે હરકોઈ અવસ્થામાં (વિષયવાસના, વિષયોનો વિચાર અને વિષયો માટેની બહારની ક્રિયા) એ ત્રણેનો નાશ કરવાનો આ ઉપાય હંમેશાં કરવો જોઈએ. દરેક ઠેકાણે, દરેક રીતે, દરેકને માત્ર બ્રહ્મરૂપે જોવું, એ બ્રહ્મવાસના છે; એ બ્રહ્મવાસના દૃઢ થવાથી ઉપર જણાવેલી ત્રણે વસ્તુ નાશ પામે છે.

**क्रियानाशे भवेच्चिन्तानाशोऽस्माद्वासनाक्षयः ।**
**वासनाप्रक्षयो मोक्षः सा जीवन्मुक्तिरिष्यते ॥ ३१८ ॥**

ક્રિયાઓનો નાશ થતાં વિષયના ચિંતનનો નાશ થાય છે અને એ વિષયચિંતનનો નાશ થતાં વાસના પણ નાશ પામે છે, એમ વાસનાનો જે નાશ, એ જ મોક્ષ છે; અને એ જ જીવન્મુક્તિ કહેવાય છે.

**सद्वासनास्फूर्तिविजृम्भणे सति ह्यसौ विलीनाऽप्यहमादिवासना ।**
**अतिप्रकृष्टाप्यरुणप्रभायां विलीयते साधु यथा तमिस्रा ॥ ३१९ ॥**

અરુણનું અજવાળું થતાં જ જેમ રત્ન વિના ઘોર અંધારી રાતનો સારી રીતે નાશ થાય છે, તેમ બ્રહ્મવાસના પ્રકટ થતાં જ મોટામાં મોટી પણ અહંકાર વગેરેની વાસના નાશ પામે છે.

**तमस्तमःकार्यमनर्थजालं न दृश्यते सत्युदिते दिनेशे ।**
**तथाऽद्वयानंदरसानुभूतौ नैवास्ति बन्धो न च दुःखगन्धः ॥३२०॥**

જેમ સૂર્ય ઊગ્યા પછી અંધારું કે અંધારામાં થતા 'ચોરી' વગેરે અનર્થ દેખાતા જ નથી, તેમ અદ્વૈત–આત્માના આનંદનો રસ અનુભવ્યા પછી સંસારરૂપ બંધન કે દુઃખની ગંધ પણ રહેતાં નથી જ.

**दृश्यं प्रति तं प्रविलापयन्स्वयं सन्मात्रमानन्दघनं विभावयन् ।**
**समाहितः सन्बहिरन्तरं वा कालं नयेथाः सति कर्मबन्धे ॥३२१॥**

તારું પ્રારબ્ધ (કરેલાં) કર્મરૂપ બંધન હજી જો બાકી

હોય, તો દેખાતા આ જગતને બ્રહ્મની અંદર સમાવવાનો પ્રયત્ન કર; તથા બહાર અને ચિત્તની અંદર સાવધાન રહી પોતાના આનંદમય સ્વરૂપનું ચિંતન કરતો સમય વિતાવ.

પ્રમાદના ત્યાગની જરૂર

प्रमादो ब्रह्मनिष्ठायां न कर्तव्यः कदाचन ।
प्रमादो मृत्युरित्याह भगवान्ब्रह्मणः सुतः ॥ ३२२ ॥

બ્રહ્મ વિષે સ્થિતિ કરવામાં ક્યારેય ભૂલ ન કરવી; કારણ કે બ્રહ્માના પુત્ર ભગવાન સનત્કુમારે કહ્યું છે કે, 'ભૂલ એ મરણ જ છે.'

न प्रमादादनर्थोऽन्यो ज्ञानिनः स्वस्वरूपतः
ततो मोहस्ततोऽहंधीस्ततो बन्धस्ततो व्यथा ॥ ३२३ ॥

સમજુ માણસે બ્રહ્મચિંતનમાં ભૂલ કરવી; એનાથી બીજું કોઈ નુકસાન નથી; કારણ કે એથી મોહ ઊપજે છે; મોહથી બુદ્ધિ અહંકારયુક્ત થાય છે; તેથી બંધન અને તેથી દુઃખ થાય છે.

विषयाभिमुखं दृष्ट्वा विद्वांसमपि विस्मृतिः ।
विक्षेपयति धीदोषैर्योषा जारमिव प्रियम् ॥ ३२४ ॥

જેમ કોઈ કુલટા સ્ત્રી તેના જાર પુરુષને બુદ્ધિના દોષને લીધે ભમાવી મૂકે છે, તેમ માણસ વિદ્વાન હોય, તોપણ જો વિષયોમાં જોડાય, તો તેને આત્માની વિસ્મૃતિ બુદ્ધિના દોષોને લીધે ભમાવી મૂકે છે.

यथापकृष्टं शैवालं क्षणमात्रं न तिष्ठति ।
आवृणोति तथा माया प्राज्ञं वापि पराङ्मुखम् ॥ ३२५ ॥

જેમ પાણી ઉપરની ઘણી શેવાળ ક્ષણ વાર પણ દૂર થતી નથી, પરંતુ પથરાઈને પાણીને ઢાંકી દે છે, તેમ આત્માનો વિચાર ન કરનાર માણસ વિદ્વાન હોય તોપણ માયા એને ઘેરી લે છે.

लक्ष्यच्युतं सद्यदि चित्तमीषद्बहिर्मुखं सन्निपतेत्ततस्ततः ।
प्रमादतः प्रच्युतकेलिकन्दुकः सोपानपङ्क्तौ पतितो यथा तथा ॥

જેમ હાથમાંથી છૂટી પડેલો રમવાનો દડો સીડી ઉપર પડતાં એક પછી એક પગથિયાં ઊતરતો ઠેઠ નીચે પડે છે, તેમ ચિત્ત પ્રમાદને લીધે આત્મચિંતનથી ચૂકીને લગાર પણ વિષયોમાં પડી જાય, તો ત્યાંથી પડતું પડતું છેક અધોગતિએ પહોંચે છે.

विषयेष्वाविशच्चेतः सङ्कल्पयति तद्गुणान् ।
सम्यक्सङ्कल्पनात्कामः कामात्पुंसः प्रवर्तनम् ॥ ३२७ ॥

વિષયોમાં પેસતું ચિત્ત એના ગુણોનો જ વિચાર કરે છે; અને એમ નિરંતર ચિંતન કરવાથી એ વિષયોની ઇચ્છા કરે છે; અને પછી એ ઇચ્છા પૂરી કરવા માટે માણસ પ્રવૃત્તિ કરે છે.

ततः स्वरूपविभ्रंशो विभ्रष्टस्तु पतत्यधः ।
पतितस्य विना नाशं पुनर्नारोह ईक्ष्यते ।
सङ्कल्पं वर्जयेत्तस्मात्सर्वानर्थस्य कारणम् ॥ ३२८ ॥

પછી માણસ આત્માનું સ્વરૂપ ચૂકે છે અને એમ ચૂકેલો તે અધઃપતન પામે છે. એ રીતે પડેલા તે માણસનો નાશ થયા વિના ફરી તેનું ઉપર ચઢવું દેખાતું નથી; માટે દરેક અનર્થનું કારણ સંકલ્પ(વિષયોના વિચાર)નો ત્યાગ કરવો.

अतः प्रमादान्न परोऽस्ति मृत्युर्विवेकिनो ब्रह्मविदः समाधौ ।
समाहितः सिद्धिमुपैति सम्यक् समाहितात्मा भव सावधानः ॥

માટે વિવેકી અને બ્રહ્મજ્ઞાની માણસને આત્માના ચિંતનમાં પ્રમાદ (આળસ–આત્મચિંતનનું વિસ્મરણ) વિના બીજું કોઈ મરણ નથી–પ્રમાદ એ જ તેનું મરણ છે. ચિત્તને આત્મચિંતનમાં જોડનાર માણસ જ મુક્તિને પામે છે; માટે તું સાવધાન બની ચિત્તને આત્મામાં જ લગાડી દે.

ભેદદષ્ટિનો પણ ત્યાગ હોવો જોઈએ

जीवता यस्य कैवल्यं विदेहे स च केवलः ।
यत्किञ्चित्पश्यतो भेदं भयं ब्रूते यजुःश्रुतिः ॥ ३३० ॥

જેની જીવતાં જ મુક્તિ થઈ હોય, તે જ દેહ પડ્યા પછી શુદ્ધ બ્રહ્મસ્વરૂપ થાય છે; માટે જીવતાં જે થોડો પણ બ્રહ્મ વિષે ભેદ (બ્રહ્મ સિવાય પણ બીજું કાંઈ છે, એમ) જુએ છે, તેને ફરી જન્મ–મરણનો ભય છે જ, એમ યજુર્વેદ કહે છે.

यदा कदा वापि विपश्चिदेष ब्रह्मण्यनन्तेऽप्यणुमात्रभेदम् ।
पश्यत्यथामुष्य भयं तदैव यद्वीक्षितं भिन्नतया प्रमादात् ॥ ३३१ ॥

હરકોઈ સમયે એ જ્ઞાની અનંત બ્રહ્મમાં જરા પણ ભેદ જુએ છે, એટલે તે જ વખતે તેને સંસારનો ભય પ્રાપ્ત થાય જ છે; કારણ કે પ્રમાદથી ભેદદષ્ટિ થવાને લીધે જ સંસારનો ભય દેખાય છે.

श्रुतिस्मृतिन्यायशतैर्निषिद्धे दृश्येऽत्र यः स्वात्ममतिं करोति ।
उपैति दुःखोपरि दुःखजातं निषिद्धकर्ता स मलिम्लुचो यथा ॥

વેદ, સ્મૃતિ અને સેંકડો યુક્તિઓથી આ દેખાતું જગત મિથ્યા કહેવાયું છે; છતાં દેહ વગેરે પદાર્થો ઉપર જે આત્મબુદ્ધિ કરે છે, તે ન કરવાનું કરનાર ચોરની પેઠે ઉપરાઉપરી દુઃખો પામે છે.

सत्याभिसन्धानरतो विमुक्तो महत्त्वमात्मीयमुपैति नित्यम् ।
मिथ्याभिसन्धानरतस्तु नश्येद् दृष्टं तदेतद्यदचोरचोरयोः ॥ ३३३ ॥

જે માણસ સત્ય–બ્રહ્મનું જ ચિંતન કરે છે, એ મુક્ત થઈને સદાકાળની પોતાની મોટાઈને પામે છે; પણ જે મિથ્યા જગતનું જ ચિંતન કરે છે, તે નાશ પામે છે; આ વસ્તુ સજ્જન અને ચોરમાં દેખાય છે. (સજ્જન માણસ સાચું જ વિચારે છે, બોલે છે અને આચરે છે; તેથી લોકમાં

પ્રમાણિક મનાઈને આનંદ કરે છે; પણ ચોર ખોટું ને ખરાબ જ વિચારે છે, બોલે છે ને આચરે છે; તેથી જેલ ભેગો થઈ દુઃખી થાય છે.)

**यतिरसदनुसन्धिं बन्धहेतुं विहाय**
**स्वयमयमहमस्मीत्यात्मदृष्ट्यैव तिष्ठेत् ।**
**सुखयति ननु निष्ठा ब्रह्मणि स्वानुभूत्या**
**हरति परमविद्याकार्यदुःखं प्रतीतम् ॥ ३३४ ॥**

માટે જિતેંદ્રિય મનુષ્યે સંસારબંધનનું કારણ ખોટા સંકલ્પો અને ભેદદૃષ્ટિ તજીને 'હું સાક્ષાત્ બ્રહ્મ જ છું' એમ આત્મદૃષ્ટિ કરીને જ રહેવું જોઈએ; કારણ કે પોતાના અનુભવથી થયેલો બ્રહ્મ વિષેનો પ્રેમ સુખ આપે છે અને માયાના પ્રપંચથી ઊપજેલાં જાણીતાં દુઃખ દૂર કરે છે.

**बाह्यानुसन्धिः परिवर्धयेत्फलं दुर्वासनामेव ततस्ततोऽधिकाम् ।**
**ज्ञात्वा विवेकैः परिहृत्य बाह्यं स्वात्मानुसन्धिं विदधीत नित्यम् ॥**

દુનિયાના વિષયનું ચિંતન, દુષ્ટ વાસનારૂપ ફળને અધિકાધિક વધાર્યે જાય છે; માટે વિવેકજ્ઞાનથી આત્માનું સ્વરૂપ સમજીને દુનિયાના પદાર્થો છોડી હમેશાં પોતાના આત્માનું જ ધ્યાન કરવું.

**बाह्ये निरुद्धे मनसः प्रसन्नता मनःप्रसादे परमात्मदर्शनम् ।**
**तस्मिन्सुदृष्टे भवबन्धनाशो बहिर्निरोधः पदवी विमुक्तेः ॥ ३३६ ॥**

બહારના વિષયો ત્યજતાં મન નિર્મળ થાય છે અને મન શુદ્ધ થતાં પરમાત્માનું દર્શન થાય છે; અને તે પરમાત્માનું દર્શન સારી રીતે થયા પછી સંસારરૂપ બંધન નાશ પામે છે; આમ બહારના વિષયો છોડવા એ જ મુક્તિનો માર્ગ છે.

**कः पण्डितः सत्सदसद्विवेकी श्रुतिप्रमाणः परमार्थदर्शी ।**
**जानन्हि कुर्यादसतोऽवलम्बं स्वपातहेतोः शिशुवन्मुमुक्षुः ॥३३७॥**

કયો બુદ્ધિમાન સત્-અસત્ પદાર્થોને સમજતો હોય, વેદનાં વચનોને માનતો હોય, પરમ સત્ય આત્મતત્ત્વને જોતો હોય અને મુક્તિને ઇચ્છતો હોય, છતાં જાણી જોઈને બાળકની પેઠે પોતાના પતન માટે મિથ્યા પદાર્થોમાં ફસાય ?

**देहादिसंसक्तिमतो न मुक्तिर्मुक्तस्य देहाद्यभिमत्यभावः ।**
**सुप्तस्य नो जागरणं न जाग्रतः स्वप्नस्तयोर्भिन्नगुणाश्रयत्वात् ॥३३८॥**

જેને દેહ વગેરે જડ પદાર્થો ઉપર મોહ હોય, તેની મુક્તિ થતી નથી; અને જે જીવતાં જ મુક્તિ પામ્યો હોય, તેને દેહ વગેરે પદાર્થો ઉપર 'હુંપણું' થતું નથી; જેમ ઊંઘતા માણસને જાગ્રત અવસ્થાની ખબર હોતી નથી; અને જે જાગે છે, તેને સ્વપ્ન આવતાં નથી; કારણ કે એ બેય અવસ્થાઓ (બંધ-મોક્ષ તથા સ્વપ્ન-જાગ્રત) જુદા જુદા ગુણવાળી છે.

જીવન્મુક્ત કોણ ?

**अन्तर्बहिः स्वं स्थिरजङ्गमेषु ज्ञानात्मनाधारतया विलोक्य ।**
**त्यक्ताखिलोपाधिरखण्डरूपः पूर्णात्मना यः स्थित एष मुक्तः ॥३३९॥**

સ્થાવર અને જંગમ દરેક પદાર્થમાં અંદર અને બહાર પોતાને જ જ્ઞાનસ્વરૂપે તથા આધારરૂપે રહેલો જે જુએ છે અને દરેક ઉપાધિ છોડી અખંડ અને પરિપૂર્ણ આત્મારૂપે જે રહ્યો હોય, એ જીવતાં જ મુક્ત છે.

આત્મપ્રેમ

**सर्वात्मना बन्धविमुक्तिहेतुः सर्वात्मभावान्न परोऽस्ति कश्चित् ।**
**दृश्याग्रहे सत्युपपद्यतेऽसौ सर्वात्मभावोऽस्य सदात्मनिष्ठया ॥३४०**

દરેક ઉપર આત્મદૃષ્ટિ કરવી, એ જ સંસારબંધનથી છૂટવામાં કારણ છે; આ સર્વાત્મભાવથી બીજો કોઈ ઉપાય નથી; અને દરેક ઉપરની એ આત્મદૃષ્ટિ દેખાતા પદાર્થોનું

ગ્રહણ ન થાય; પણ હમેશાં આત્મામાં જ સ્થિતિ કરવામાં આવે ત્યારે થાય છે.

दृश्यस्याग्रहणं कथं नु घटते देहात्मना तिष्ठतो
बाह्यार्थानुभवप्रसक्तमनसस्तत्तत्क्रियां कुर्वतः ।
संन्यस्ताखिलधर्मकर्मविषयैर्नित्यात्मनिष्ठापरै-
स्तत्त्वज्ञैः करणीयमात्मनि सदानन्देच्छुभिर्यत्नतः ॥ ३४१ ॥

જે માણુસ દેહને જ આત્મા માને અને દુનિયાના પદાર્થોનો અનુભવ કરવામાં જ આસક્ત મનવાળો રહી તે તે ક્રિયા કર્યા કરે, તેને 'આ સંસાર છે જ નહિ' એમ કયાંથી સમજાય ? માટે નિત્ય આનંદને ઇચ્છતા તત્ત્વવેત્તાઓએ દરેક ધર્મ, કર્મ અને વિષયોનો ત્યાગ કરી નિરંતર આત્મા ઉપર જ પ્રેમ કરવો અને આત્માની અંદર દેખાતું આ જગત યત્નથી ગ્રહણ ન કરવું.

सार्वात्म्यसिद्धये भिक्षोः कृतश्रवणकर्मणः ।
समाधिं विदधात्येषा शान्तो दान्त इति श्रुतिः ॥ ३४२ ॥

જેણે વેદાંતશ્રવણ કર્યું હોય, એવા સંન્યાસીને દરેક ઉપર આત્મદૃષ્ટિ થવા માટે વેદ આવી સમાધિ શીખવે[1] છે, કે તેણે શમ, દમ અને ઉપરતિવાળા થવું. (એટલે ચિત્તને શાંત કરવું, ઇંદ્રિયોને વિષયોથી રોકવી, ચિત્તની વૃત્તિને સ્થિર કરવી; તેમ જ સહન કરતાં શીખવું અને મનને સ્થિર કરી અંતઃકરણમાં જ આત્માને જોવો.)

'અહંકારનો ત્યાગ' ઘણો જ મુશ્કેલ છે

आरूढशक्तेरहमो विनाशः कर्तुं न शक्यः सहसापि पण्डितैः ।
ये निर्विकल्पाख्यसमाधिनिश्चलास्तानन्तरानन्तभवा हि वासनाः ॥

१ शान्तो दान्त उपरतस्तितिक्षुः समाहितो भूत्वाऽऽत्मन्येवात्मानं पश्यति । ( बृह० ४-४-२३ )

જેની શક્તિ જામેલી છે, એવા અહંકારનો એકદમ નાશ કરવો તે પંડિતો માટે પણ શકય નથી; કેમ કે જેઓ નિર્વિકલ્પ સમાધિમાં નિશ્ચળ થયા હોય છે, તેવા પુરુષોને પણ અનંત જન્મોની વાસનાઓ વચ્ચે વચ્ચે આવી જાય છે.

'વિક્ષેપશક્તિ'નું બળ

**अहंबुद्ध्यैव मोहिन्या योजयित्वावृतेर्बलात् ।**
**विक्षेपशक्तिः पुरुषं विक्षेपयति तद्गुणैः ॥ ३४४ ॥**

રજોગુણની 'વિક્ષેપ'શક્તિ તમોગુણની 'આવરણ'-શક્તિના બળથી માણસને મોહ પમાડનારી અહંકારબુદ્ધિ સાથે જોડી દઈ તેના ગુણોથી ભમાવે છે.

'આવરણશક્તિ'નું બળ

**विक्षेपशक्तिविजयो विषमो विधातुं**
**निःशेषमावरणशक्तिनिवृत्त्यभावे ।**
**दृग्दृश्ययोः स्फुटपयोजलवद्विभागे**
**नश्येत्तदावरणमात्मनि च स्वभावात् ।**
**निःसंशयेन भवति प्रतिबन्धशून्यो**
**विक्षेपणं न हि तदा यदि चेन्मृषार्थे ॥ ३४५ ॥**

'આવરણ'શક્તિને સંપૂર્ણ દૂર કર્યા વગર 'વિક્ષેપ'-શક્તિને જીતવી કઠણ છે. જેમ દૂધ અને પાણી એ જુદી જુદી વસ્તુ છે, તેમ આત્મા અને જગત એ બંને જુદી જુદી વસ્તુ છે, એવું સ્પષ્ટ જ્ઞાન થયા પછી આત્મા ઉપર જામેલી 'આવરણ'-શક્તિ પોતાની મેળે જ નાશ પામે છે. પછી જૂઠા સાંસારિક પદાર્થો ઉપર મોહ ન ઊપજે, તો અવશ્ય સંસારરૂપ બંધનથી રહિત થાય છે.

વિવેકથી મુક્તિ

सम्यग्विवेकः स्फुटबोधजन्यो
विभज्य दृग्दृश्यपदार्थतत्त्वम् ।
छिनत्ति मायाकृतमोहबन्धं
यस्माद्विमुक्तस्य पुनर्न संसृतिः ॥ ३४६ ॥

આ આત્મા એ દ્રષ્ટા (જગતને જોનાર) છે અને આ જડ પદાર્થો એ દૃશ્ય છે—આ વિભાગ કરી સ્પષ્ટ જ્ઞાનથી ઊપજેલો ઉત્તમ વિવેક માયાએ કરેલું મોહબંધન કાપી નાખે છે, જેથી મુક્ત થયેલા માણસને ફરી સંસાર પ્રાપ્ત થતો નથી.

સત્ય જ્ઞાન

परावरैकत्वविवेकवह्निर्दहत्यविद्यागहनं ह्यशेषम् ।
किं स्यात्पुनः संसरणस्य बीजमद्वैतभावं समुपेयुषोऽस्य ॥३४७

બ્રહ્મ અને આત્મા એક જ છે, એ જ્ઞાનરૂપ અગ્નિ માયારૂપી વનને સંપૂર્ણ બાળી નાખે છે; પછી એ અદ્વૈત (આત્મા અને બ્રહ્મની એકતા) ભાવને પામેલા જીવમાં ફરી સંસારનું બીજ શું થાય છે? (નથી જ થતું.)

आवरणस्य निवृत्तिर्भवति च सम्यक्पदार्थदर्शनतः ।
मिथ्याज्ञानविनाशस्तद्वद्विक्षेपजनितदुःखनिवृत्तिः ॥ ३४८ ॥

આત્મારૂપ ઉત્તમ પદાર્થના દર્શનથી (માયાનું) આવરણ દૂર થાય છે, એથી મિથ્યાજ્ઞાનનો નાશ થાય છે અને 'વિક્ષેપ'શક્તિથી ઊપજતું દુઃખ અટકી જાય છે.

एतत्त्रितयं दृष्टं सम्यग्रज्जुस्वरूपविज्ञानात् ।
तस्माद्वस्तु सतत्त्वं ज्ञातव्यं बन्धमुक्तये विदुषा ॥ ३४९ ॥

માણસ જ્યારે સમજે છે કે, હું જેને સાપ માનતો હતો, તે સાપ ન હતો, પણ દોરડું જ છે, ત્યારે દોરડાનું

અજ્ઞાન (આવરણ), સર્પનો ભ્રમ (મિથ્યા જ્ઞાન) અને સર્પથી ઊપજતી બીક (વિક્ષેપ)—એ ત્રણેનો નાશ દેખાય છે; માટે આ સંસારબંધનથી છૂટવા સારુ વિદ્વાને આત્મવસ્તુના રહસ્યને જાણવું જોઈએ.

**अयोऽग्नियोगादिव सत्समन्वयान्मात्रादिरूपेण विजृम्भते धीः।**
**तत्कार्यमेतत्त्रितयं यतो मृषा दृष्टं भ्रमस्वप्नमनोरथेषु ॥३५०॥**

જેમ અગ્નિના સંબંધથી (તપેલું) લોઢું અગ્નિ જેવું જ દેખાય છે, તેમ આત્માના સંબંધથી જ બુદ્ધિ આત્માના ધર્મવાળી (દ્રષ્ટા, દર્શન અને દૃશ્યરૂપે) દેખાય છે; પણ ભ્રાંતિ, સ્વપ્ન અને મનના વિચારો વખતે બુદ્ધિનું જ્ઞાન ખોટું જ દેખાય છે, તેથી સાબિત થાય છે કે બુદ્ધિનું કાર્ય (એ દ્રષ્ટા આદિ ત્રણે) ખોટું છે.

**ततो विकाराः प्रकृतेरहंमुखा देहावसाना विषयाश्च सर्वे।**
**क्षणेऽन्यथाभावितया ह्यमीषामसत्त्वमात्मा तु कदापि नान्यथा ॥३५१**

માટે અહંકારથી માંડી દેહ સુધીના માયાના સર્વ વિકારો અને વિષયો ક્ષણે ક્ષણે બદલાતા હોવાથી જૂઠા છે અને આત્મા કદી બદલાતો નથી; માટે એ સત્ય છે.

**नित्याद्वयाखण्डचिदेकरूपो बुद्ध्यादिसाक्षी सदसद्विलक्षणः।**
**अहंपदप्रत्ययलक्षितार्थः प्रत्यक्सदानन्दघनः परात्मा ॥ ३५२ ॥**

'હું' એમ કહેવાથી જે સમજાય છે, એ આનંદસ્વરૂપ પરમાત્મા તો સદા એક, અખંડ, ચેતન એક જ રૂપવાળો, બુદ્ધિ વગેરેનો સાક્ષી, સત્–અસત્‌થી જુદો, દરેકમાં વ્યાપ્ત અને સદા આનંદપૂર્ણ છે.

**इत्थं विपश्चित्सदसद्विभज्य निश्चित्य तत्त्वं निजबोधदृष्ट्या।**
**ज्ञात्वा स्वमात्मानमखण्डबोधं तेभ्यो विमुक्तः स्वयमेव शाम्यति ॥३५३**

આમ વિદ્વાન માણસ સત્ અને અસત્‌નો ભેદ સમજી

પોતાની જ્ઞાનદૃષ્ટિથી તત્ત્વવસ્તુનો નિશ્ચય કરી પોતાના આત્માને અખંડ જ્ઞાનસ્વરૂપ જાણી માયાના પદાર્થોથી છૂટો થાય છે અને પોતાની મેળે જ શાંત થાય છે.

અજ્ઞાનનો નાશ ક્યારે ?

अज्ञानहृदयग्रन्थेर्निःशेषविलयस्तदा ।
समाधिनाविकल्पेन यदाद्वैतात्मदर्शनम् ॥ ३५४ ॥

જ્યારે નિર્વિકલ્પ સમાધિથી અદ્વૈત આત્મસ્વરૂપનું દર્શન થાય છે, ત્યારે અજ્ઞાનરૂપી હૃદયની ગાંઠનો સંપૂર્ણ નાશ થાય છે.

સમાધિની જરૂર

त्वमहमिदमितीयं कल्पना बुद्धिदोषात्
प्रभवति परमात्मन्यद्वये निर्विशेषे ।
प्रविलसति समाधावस्य सर्वो विकल्पो
विलयनमुपगच्छेद्वस्तुतत्त्वावधृत्या ॥ ३५५ ॥

એક જ અને વિશેષ–નામરૂપ વગરના પરમાત્મામાં બુદ્ધિના દોષથી જ ' હું, તું, આ દુનિયા ' વગેરે કલ્પના થાય છે; પરંતુ એ સર્વ વિકલ્પ સમાધિમાં આત્મતત્ત્વનો નિશ્ચય થવાથી નાશ પામે છે.

शान्तो दान्तः परमुपरतः क्षान्तियुक्तः समाधिं
कुर्वन्नित्यं कलयति यतिः स्वस्य सर्वात्मभावम् ।
तेनाविद्यातिमिरजनितान्साधु दग्ध्वा विकल्पान्
ब्रह्माकृत्या निवसति सुखं निष्क्रियो निर्विकल्पः ॥ ३५६ ॥

સંયમી પુરુષ ચિત્તની શાંતિ રાખે છે, ઇંદ્રિયોને વશ કરે છે, વિષયોથી દૂર રહે છે, સૌની ઉપર ક્ષમા રાખે છે અને સમાધિનો નિરંતર અભ્યાસ કરે છે; તેથી ' બધું આત્મારૂપ જ છે ' એમ સમજે છે અને તે દ્વારા માયાના

અંધકારથી ઊપજેલા તર્ક–વિતર્કને દૂર કરી ક્રિયારહિત અને સંશયરહિત થઈ સુખપૂર્વક બ્રહ્મરૂપે રહે છે.

समाहिता ये प्रविलाप्य बाह्यं श्रोत्रादि चेतः स्वमहं चिदात्मनि।
त एव मुक्ता भवपाशबन्धैर्नान्ये तु पारोक्ष्यकथाभिधायिनः ॥३५७

જેઓ બહારની ઇંદ્રિયોને, ચિત્તને અને પોતાના અહંકારને ચેતન આત્માની અંદર સમાવી દઈ સમાધિમાં રહે છે, તેઓ જ સંસારરૂપ પાશના બંધનથી છૂટી ગયેલા છે; પણ બીજા ઉપર ઉપરની વાતો જ કરનારા સંસારથી છૂટતા નથી.

उपाधिभेदात्स्वयमेव भिद्यते चोपाध्यपोहे स्वयमेव केवलः।
तस्मादुपाधेर्विलयाय विद्वान्वसेत्सदाकल्पसमाधिनिष्ठया ॥ ३५८ ॥

અંતઃકરણ વગેરે ઉપાધિના ભેદથી જ આત્મામાં ભેદ જણાય છે; પણ ઉપાધિઓ દૂર થતાં પોતાની મેળે જ આત્મા એકલો થઈ રહે છે; માટે ઉપાધિઓનો નાશ કરવા સારુ વિદ્વાને હમેશાં દરેક વિચાર છોડી (નિર્વિકલ્પ) સમાધિમાં જ રહેવું.

सति सक्तो नरो याति सद्भावं ह्येकनिष्ठया।
कीटको भ्रमरं ध्यायन्भ्रमरत्वाय कल्पते ॥ ३५९ ॥

એકનિષ્ઠાથી હમેશાં બ્રહ્મનું જ ધ્યાન કરતો માણસ બ્રહ્મસ્વરૂપ થાય છે; જેમ કીડો (પોતાને પકડીને મારી નાખનાર) ભમરીનું ધ્યાન કરતો ભમરી બની જાય છે.

क्रियान्तरासक्तिमपास्य कीटको ध्यायन्यथालिं ह्यलिभावमृच्छति।
तथैव योगी परमात्मतत्त्वं ध्यात्वा समायाति तदेकनिष्ठया ॥ ३६० ॥

જેમ બીજી ક્રિયાઓ છોડી માત્ર ભમરીનું જ ધ્યાન કરતો કીડો ભમરી થઈ જાય છે, તેમ યોગી પરમાત્મારૂપ તત્ત્વનું ધ્યાન કરી તેમાં જ સ્થિતિ કરવાથી તેમને જ પામે છે.

अतीव सूक्ष्मं परमात्मतत्त्वं न स्थूलदृष्ट्या प्रतिपत्तुमर्हति ।
समाधिनात्यन्तसुसूक्ष्मवृत्त्या ज्ञातव्यमार्यैरतिशुद्धबुद्धिभिः ॥ ३६१ ॥

પરમાત્મારૂપ તત્ત્વ અતિશય સૂક્ષ્મ છે, તેથી સ્થૂલ બુદ્ધિથી તે સમજી શકાતું નથી; આથી અતિ પવિત્ર બુદ્ધિવાળા ઉત્તમ માણસોએ એ તત્ત્વને સમાધિ દ્વારા અતિશય સૂક્ષ્મ બુદ્ધિથી સમજવું જોઈએ.

यथा सुवर्णं पुटपाकशोधितं त्यक्त्वामलं स्वात्मगुणं समृच्छति ।
तथा मनः सत्त्वरजस्तमोमलं ध्यानेन सन्त्यज्य समेति तत्त्वम् ॥३६२

જેમ કોડિયામાં નાખી અગ્નિમાં શુદ્ધ કરેલું સોનું કચરો દૂર કરી પોતાના મૂળ ગુણને પામે છે, તેમ મન પણ ધ્યાન દ્વારા સત્ત્વ, રજ અને તમરૂપી મેલને તજી આત્મતત્ત્વને પામે છે.

निरन्तराभ्यासवशात्तदित्थं पक्वं मनो ब्रह्मणि लीयते यदा ।
तदा समाधिः स विकल्पवर्जितः स्वतोऽद्वयानन्दरसानुभावकः ॥३६३

નિરંતરના અભ્યાસથી જ્યારે મન બ્રહ્મમાં જ લીન થાય છે, ત્યારે પોતાની મેળે જ બ્રહ્માનંદના રસનો અનુભવ કરાવનારી નિર્વિકલ્પ ( બીજા વિચારો વિનાની ) સમાધિ સિદ્ધ થાય છે.

समाधिनानेन समस्तवासनाग्रन्थेर्विनाशोऽखिलकर्मनाशः ।
अन्तर्बहिः सर्वत एव सर्वदा स्वरूपविस्फूर्तिरयत्नतः स्यात् ॥३६४॥

એ નિર્વિકલ્પ સમાધિથી સર્વ વાસનારૂપ ગાંઠ છૂટી જાય છે અને બધાં કર્મોનો નાશ થાય છે. પછી બહાર અને અંદર–બધે વિના પ્રયત્ને સર્વદા આત્મસ્વરૂપનો પ્રકાશ થાય છે.

श्रुतेः शतगुणं विद्यान्मननं मननादपि ।
निदिध्यासं लक्षगुणमनन्तं निर्विकल्पकम् ॥ ३६५ ॥

વેદાન્તશાસ્ત્ર સાંભળવા કરતાં એનું મનન–ચિંતન

ગણું ઉત્તમ છે; અને તેના કરતાં પણ નિદિધ્યાસન (આત્મભાવનાને ચિત્તમાં વારંવાર સ્થિર કરવી તે) લાખ-ગણું ઉત્તમ છે; અને એનાથી પણ નિર્વિકલ્પ (કોઈ પણ જાતના વિચાર વિનાની) સમાધિ અનંતગણી ઉત્તમ છે (કારણ કે એ સમાધિ પ્રાપ્ત થતાં ચિત્ત કદી ચંચળ થતું નથી).

**निर्विकल्पकसमाधिना स्फुटं ब्रह्मतत्त्वमवगम्यते ध्रुवम् ।**
**नान्यथा चलतया मनोगतेः प्रत्ययान्तरविमिश्रितं भवेत् ॥ ३६६ ॥**

નિર્વિકલ્પ સમાધિથી ચોક્કસ બ્રહ્મતત્ત્વનું સ્પષ્ટ જ્ઞાન થાય છે; બીજી કોઈ રીતે એવું જ્ઞાન થતું નથી; કારણ કે સમાધિ સિવાય બીજી અવસ્થામાં ચિત્તની ગતિ ચંચળ રહેવાથી તે બીજા વિચારોથી મિશ્ર રહે છે.

**अतः समाधत्स्व यतेन्द्रियः सदा निरन्तरं शान्तमनाः प्रतीचि ।**
**विध्वंसय ध्वान्तमनाद्यविद्यया कृतं सदेकत्वविलोकनेन ॥ ३६७ ॥**

માટે નિરંતર ઇંદ્રિયોને વશ કરી, શાંત મનવાળો થઈ અંતરાત્મામાં ચિત્ત સ્થિર કર; અને બ્રહ્મમાં આત્માની એકતા જોઈને અનાદિ માયાથી ઊપજેલા અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કર.

યોગનો પહેલો દરવાજો

**योगस्य प्रथमं द्वारं वाङ्‌निरोधोऽपरिग्रहः ।**
**निराशा च निरीहा च नित्यमेकान्तशीलता ॥ ३६८ ॥**

વાણીને નિયમમાં રાખવી, કોઈ વસ્તુનો સંગ્રહ ન કરવો, આશારહિત થવું, સર્વ ઇચ્છાનો ત્યાગ કરવો અને હમેશાં એકાંતમાં રહેવું—એ યોગનું પહેલું દ્વાર છે.

**एकान्तस्थितिरिन्द्रियोपरमणे हेतुर्दमश्चेतसः**
**संरोधे करणं शमेन विलयं यायादहंवासना ।**
**तेनानन्दरसानुभूतिरचला ब्राह्मी सदा योगिन-**
**स्तस्माच्चित्तनिरोध एव सततं कार्यः प्रयत्नान्मुनेः ॥ ३६९ ॥**

એકાંતમાં રહેવું, તે ઇંદ્રિયો વશ થવામાં કારણ છે; તે વશ થવાથી મન વશ થાય છે; મન વશ થવાથી અહં-કારની વાસના નાશ પામે છે અને વાસનાનો નાશ થતાં બ્રહ્માનંદના રસનો અચળ અનુભવ યોગીને સદા થાય છે; માટે મનનશીલ મનુષ્યે હમેશાં ચિત્તને વશ કરવામાં જ પ્રયત્ન કરવો.

**वाचं नियच्छात्मनि तं नियच्छ बुद्धौ धियं यच्छ च बुद्धिसाक्षिणी ।**
**तं चापि पूर्णात्मनि निर्विकल्पे विलाप्य शान्ति परमां भजस्व ॥३७०**

તું વાણીને મનમાં, મનને બુદ્ધિમાં અને બુદ્ધિને તેના સાક્ષી આત્મામાં લીન કરી દે; અને પછી તેનો પણ નિર્વિ-કલ્પ બ્રહ્મમાં લય કરી પરમ શાંતિને પામ.

**देहप्राणेन्द्रियमनोबुद्ध्यादिभिरुपाधिभिः ।**
**यैर्यैर्वृत्तेः समायोगस्तत्तद्भावोऽस्य योगिनः ॥ ३७१ ॥**

શરીર, પ્રાણ, ઇંદ્રિય, મન, બુદ્ધિ વગેરે જે જે ઉપાધિ-ઓ સાથે ચિત્તની વૃત્તિ જોડાય છે, તે તે ભાવ યોગીને થાય છે (તેથી આત્મસ્વરૂપનું વિસ્મરણ થાય છે).

**तन्निवृत्त्या मुनेः सम्यक्सर्वोपरमणं सुखम् ।**
**संदृश्यते सदानन्दरसानुभवविप्लवः ॥ ३७२ ॥**

માટે એ બધી ઉપાધિઓથી ચિત્તવૃત્તિને રોકવાથી જ યોગીને પૂર્ણ શાંતિનું સુખ બરાબર દેખાય છે અને સદા બ્રહ્માનંદના રસના અનુભવથી પોતે તરબોળ બને છે.

### વૈરાગ્ય

**अन्तस्त्यागो बहिस्त्यागो विरक्तस्यैव युज्यते ।**
**त्यजत्यन्तर्बहिःसङ्गं विरक्तस्तु मुमुक्षया ॥ ३७३ ॥**

જેને વૈરાગ્ય ઊપજ્યો હોય, તે જ અંદર વિષયોની વાસનાઓનો અને બહારના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ

વગેરે વિષયોનો ત્યાગ કરી શકે છે; કારણ કે એવો વિરક્ત જ મુક્તિની ઇચ્છાથી અંદરના તથા બહારના વિષયોનો સંગ તજે છે.

बहिस्तु विषयैः सङ्गं तथान्तरहमादिभिः ।
विरक्त एव शक्नोति त्यक्तुं ब्रह्मणि निष्ठितः ॥ ३७४ ॥

વળી બ્રહ્મમાં સ્થિર થયેલો વિરક્ત જ બહારના વિષયોનો અને અંદરના અહંકાર વગેરેનો સંગ તજવા સમર્થ થાય છે.

वैराग्यबोधौ पुरुषस्य पक्षिवत् पक्षौ विजानीहि विचक्षण त्वम् ।
विमुक्तिसौधाग्रतलाधिरोहणं ताभ्यां विना नान्यतरेण सिध्यति ॥३७५

હે વિદ્વાન! જેમ પક્ષીને બે પાંખો હોય છે, તેમ માણસને પણ વૈરાગ્ય અને જ્ઞાન બે પાંખો જેવાં તું જાણ; કારણ કે એ બે વિના બીજા કોઈ પણ સાધનથી મુક્તિરૂપી મહેલના છેક ઉપરના માળે ચઢવું બની શકતું નથી.

अत्यन्तवैराग्यवतः समाधिः समाहितस्यैव दृढप्रबोधः ।
प्रबुद्धतत्त्वस्य हि बन्धमुक्तिर्मुक्तात्मनो नित्यसुखानुभूतिः ॥ ३७६ ॥

જેનો વૈરાગ્ય દૃઢ–સ્થિર હોય, તેને જ સમાધિ થાય છે; જેને સમાધિ થતી હોય, તેને જ દૃઢ જ્ઞાન થાય છે; જેણે એ જ્ઞાનથી તત્ત્વ જાણ્યું હોય, તે જ સંસારરૂપ બંધનમાંથી છૂટે છે; અને જે એ બંધનમાંથી છૂટ્યો હોય, તેને જ નિત્યસુખનો અનુભવ થાય છે.

वैराग्यान्न परं सुखस्य जनकं पश्यामि वश्यात्मन-
स्तच्चेच्छुद्धतरात्मबोधसहितं स्वाराज्यसाम्राज्यधुक् ।
एतद्द्वारमजस्रमुक्तियुवतेर्यस्मात्त्वमस्मात्परं
सर्वत्रास्पृहया सदात्मनि सदा प्रज्ञां कुरु श्रेयसे ॥ ३७७ ॥

જેણે મન જીત્યું હોય, તેને વૈરાગ્યથી બીજું સુખ-

કારક હું દેખતો નથી; અને તે પણ અતિ શુદ્ધ આત્મજ્ઞાન-વાળું જો થયું હોય, તો સ્વર્ગના સામ્રાજ્યનું સુખ આપે છે. મુક્તિરૂપી યુવતીનું બારણું આ જ છે; માટે હે વત્સ! કલ્યાણ સારુ તું બધે નિઃસ્પૃહ થઈ સદા સત્–આત્મામાં જ બુદ્ધિ કર.

आशां छिन्धि विषोपमेषु विषयेष्वेषैव मृत्योः सृति-
स्त्यक्त्वा जातिकुलाश्रमेष्वभिमतिं मुञ्चातिदूरात्क्रियाः ।
देहादावसति त्यजात्मधिषणां प्रज्ञां कुरुष्वात्मनि
त्वं द्रष्टास्यमलोऽसि निर्द्वयपरं ब्रह्मासि यद्वस्तुतः ॥ ३७८ ॥

ઝેરના જેવા વિષયોની આશા તું છોડી દે; કારણ કે એ જ મૃત્યુનો માર્ગ છે; અને જાતિ, કુળ તથા આશ્રમ વગેરેનું અભિમાન છોડી દરેક ક્રિયાઓને અતિ દૂરથી જ તજી દે; દેહ વગેરે મિથ્યા પદાર્થો ઉપરની આત્મબુદ્ધિ દૂર કર અને આત્મામાં જ બુદ્ધિ કર; કારણ કે ખરી રીતે તું પોતે જ આ બધા પદાર્થોનો દ્રષ્ટા, નિર્મળ અને એક જ પરબ્રહ્મ છે.

ધ્યાનની રીત

लक्ष्ये ब्रह्मणि मानसं दृढतरं संस्थाप्य बाह्येन्द्रियं
स्वस्थाने विनिवेश्य निश्चलतनुश्चापेक्ष्य देहस्थितिम् ।
ब्रह्मात्मैक्यमुपेत्य तन्मयतया चाखण्डवृत्त्यानिशं
ब्रह्मानन्दरसं पिबात्मनि मुदा शून्यैः किमन्यैर्भ्रमैः ॥ ३७९ ॥

ચિત્તને બ્રહ્મરૂપ લક્ષ્યમાં જ અતિ દૃઢ સ્થાપી, કર્મેંદ્રિયોને તેના વિષયોથી ખેંચી લઈ, પોતપોતાને ઠેકાણે જ સ્થિર કર; શરીરને સ્થિર રાખી એની સ્થિતિ તરફ ધ્યાન ન દે; આમ બ્રહ્મ અને આત્માની એકતા પામીને નિરંતર તન્મય થઈ આત્મામાં જ અખંડ વૃત્તિ વડે આનંદથી બ્રહ્મનો આનંદરસ પી; બીજી નકામી ભ્રમણાઓથી શું ફળ છે?

अनात्मचिन्तनं त्यक्त्वा कश्मलं दुःखकारणम् ।
चिन्तयात्मानमानन्दरूपं यन्मुक्तिकारणम् ॥ ३८० ॥

જગતના વિષયોનું ચિંતન કરવું, એ જ દુઃખનું કારણ મોહ છે; માટે તેને તજી આનંદસ્વરૂપ આત્માનું ધ્યાન કર; કેમ કે એ જ મુક્તિનું કારણ બનશે.

एष स्वयंज्योतिरशेषसाक्षी विज्ञानकोशे विलसत्यजस्रम् ।
लक्ष्यं विधायैनमसद्विलक्षणमखण्डवृत्त्यात्मतयानुभावय ॥ ३८१ ॥

આ સ્વયંપ્રકાશ અને સૌનો સાક્ષી આત્મા વિજ્ઞાનમય કોશમાં નિરંતર વિશેષ પ્રકાશે છે; તે અનિત્ય પદાર્થોથી જુદો છે; એને જ ધ્યાનનું લક્ષ્ય બનાવી અખંડ વૃત્તિથી આત્મારૂપે તું ચિંતવ.

एतमच्छिन्नया वृत्त्या प्रत्ययान्तरशून्यया ।
उल्लेखयन्विजानीयात्स्वस्वरूपतया स्फुटम् ॥ ३८२ ॥

બીજા બધા વિચારો વિનાની અખંડ વૃત્તિથી, એ એક જ આત્માનું ચિંતન કરતાં કરતાં, એને જ પોતાનું સ્પષ્ટ સ્વરૂપ સમજવું.

अत्रात्मत्वं दृढीकुर्वन्नहमादिषु सन्त्यजन् ।
उदासीनतया तेषु तिष्ठेद् घटपटादिवत् ॥ ३८३ ॥

અહંકાર વગેરે ઉપર આત્મબુદ્ધિ તજી દઈ, એ આત્મા ઉપર જ આત્મબુદ્ધિને સ્થિર કરી ઘડો, કપડાં વગેરે બીજા (જડ) પદાર્થોની જેમ એ અહંકાર વગેરે તરફ ઉદાસીનપણે રહેવું.

આત્મદૃષ્ટિ

विशुद्धमन्तःकरणं स्वरूपे निवेश्य साक्षिण्यवबोधमात्रे ।
शनैः शनैर्निश्चलतामुपानयन् पूर्णं स्वमेवानुविलोकयेत्ततः ॥३८४॥

સાક્ષી અને જ્ઞાનસ્વરૂપ આત્મામાં જ શુદ્ધ અંતઃકરણ લગાડીને ધીરે ધીરે સ્થિર કરી, છેવટે પોતાને જ પૂર્ણ

સ્વરૂપે જોવો.

देहेन्द्रियप्राणमनोऽहमादिभिः स्वाज्ञानक्लृप्तैरखिलैरुपाधिभिः ।
विमुक्तमात्मानमखण्डरूपं पूर्णं महाकाशमिवावलोकयेत् ॥ ३८५ ॥

માત્ર અજ્ઞાનને લીધે જ જણાતા દેહ, ઇંદ્રિય, પ્રાણ, મન અને અહંકાર વગેરે બધી ઉપાધિઓથી રહિત, અખંડ અને પૂર્ણ આત્મતત્ત્વને જ આકાશની પેઠે બધે રહેલું જોવું.

घटकलशकुशूलसूचिमुख्यैर्गगनमुपाधिशतैर्विमुक्तमेकम् ।
भवति न विविधं तथैव शुद्धं परमहमादिविमुक्तमेकमेव ॥ ३८६ ॥

જેમ આકાશ લોટામાં, ઘડામાં, કોઠીમાં, સોયના નાકામાં વગેરે દરેક ઠેકાણે રહ્યું છે, છતાં તે તે ઉપાધિઓથી રહિત હોઈ એક જ છે–તે અનેક પ્રકારનું થતું નથી જ, તેમ અહંકાર, દેહ વગેરે ઉપાધિઓથી રહિત શુદ્ધ આત્મા એક જ છે–તે અનેક પ્રકારનો કદી થતો જ નથી.

ब्रह्मादिस्तम्बपर्यन्ता मृषामात्रा उपाधयः ।
ततः पूर्णं स्वमात्मानं पश्येदेकात्मना स्थितम् ॥ ३८७ ॥

બ્રહ્માથી માંડી ઘાસના થૂમડા સુધીની દરેક ઉપાધિ ખોટી જ છે; માટે પોતાના આત્માને પૂર્ણ એક જ સ્વરૂપે રહેલો જોવો.

यत्र भ्रान्त्या कल्पितं यद्विवेके तत्तन्मात्रं नैव तस्माद्विभिन्नम् ।
भ्रान्तेर्नाशे भ्रान्तिदृष्टाहितत्त्वं रज्जुस्तद्वद्विश्वमात्मस्वरूपम् ॥ ३८८

જે વસ્તુમાં ભ્રાંતિથી બીજી કલ્પિત વસ્તુ જણાઈ હોય, તે મૂળ વસ્તુનું જ્ઞાન થતાં પેલી ભ્રમથી ઊપજેલી કલ્પિત વસ્તુ તેથી જુદી હતી જ નહિ–માત્ર મૂળ વસ્તુ જ હતી, એમ સમજાય છે; જેમ ભ્રાંતિ નાશ પામ્યા પછી દોરડામાં દેખાયેલો સર્પ માત્ર દોરડીરૂપે જ દેખાય છે, તેમ અજ્ઞાન નાશ પામ્યા પછી આત્માની અંદર દેખાયેલું કલ્પિત જગત

માત્ર આત્મતત્ત્વરૂપે જ જણાય છે.

स्वयं ब्रह्मा स्वयं विष्णुः स्वयमिन्द्रः स्वयं शिवः ।
स्वयं विश्वमिदं सर्वं स्वस्मादन्यन्न किञ्चन ॥ ३८९ ॥

પોતે જ બ્રહ્મા છે, પોતે જ વિષ્ણુ છે, પોતે જ ઇંદ્ર છે, પોતે જ શિવ છે, પોતે જ આખું વિશ્વ છે; પોતાથી જુદું કાંઈ છે જ નહિ.

अन्तः स्वयं चापि बहिः स्वयं च स्वयं पुरस्तात्स्वयमेव पश्चात् ।
स्वयं ह्यवाच्यां स्वयमप्युदीच्यां तथोपरिष्टात्स्वयमप्यधस्तात् ॥३९०

પોતે જ અંદર છે, પોતે જ બહાર છે, પોતે જ આગળ છે, પોતે જ પાછળ છે; પોતે જ જમણી તરફ છે, પોતે જ ડાબી તરફ છે, પોતે જ ઊંચે છે અને પોતે જ નીચે છે.

तरङ्गफेनभ्रमबुद्बुदादि सर्वं स्वरूपेण जलं यथा तथा ।
चिदेव देहाद्यहमन्तमेतत् सर्वं चिदेवैकरसं विशुद्धम् ॥ ३९१ ॥

જેમ પાણીનાં મોજાં, ફીણ, (તેમાં પડતી) ઘૂઘરી, પરપોટા વગેરે બધું સ્વરૂપે તો પાણી જ છે, તેમ દેહથી માંડી અહંકાર સુધીનું આ આખું જગત કેવળ ચેતનરૂપ રસવાળું શુદ્ધ ચેતન જ છે.

सदेवेदं सर्वं जगदवगतं वाङ्मनसयोः
सतोऽन्यन्नास्त्येव प्रकृतिपरसीम्नि स्थितवतः ।
पृथक् किं मृत्स्नायाः कलशघटकुम्भाद्यवगतं
वदत्येष भ्रान्तस्त्वमहमिति मायामदिरया ॥ ३९२ ॥

મન અને વાણીથી અનુભવાતું આ આખું જગત સત્–સ્વરૂપ જ છે. જે મનુષ્ય માયાથી પર રહેલા આત્માના સ્વરૂપમાં જ સ્થિત થયો હોય, તેની દૃષ્ટિએ સત્ સિવાય બીજું કંઈ છે જ નહિ. કલશ, ઘડો, કુંભ આદિ નામોથી

જણાયેલું રૂપ માટીથી જુદું શું છે? કંઈ જ નથી. જે મનુષ્ય માયારૂપી મદિરાથી ભમી ગયો હોય, તે જ 'હું' અને 'તું' એવી (ભેદવાળી વાણી) બોલે છે.

क्रियासमभिहारेण यत्र नान्यदिति श्रुतिः।
ब्रवीति द्वैतराहित्यं मिथ्याध्यासनिवृत्तये ॥ ३९३ ॥

'આ જગત' અને 'આ બ્રહ્મ' એવો ભેદ છે જ નહિ–એ બન્ને એક જ છે. આવી રીતે વેદ[1] પોતે એ ખોટો ભ્રમ દૂર કરવા માટે વારંવાર કહે છે.

आकाशवन्निर्मलनिर्विकल्पनिःसीमनिष्पन्दननिर्विकारम्।
अन्तर्बहिःशून्यमनन्यमद्वयं स्वयं परं ब्रह्म किमस्ति बोध्यम् ॥ ३९४ ॥

આકાશ જેવું નિર્મળ, કોઈ પણ જાતના ભેદ વગરનું, સીમા વગરનું, અચળ, વિકાર વગરનું, અંદર અને બહાર એવા ભાગ વગરનું, સર્વના આત્મારૂપ અને એક પોતે જ બ્રહ્મ છે; એથી બીજું શું જાણવા જેવું છે? (કંઈ જ નથી.)

वक्तव्यं किमु विद्यतेऽत्र बहुधा ब्रह्मैव जीवः स्वयं
ब्रह्मैतज्जगदाततं नु सकलं ब्रह्माद्वितीयं श्रुतेः।
ब्रह्मैवाहमिति प्रबुद्धमतयः सन्त्यक्तबाह्याः स्फुटं
ब्रह्मीभूय वसन्ति सन्ततचिदानन्दात्मनैव ध्रुवम् ॥ ३९५ ॥

આ બાબતમાં વધારે શું કહેવાનું છે? જીવ પોતે બ્રહ્મ જ છે, અને એ બ્રહ્મ જ જગતરૂપે ફેલાયેલું છે; કારણ કે વેદ પણ કહે છે કે, 'બ્રહ્મ અદ્વિતીય છે'–બ્રહ્મ સિવાય બીજું કાંઈ છે જ નહિ. વળી આ ખુલ્લું છે કે, 'હું બ્રહ્મ છું' એવા જ્ઞાનને પામેલી બુદ્ધિવાળા પુરુષો ઇંદ્રિયોના

१ 'यत्र नान्यत् पश्यति, नान्यच्छृणोति, नान्यद्विजानति स भूमा–જે બીજું જોતો નથી, બીજું, સાંભળતો નથી અને બીજું જાણતો નથી, એ પરમાત્મા છે.' (छांदोग्य० ७–२८–१)

વિષયોને તજી બ્રહ્મરૂપ થઈને સદા સત્–ચિત્–આનંદસ્વરૂપે જ રહે છે.

जहि मलमयकोशेऽहंधियोत्थापिताशां
प्रसभमनिलकल्पे लिङ्गदेहेऽपि पश्चात्।
निगमगदितकीर्तिं नित्यमानन्दमूर्तिं
स्वयमिति परिचीय ब्रह्मरूपेण तिष्ठ ॥ ३९६ ॥

કચરાથી ભરેલા આ સ્થૂલ શરીર ઉપર અહંબુદ્ધિથી ઊપજેલી આશાને તું છોડી દે; પછી લગભગ વાયુ જેવા સૂક્ષ્મ શરીર ઉપરની પણ આશા તું છોડી દે; તે પછી વેદ પણ જેની કીર્તિ ગાય છે, એવું આનંદસ્વરૂપ બ્રહ્મ 'હું પોતે જ છું' એમ સમજી બ્રહ્મરૂપે રહે.

शवाकारं यावद्भजति मनुजस्तावदशुचिः
परेभ्यः स्यात्क्लेशो जननमरणव्याधिनिलयः।
यदात्मानं शुद्धं कलयति शिवाकारमचलं
तदा तेभ्यो मुक्तो भवति हि तदाह श्रुतिरपि ॥ ३९७ ॥

વેદ પણ એ જ કહે છે કે, 'જ્યાં સુધી માણસ મુડદા જેવા પોતાના શરીરને મારું માની વળગી રહ્યો છે, ત્યાં સુધી એ અપવિત્ર છે; અને ત્યાં સુધી જન્મ, મરણ તથા રોગોનું ઘર બનેલા તેને બીજાઓથી દુઃખ થાય છે; પણ જ્યારે પોતાને કલ્યાણસ્વરૂપ, અચળ અને શુદ્ધ તરીકે ઓળખે છે, ત્યારે એ બધાંમાંથી છૂટે છે.'

स्वात्मन्यारोपिताशेषाभासवस्तुनिरासतः।
स्वयमेव परं ब्रह्म पूर्णमद्वयमक्रियम् ॥ ३९८ ॥

પોતાના આત્મામાં માત્ર કલ્પનાથી જણાયેલા બધા આભાસરૂપ પદાર્થોને ત્યજવાથી જીવ પોતે જ એક, અક્રિય અને પરિપૂર્ણ બ્રહ્મ તરીકે રહે છે.

જગત છે જ નહિ

समाहितायां सति चित्तवृत्तौ परात्मनि ब्रह्मणि निर्विकल्पे।
न दृश्यते कश्चिदयं विकल्पः प्रजल्पमात्रः परिशिष्यते ततः ॥ ३९९॥

જો કોઈ જાતનો ભેદ છે જ નહિ એવા પરમાત્મા પરબ્રહ્મમાં ચિત્તની વૃત્તિ સ્થિર થાય, તો આ કલ્પનારૂપ મિથ્યા જગત દેખાતું જ નથી; અને પછી માત્ર બકવાદરૂપે જ બાકી રહે છે–ખોટું જણાય છે.

असत्कल्पो विकल्पोऽयं विश्वमित्येकवस्तुनि।
निर्विकारे निराकारे निर्विशेषे भिदा कुतः ॥ ४००॥

માત્ર એક જ વસ્તુ બ્રહ્મમાં આ આખું જગત મિથ્યા-કલ્પનારૂપ જ છે; કેમ કે વિકાર, આકાર તથા વિશેષણ વગરના બ્રહ્મમાં જગતરૂપ ભેદ ક્યાંથી હોઈ શકે?

द्रष्टृदर्शनदृश्यादिभावशून्यैकवस्तुनि।
निर्विकारे निराकारे निर्विशेषे भिदा कुतः ॥ ४०१॥

બ્રહ્મરૂપ એક જ વસ્તુ દ્રષ્ટા, દર્શન અને દૃશ્ય આદિ ભાવથી રહિત છે; તેમ જ વિકાર, આકાર અને વિશેષ ધર્મોથી પણ રહિત છે, તો તેમાં જગતરૂપ ભેદ હોય જ ક્યાંથી?

कल्पार्णव इवात्यन्तपरिपूर्णैकवस्तुनि।
निर्विकारे निराकारे निर्विशेषे भिदा कुतः ॥ ४०२॥

પ્રલય વખતનો સમુદ્ર જેમ છલોછલ ભરેલો હોય છે, તેમ અત્યંત પરિપૂર્ણ એક જ વસ્તુરૂપ વિકાર, આકાર અને વિશેષ ધર્મોથી રહિત બ્રહ્મમાં જગતરૂપ ભેદ ક્યાંથી હોઈ શકે?

तेजसीव तमो यत्र प्रलीनं भ्रान्तिकारणम्।
अद्वितीये परे तत्त्वे निर्विशेषे भिदा कुतः ॥ ४०३॥

જેમ તેજમાં અંધારું નાશ પામે છે, તેમ જ બ્રહ્મમાં

ભ્રમનું કારણ—અજ્ઞાન નાશ પામે છે; એ એક જ વિશેષ-રહિત બ્રહ્મમાં જગતરૂપ ભેદ ક્યાંથી હોય?

**एकात्मके परे तत्त्वे भेदवार्ता कथं भवेत् ।**
**सुषुप्तौ सुखमात्रायां भेदः केनावलोकितः ॥ ४०४ ॥**

વિશેષરહિત એક જ પરમ તત્ત્વમાં ભેદની વાત જ કેમ રહે? માત્ર સુખરૂપ સુષુપ્તિ અવસ્થામાં ભેદ કોણે જોયો છે? (કોઈએ નહિ.)

**न ह्यस्ति विश्वं परतत्त्वबोधात् सदात्मनि ब्रह्मणि निर्विकल्पे ।**
**कालत्रये नाप्यहिरीक्षितो गुणे न ह्यम्बुबिन्दुर्मृगतृष्णिकायाम् ॥ ४०५**

પરમ તત્ત્વનું જ્ઞાન થયા પછી સત્સ્વરૂપ અને નિર્વિ-કલ્પભેદરહિત પરબ્રહ્મમાં આ જગત છે જ નહિ. ભૂત, વર્તમાન અને ભવિષ્ય, ત્રણે કાળે દોરડામાં કોઈએ સર્પ જોયો નથી; અને ઝાંઝવાના જળમાં પાણીનું ટીપું પણ હોતું જ નથી.

**मायामात्रमिदं द्वैतमद्वैतं परमार्थतः ।**
**इति ब्रूते श्रुतिः साक्षात्सुषुप्तावनुभूयते ॥ ४०६ ॥**

વેદ પણ કહે છે કે, આ દેખાતો જગતરૂપ ભેદ માત્ર માયા જ છે; ખરી રીતે અદ્વૈત—બ્રહ્મ જ છે. આ વસ્તુ સુષુપ્તિ-માં સાક્ષાત્ અનુભવાય છે.

**अनन्यत्वमधिष्ठानादारोप्यस्य निरीक्षितम् ।**
**पण्डितै रज्जुसर्पादौ विकल्पो भ्रान्तिजीवनः ॥ ४०७ ॥**

દોરડું અને સર્પ વગેરેમાં બુદ્ધિશાળી માણસોએ જોયું છે કે, ભ્રાંતિથી દેખાયેલ સર્પ વગેરે દોરડાં વગેરેથી જુદા હોતા નથી (આ જ રીતે બ્રહ્મમાં જણાતું જગત બ્રહ્મથી જુદું નથી જ). ભેદનું જીવન ભ્રાંતિ જ છે—ભ્રમ વિના ભેદ ઊપજતો જ નથી.

આત્માનું ચિંતન

**चित्तमूलो विकल्पोऽयं चित्ताभावे न कश्चन।**
**अतश्चित्तं समाधेहि प्रत्यग्रूपे परात्मनि ॥ ४०८ ॥**

આ ભેદ દેખાય છે, તે ચિત્તને કારણે જ છે. ચિત્ત ન હોય તો કંઈ જ નથી; માટે પહેલાં ચિત્તને અંતરાત્મા બ્રહ્મમાં સ્થિર કર.

**किमपि सततबोधं केवलानन्दरूपं**
**निरुपममतिवेलं नित्यमुक्तं निरीहम्।**
**निरवधि गगनाभं निष्कलं निर्विकल्पं**
**हृदि कलयति विद्वान्ब्रह्म पूर्णं समाधौ ॥ ४०९ ॥**

વિદ્વાન માણુસ નિત્ય જ્ઞાનસ્વરૂપ, કેવળ આનંદરૂપ, ઉપમારહિત, કાળથી પણ નહિ મપાયેલ, સદા મુક્ત, ક્રિયા વગરનું, આકાશની પેઠે સીમા વિનાનું, અવયવરહિત, વિશેષ(ભેદ)રહિત અને પરિપૂર્ણ બ્રહ્મને સમાધિમાં હૃદય વિષે અનુભવે છે.

**प्रकृतिविकृतिशून्यं भावनातीतभावं**
**समरसमसमानं मानसम्बन्धदूरम्।**
**निगमवचनसिद्धं नित्यमस्मत्प्रसिद्धं**
**हृदि कलयति विद्वान्ब्रह्मपूर्णं समाधौ ॥ ४१० ॥**

પ્રકૃતિના વિકારોથી રહિત, કલ્પનાથી રહિત સ્વભાવવાળા એકરસ, અખંડ, ઉપમારહિત, પ્રમાણો[1]ના અવિષય વેદનાં વચનોથી સાબિત થયેલ, નિત્ય અને 'હું'રૂપે પ્રસિદ્ધ પરિપૂર્ણ બ્રહ્મને વિદ્વાન માણુસ સમાધિમાં હૃદય વિષે અનુભવે છે.

**अजरममरमस्ताभासवस्तुस्वरूपं**
**स्तिमितसलिलराशिप्रख्यमाख्याविहीनम्।**

---

૧ પ્રમાણુ ચાર છે: પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ.

शमितगुणविकारं शाश्वतं शान्तमेकं
हृदि कलयति विद्वान्ब्रह्म पूर्णं समाधौ ॥ ४११ ॥

અજર (ઘડપણ વિનાનું), અમર (નાશરહિત), આભાસ વસ્તુના જેવા સ્વરૂપ વિનાનું (સત્ય), અચળ સમુદ્ર જેવું, નામ–રૂપ વગરનું, ત્રણેય ગુણોના વિકાર વગરનું, નિત્ય, શાંત અને એક જ પૂર્ણ બ્રહ્મને વિદ્વાન મનુષ્ય સમાધિમાં હૃદય વિષે અનુભવે છે.

समाहितान्तःकरणः स्वरूपे विलोकयात्मानमखण्डवैभवम् ।
विच्छिन्धि बन्धं भवगन्धगन्धितं यत्नेन पुंस्त्वं सफलीकुरुष्व ॥ ४१२

પોતાના સ્વરૂપમાં અંતઃકરણને સ્થિર કરી અખંડ વૈભવવાળા આત્માનો તું અનુભવ કર; સંસારની ગંધથી ગંધાતા બંધનને કાપી નાખ; અને પ્રયત્ન કરી મનુષ્ય-જન્મને સફળ કર.

सर्वोपाधिविनिर्मुक्तं सच्चिदानन्दमद्वयम् ।
भावयात्मानमात्मस्थं न भूयः कल्पसेऽध्वने ॥ ४१३ ॥

દરેક ઉપાધિથી રહિત, એક જ, સચ્ચિદાનંદરૂપ અને પોતાના અંતરમાં જ રહેલા આત્માનું તું ચિંતન કર; તેથી ફરી સંસારના માર્ગમાં તું નહિ આવે.

દશ્યનો ત્યાગ

छायेव पुंसः परिदृश्यमानमाभासरूपेण फलानुभूत्या ।
शरीरमाराच्छववन्निरस्तं पुनर्न सन्धत्त इदं महात्मा ॥ ४१४ ॥

આ શરીર પોતાની છાયા જેવું માત્ર આભાસરૂપે જ દેખાય છે; મહાત્મા પુરુષ મુડદાની પેઠે એક વાર એને ત્યજીને ફરી તેનો વિચાર પણ કરતો નથી.

सततविमलबोधानन्दरूपं समेत्य
त्यज जडमलरूपोपाधिमेतं सुदूरे ।

अथ पुनरपि नैष स्मर्यतां वान्तवस्तु
स्मरणविषयभूतं कल्पते कुत्सनाय ॥ ४१५ ॥

નિરંતર નિર્મળ જ્ઞાન અને આનંદસ્વરૂપ આત્માને સમજ્યા પછી મળરૂપ આ જડ ઉપાધિનો દૂરથી જ ત્યાગ કર અને ફરી એને યાદ પણ ન કર; કારણ કે ઓકી કાઢેલી વસ્તુ ફરી યાદ કરી હોય, તો તે નિંદાનું જ કારણ બને.

समूलमेतत्परिदह्य वह्नौ सदात्मनि ब्रह्मणि निर्विकल्पे ।
ततः स्वयं नित्यविशुद्धबोधानन्दात्मना तिष्ठति विद्वरिष्ठः ॥४१६॥

વિદ્વાનોમાં શ્રેષ્ઠ ગણાતો પુરુષ આ જગતને એના મૂળ કારણ (માયા) સાથે નિર્વિકલ્પ સત્‌સ્વરૂપ બ્રહ્મરૂપ અગ્નિમાં બાળી નાખીને પછી પોતે નિત્ય અને વિશુદ્ધ જ્ઞાનાનંદરૂપે રહે છે.

प्रारब्धसूत्रग्रथितं शरीरं प्रयातु वा तिष्ठतु गोरिव स्रक् ।
न तत्पुनः पश्यति तत्त्ववेत्ताऽऽनन्दात्मनि ब्रह्मणि लीनवृत्तिः ॥४१७

જેમ ગાય પોતાના ગળામાં પહેરાવેલી માળા રહે કે જાય તેના તરફ ધ્યાન દેતી નથી, તેમ આનંદરૂપ બ્રહ્મમાં મગ્ન વૃત્તિવાળો તત્ત્વજ્ઞાની પ્રારબ્ધકર્મરૂપી દોરીમાં પરોવાયેલું આ શરીર રહે કે પડી જાય, એની ચિંતા ફરી કરતો નથી.

अखण्डानन्दमात्मानं विज्ञाय स्वस्वरूपतः ।
किमिच्छन् कस्य वा हेतोर्देहं पुष्णाति तत्त्ववित् ॥४१८ ॥

અખંડ આનંદરૂપ આત્માને એના મૂળ સ્વરૂપે સમજી લીધા પછી કઈ ઇચ્છાથી અથવા કયા કારણથી તત્ત્વજ્ઞાની શરીરનું પોષણ કરે ?

આત્મજ્ઞાનનું ફળ

संसिद्धस्य फलं त्वेतज्जीवन्मुक्तस्य योगिनः ।
बहिरन्तः सदानन्दरसास्वादनमात्मनि ॥ ४१९ ॥

જીવન્મુક્ત યોગીને સારી રીતે મળેલા આત્મજ્ઞાનનું ફળ આ છે, કે એ નિરંતર પોતાના આત્મામાં જ અંદર અને બહાર સદા આનંદરસનો સ્વાદ અનુભવ્યા કરે છે.

वैराग्यस्य फलं बोधो बोधस्योपरतिः फलम् ।
स्वानन्दानुभवाच्छान्तिरेषैवोपरतेः फलम् ॥ ४२० ॥

વૈરાગ્યનું ફળ જ્ઞાન છે; જ્ઞાનનું ફળ ઉપરતિ (વિષયો-થી અટકવું તે) છે; અને ઉપરતિનું ફળ એ જ છે કે, આત્માનંદના અનુભવથી શાંતિ થાય.

यद्युत्तरोत्तराभावः पूर्वपूर्वं तु निष्फलम् ।
निवृत्तिः परमा तृप्तिरानन्दोऽनुपमः स्वतः ॥ ४२१ ॥

ઉપર જણાવ્યા પ્રમાણે જો પછી પછીનું ન હોય, તો પૂર્વ પૂર્વનું નિષ્ફળ છે (એટલે કે આત્મશાંતિ વિના ઉપ-રતિ, ઉપરતિ વિના જ્ઞાન અને જ્ઞાન વિના વૈરાગ્ય નિષ્ફળ છે). વિષયોથી પોતે અટકવું એ જ પરમ તૃપ્તિ છે અને એ જ અનુપમ આનંદ છે.

दृष्टदुःखेष्वनुद्वेगो विद्यायाः प्रस्तुतं फलम् ।
यत्कृतं भ्रान्तिवेलायां नाना कर्म जुगुप्सितम् ।
पश्चान्नरो विवेकेन तत्कथं कर्तुमर्हति ॥ ४२२ ॥

(પ્રારબ્ધકર્મથી આવી પડેલાં) દુષ્ટ દુઃખોથી હારી ન જવું, એ જ આત્મજ્ઞાનનું ચાલુ ફળ છે; કારણ કે ભ્રાંતિના સમયે જે અનેક પ્રકારનાં નિંદ્ય કર્મો કર્યાં હતાં, તેને જ્ઞાન થયા પછી પણ મનુષ્ય કરે, તે શું યોગ્ય છે?

विद्याफलं स्यादसतो निवृत्तिः प्रवृत्तिरज्ञानफलं तदीक्षितम् ।
तज्ज्ञाज्ञयोर्यन्मृगतृष्णिकादौ नो चेद्विदो दृष्टफलं किमस्मात् ॥४२३

અસત્-મિથ્યા પદાર્થોથી અટકવું, એ જ જ્ઞાનનું ફળ છે અને મિથ્યા પદાર્થો માટે પ્રવૃત્તિ કરવી, એ જ અજ્ઞાનનું

ફળ છે. એ બંનેનાં ફળ જ્ઞાની અને અજ્ઞાનીને મળતાં સૌએ જોયાં છે: ઝાંઝવાના પાણીમાં જ્ઞાની ફસાતો નથી અને અજ્ઞાની ફસાય છે; એમ ઉપર કહેલું જ્ઞાનનું ફળ જો ન મળ્યું હોય, તો જ્ઞાનીને તેનું બીજું પ્રત્યક્ષ ફળ શું મળવાનું છે? (સંસારનિવૃત્તિ વિના બીજું જ્ઞાનનું ફળ જ નથી.)

**अज्ञानहृदयग्रन्थेर्विनाशो यद्यशेषतः ।**
**अनिच्छोर्विषयः किन्नु प्रवृत्तेः कारणं स्वतः ॥ ४२४ ॥**

હૃદયની અજ્ઞાનરૂપી ગાંઠનો જો સંપૂર્ણ નાશ થયો હોય, તો વિષયોને નહિ ઇચ્છનાર એ માણસને વિષયો પોતે જ પોતામાં પ્રવૃત્તિ કરાવવાનું કારણ શું થાય? (ન જ થાય.)

**वासनानुदयो भोग्ये वैराग्यस्य परोऽवधिः ।**
**अहंभावोदयाभावो बोधस्य परमोऽवधिः ।**
**लीनवृत्तेरनुत्पत्तिर्मर्यादोपरतेस्तु सा ॥ ४२५ ॥**

ભોગવવા જેવી વસ્તુને ભોગવવા માટે વાસના પણ ન થાય, એ વૈરાગ્યની છેલ્લી હદ છે; અહંકારની જરા પણ અસર ન રહે, એ જ્ઞાનની છેલ્લી હદ છે; અને નાશ પામેલી ચિત્તની વૃત્તિઓ ફરી જન્મે નહિ, એ ઉપરતિની છેલ્લી હદ છે.

ધન્ય એ પુરુષને!

**ब्रह्माकारतया सदा स्थिततया निर्मुक्तबाह्यार्थधी-**
**रन्यावेदितभोग्यभोगकलनो निद्रालुवद्बालवत् ।**
**स्वप्नालोकितलोकवज्जगदिदं पश्यन्क्वचिल्लब्धधी-**
**रास्ते कश्चिदनन्तपुण्यफलभुग्धन्यः स मान्यो भुवि ॥ ४२६ ॥**

હમેશાં બ્રહ્મરૂપે જ રહેવાને લીધે જેની બુદ્ધિએ સંસારના વિષયો છોડ્યા હોય, અને જે ઊંઘતા માણસની જેમ અથવા બાળકની જેમ બીજાએ આપેલી ચીજોનો જ ઉપભોગ કરે, અને કોઈ વેળા બુદ્ધિ વિષય તરફ વળે ત્યારે જે આ

સંસારને સ્વપ્નમાં જોયેલા લોક જેવો જ જોતો રહે, એવો અનંત પુણ્યોનાં ફળને ભોગવનાર કોઈ જ્ઞાની ધન્ય છે; અને તે જ પૃથ્વી પર માન આપવા યોગ્ય છે.

સ્થિતપ્રજ્ઞ કોણ ?

**स्थितप्रज्ञो यतिरयं यः सदानन्दमश्नुते ।**
**ब्रह्मण्येव विलीनात्मा निर्विकारो विनिष्क्रियः ॥ ४२७ ॥**

જે યોગી પરબ્રહ્મમાં ચિત્તને લગાડી દઈ વિકાર તથા કર્મોથી રહિત થઈને સદા આનંદ અનુભવે છે, એ 'સ્થિતપ્રજ્ઞ' કહેવાય છે.

**ब्रह्मात्मनोः शोधितयोरेकभावावगाहिनी ।**
**निर्विकल्पा च चिन्मात्रा वृत्तिः प्रज्ञेति कथ्यते ।**
**सा सर्वदा भवेद्यस्य स्थितप्रज्ञः स उच्यते ॥ ४२८ ॥**

સારી રીતે જાણેલા બ્રહ્મ અને આત્માના એકપણાને સમજનારી, તર્ક–વિતર્ક વગરની અને માત્ર ચૈતન્યરૂપ બનેલી વૃત્તિને 'પ્રજ્ઞા' કહેવાય છે; અને જેનામાં એ પ્રજ્ઞા સર્વકાળે રહી હોય, એ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.

જીવન્મુક્ત કોણ ?

**यस्य स्थिता भवेत्प्रज्ञा यस्यानन्दो निरन्तरः ।**
**प्रपञ्चो विस्मृतप्रायः स जीवन्मुक्त इष्यते ॥ ४२९ ॥**

જેની પ્રજ્ઞા સ્થિર હોય, જેને હમેશાં આત્માનંદનો અનુભવ હોય, અને આ જગતરૂપ પ્રપંચ જેને લગભગ ભુલાઈ ગયો હોય, એ 'જીવન્મુક્ત' કહેવાય છે.

**लीनधीरपि जागर्ति यो जाग्रद्धर्मवर्जितः ।**
**बोधो निर्वासनो यस्य स जीवन्मुक्त इष्यते ॥ ४३० ॥**

જેની બુદ્ધિ બ્રહ્મમાં જ લીન હોય, છતાં જે જાગે છે–

જાગતાની પેઠે બધું સમજે છે, પણ જાગ્રત અવસ્થાના ધર્મોથી રહિત હોય છે, અને જેનું જ્ઞાન વાસના વગરનું હોય છે, એ 'જીવન્મુક્ત' કહેવાય છે.

**शान्तसंसारकलनः कलावानपि निष्कलः ।**
**यः सचित्तोऽपि निश्चिन्तः स जीवन्मुक्त इष्यते ॥ ४३१ ॥**

જેની સંસારની વાસના શમી ગઈ હોય, જે વ્યવહારમાં હોવાથી વિકારવાળો દેખાય, છતાં જેનામાં વિકાર નથી; અને જે ચિત્તવાળો હોવા છતાં પણ નિશ્ચિંત છે, એ 'જીવન્મુક્ત' મનાય છે.

**वर्तमानेऽपि देहेस्मिञ्छायावदनुवर्तिनि ।**
**अहंताममताभावो जीवन्मुक्तस्य लक्षणम् ॥ ४३२ ॥**

(પ્રારબ્ધકર્મ હોય ત્યાં સુધી) છાયાની જેમ પોતાની સાથે જ રહેતું શરીર હયાત છતાં જેને એના પર 'હું અને મારું' એવી ભાવના ન હોય, એ જીવન્મુક્તનું લક્ષણ છે.

**अतीताननुसन्धानं भविष्यदविचारणम् ।**
**औदासीन्यमपि प्राप्ते जीवन्मुक्तस्य लक्षणम् ॥ ४३३ ॥**

જે થઈ ગયું હોય એને યાદ ન કરવું, જે થવાનું હોય એની ચિંતા ન કરવી અને (ચાલુ) જે આવી મળ્યું હોય તે તરફ પણ ઉદાસીન રહેવું, એ જીવન્મુક્તનું લક્ષણ છે.

**गुणदोषविशिष्टेऽस्मिन्स्वभावेन विलक्षणे ।**
**सर्वत्र समदर्शित्वं जीवन्मुक्तस्य लक्षणम् ॥ ४३४ ॥**

ગુણ–દોષવાળા અને સ્વભાવથી જ વિલક્ષણ આ સંસારમાં સૌ ઉપર સમાન દૃષ્ટિ રાખવી, એ જીવન્મુક્તનું લક્ષણ છે.

**इष्टानिष्टार्थसम्प्राप्तौ समदर्शितयाऽऽत्मनि ।**
**उभयत्राविकारित्वं जीवन्मुक्तस्य लक्षणम् ॥ ४३५ ॥**

પોતાને ઇષ્ટ કે અનિષ્ટ વસ્તુ મળે, તોપણ એ બંને ઉપર મનમાં સમાન ભાવ હોવાથી જેને વિકાર ન થાય, એ જીવન્મુક્તનું લક્ષણ છે.

**ब्रह्मानन्दरसास्वादासक्तचित्ततया यतेः ।**
**अन्तर्बहिरविज्ञानं जीवन्मुक्तस्य लक्षणम् ॥ ४३६ ॥**

બ્રહ્મના આનંદરસનો સ્વાદ લેવામાં જ ચિત્ત લાગેલું હોવાથી મનમાં કે બહાર કોઈ પણ વસ્તુ પર ધ્યાન ન જાય, એ જિતેંદ્રિય જીવન્મુક્તનું લક્ષણ છે.

**देहेन्द्रियादौ कर्तव्ये ममाहंभाववर्जितः ।**
**औदासीन्येन यस्तिष्ठेत्स जीवन्मुक्तलक्षणः ॥ ४३७ ॥**

દેહ, ઇંદ્રિયો વગેરે અને કરવાનાં કામકાજ ઉપર મમતા અને અહંકાર વિનાનો જે ઉદાસીન ભાવે જ રહે, એ જીવન્મુક્ત કહેવાય છે.

**विज्ञात आत्मनो यस्य ब्रह्मभावः श्रुतेर्बलात् ।**
**भवबन्धविनिर्मुक्तः स जीवन्मुक्तलक्षणः ॥ ४३८ ॥**

જેણે વેદના બળથી 'પોતાનો આત્મા બ્રહ્મ જ છે' એમ સમજી લીધું હોય અને જે સંસારરૂપ બંધનમાંથી છૂટી ગયો હોય, એ જીવન્મુક્ત છે.

**देहेन्द्रियेष्वहंभाव इदंभावस्तदन्यके ।**
**यस्य नो भवतः क्वापि स जीवन्मुक्त इष्यते ॥ ४३९ ॥**

જેને દેહ તથા ઇંદ્રિયો ઉપર 'હું'પણું હોતું નથી; તેમ જ દુનિયાના પદાર્થો પર જેને 'આ'પણું હોતું નથી, એ જીવન્મુક્ત મનાય છે.

**न प्रत्यग्ब्रह्मणोर्भेदं कदापि ब्रह्मसर्गयोः ।**
**प्रज्ञया यो विजानाति स जीवन्मुक्त इष्यते ॥ ४४० ॥**

જે પોતાના આત્મામાં અને બ્રહ્મમાં તથા બ્રહ્મમાં

અને સંસારમાં બુદ્ધિથી કદી ભેદ જાણતો નથી, એ જીવન્મુક્ત છે.

साधुभिः पूज्यमानेऽस्मिन्पीड्यमानेऽपि दुर्जनैः ।
समभावो भवेद्यस्य स जीवन्मुक्त इष्यते ॥ ४४१ ॥

આ શરીરનો સારા માણુસો સત્કાર કરે અથવા દુર્જનો તેને દુઃખ દે, તોપણ જેને સૌ ઉપર સમાન ભાવ રહે, એ જીવન્મુક્ત મનાય છે.

यत्र प्रविष्टा विषयाः परेरिता नदीप्रवाहा इव वारिराशौ ।
लिनन्ति सन्मात्रतया न विक्रियामुत्पादयन्त्येष यतिर्विमुक्तः ॥४४२॥

જેમ નદીના પ્રવાહો સમુદ્રમાં ભળીને તે રૂપ બની જાય છે, તેમ જેમાં બીજા માણુસો દ્વારા પ્રાપ્ત થયેલા વિષયો બ્રહ્મરૂપે જ લીન થઈ જાય છે, પણ વિકાર ઉત્પન્ન કરતા નથી, તે જિતેંદ્રિય પુરુષ જીવન્મુક્ત છે.

विज्ञातब्रह्मतत्त्वस्य यथापूर्वं न संसृतिः ।
अस्ति चेन्न स विज्ञातब्रह्मभावो बहिर्मुखः ॥ ४४३ ॥

જેણે બ્રહ્મનું તત્ત્વ બરાબર જાણ્યું હોય, તેની દૃષ્ટિએ સંસાર પહેલાંના જેવો રહેતો જ નથી, છતાં જો એવો ને એવો રહે તો સમજવું કે એ સંસારી જ છે–એણે બ્રહ્મતત્ત્વ જાણ્યું જ નથી.

प्राचीनवासनावेगादसौ संसरतीति चेत् ।
न सदेकत्वविज्ञानान्मन्दीभवति वासना ॥ ४४४ ॥

કદાચ કોઈ કહે કે, પૂર્વની વાસનાના વેગથી એ સંસારનાં કામોમાં વર્તે છે, તો એ ખોટું છે; કારણ કે એક બ્રહ્મ જ સત્ય છે, એવું જ્ઞાન થયા પછી વાસના ઓછી થઈ જાય છે.

अत्यन्तकामुकस्यापि वृत्तिः कुण्ठति मातरि ।
तथैव ब्रह्मणि ज्ञाते पूर्णानन्दे मनीषिणः ॥ ४४५ ॥

પુરુષ ઘણો જ કામી હોય, છતાં તેની વૃત્તિ માતામાં (વિષયભોગ માટે) અટકે છે; તે જ પ્રમાણે પૂર્ણ આનંદ-સ્વરૂપ બ્રહ્મનું જ્ઞાન થયા પછી જ્ઞાનીની વૃત્તિ સંસારથી અટકે છે.

પ્રારબ્ધ

निदिध्यासनशीलस्य बाह्यप्रत्यय ईक्ष्यते ।
ब्रवीति श्रुतिरेतस्य प्रारब्धं फलदर्शनात् ॥ ૪૪૬ ॥

જે હમેશાં આત્માના ચિંતનમાં જ લાગ્યો રહે છે, તેને પણ (ક્યારેક) બહારના (જગતના) પદાર્થોનું ભાન થાય છે; એ રૂપી ફળ દેખવાથી વેદ કહે છે કે, 'એ એનું પ્રારબ્ધ છે.'

सुखाद्यनुभवो यावत्तावत्प्रारब्धमिष्यते ।
फलोदयः क्रियापूर्वो निष्क्रियो न हि कुत्रचित् ॥ ૪૪૭ ॥

જ્યાં સુધી સુખ–દુઃખનો અનુભવ થાય છે, ત્યાં સુધી પ્રારબ્ધ માનવું પડે છે; કારણ કે હરકોઈ ફળની પ્રાપ્તિ પૂર્વના કર્મને લીધે જ થાય છે. કર્મ વગર ક્યાંય ફળ ઊપજે નહિ.

अहं ब्रह्मेति विज्ञानात्कल्पकोटिशतार्जितम् ।
सञ्चितं विलयं याति प्रबोधात्स्वप्नकर्मवत् ॥ ૪૪૮ ॥

ઊંઘમાંથી જાગ્યા પછી સ્વપ્નની ક્રિયા જેમ નાશ પામે છે, તેમ 'હું બ્રહ્મ છું' એવું જ્ઞાન થવાથી કરોડો કલ્પોનાં સંચિત કર્મો નાશ પામે છે.

यत्कृतं स्वप्नवेलायां पुण्यं वा पापमुल्बणम् ।
सुप्तोत्थितस्य किं तत्स्यात्स्वर्गाय नरकाय वा ॥ ૪૪૯ ॥

સ્વપ્ન વખતે જે મોટામાં મોટાં પુણ્ય કે પાપ કર્યાં હોય, તેનું ફળ (જાગ્યા પછી) સ્વર્ગ કે નરકરૂપે શું મળે

છે? (નથી જ મળતું; એવી જ રીતે અજ્ઞાન અવસ્થામાં કરેલાં કર્મોનું ફળ જ્ઞાન થયા પછી ભોગવવું પડતું નથી.)

स्वमसङ्गमुदासीनं परिज्ञाय नभो यथा ।
न श्लिष्यते यतिः किञ्चित्कदाचिद्भाविकर्मभिः ॥ ४५० ॥

પોતાના આત્માને આકાશની જેમ સંગ વગરનો તથા સૌથી અળગો જાણીને જિતેંદ્રિય મનુષ્ય ભવિષ્યનાં કર્મથી જરા પણ કદી લેપાતો નથી.

न नभो घटयोगेन सुरागन्धेन लिप्यते ।
तथात्मोपाधियोगेन तद्धर्मैर्नैव लिप्यते ॥ ४५१ ॥

જેમ આકાશ ઘડાથી કે ઘડામાં રહેલા દારૂની ગંધથી લેપાતું નથી, તેમ આત્મા ઉપાધિનો સંબંધ હોય, છતાં તેના ધર્મોથી લેપાતો જ નથી.

ज्ञानोदयात्पुरारब्धं कर्म ज्ञानान्न नश्यति ।
अदत्त्वा स्वफलं लक्ष्यमुद्दिश्योत्सृष्टबाणवत् ॥ ४५२ ॥
व्याघ्रबुद्ध्या विनिर्मुक्तो बाणः पश्चात्तु गोमतौ ।
न तिष्ठति छिनत्त्येव लक्ष्यं वेगेन निर्भरम् ॥ ४५३ ॥

જ્ઞાન થયા પહેલાં કરેલાં (પ્રારબ્ધ) કર્મ જ્ઞાન થયા પછી પણ નાશ પામતાં નથી.

જેમ નિશાન તરફ બરાબર ફેંકેલું બાણ નિશાન વીંધ્યા વિના રહેતું નથી, તેમ એ પ્રારબ્ધકર્મ પણ ફળ આપ્યા વિના રહેતાં નથી. જેમ સામે વાઘ ઊભો છે, એમ ધારીને છોડેલું બાણ તેને છોડ્યા પછી 'એ તો ગાય છે' એમ પાછળથી જણાયા છતાં અટકતું નથી; પણ વેગથી નિશાનને સંપૂર્ણ વીંધે જ છે (તેમ પ્રારબ્ધકર્મ પણ જ્ઞાન થયા છતાં ફળ આપે જ છે).

प्रारब्धं बलवत्तरं खलु विदां भोगेन तस्य क्षयः
सम्यग्ज्ञानहुताशनेन विलयः प्राक्सञ्चितागामिनाम् ।
ब्रह्मात्मैक्यमवेक्ष्य तन्मयतया ये सर्वदा संस्थिता-
स्तेषां तत्त्रितयं न हि क्वचिदपि ब्रह्मैव ते निर्गुणम् ॥૪૫૪॥

જ્ઞાનીઓનાં પ્રારબ્ધકર્મ વધારે બળવાન હોય છે; એનાં ફળ ભોગવ્યાથી જ એનો નાશ થાય છે; પણ પૂર્વનાં સંચિત કર્મો અને ભવિષ્યનાં કર્મોનો તો તત્ત્વજ્ઞાનરૂપ અગ્નિથી સંપૂર્ણ નાશ થાય જ છે. જેઓ બ્રહ્મ અને આત્મા એક જ છે એમ સમજીને બ્રહ્મરૂપે જ રહે છે, તેઓની દૃષ્ટિએ તો (પ્રારબ્ધ, સંચિત અને ભવિષ્યનાં) ત્રણેય પ્રકારનાં કર્મ કદી છે જ નહિ; તેઓ તો નિર્ગુણ (માયાના ગુણરહિત) બ્રહ્મ જ થયા છે.

उपाधितादात्म्यविहीनकेवलब्रह्मात्मनैवात्मनि तिष्ठतो मुनेः ।
प्रारब्धसद्भावकथा न युक्ता स्वप्नार्थसम्बन्धकथेव जाग्रतः ॥૪૫૫॥

જે મનનશીલ પુરુષ ઉપાધિમાં આત્મબુદ્ધિ ત્યજીને કેવળ બ્રહ્મસ્વરૂપે આત્મામાં જ સ્થિર થયો હોય, તેને માટે સ્વપ્નમાં જોયેલા પદાર્થના સંબંધની વાત જેમ જાગતા માણસને ઘટે નહિ, તેમ પ્રારબ્ધકર્મની હયાતીની વાત (પણ) ઘટતી જ નથી.

न हि प्रबुद्धः प्रतिभासदेहे देहोपयोगिन्यपि च प्रपञ्चे ।
करोत्यहन्तां ममतामिदन्तां किन्तु स्वयं तिष्ठति जागरेण ॥ ૪૫૬ ॥

ઊંઘમાંથી જાગેલો માણસ સ્વપ્નમાં જોયેલાં ખોટાં શરીર ઉપર તથા દેહને ઉપયોગી બીજા પદાર્થો ઉપર અહંતા-મમતા (શરીર ઉપર 'હું'પણું અને બીજી ચીજો ઉપર 'મારા'પણું) કરતો નથી, પણ (એ બધું મિથ્યા માની) જાગ્રત અવસ્થામાં જ રહે છે.

**न तस्य मिथ्यार्थसमर्थनेच्छा न सङ्ग्रहस्तज्जगतोऽपि दृष्टः ।**
**तत्रानुवृत्तिर्यदि चेन्मृषार्थे न निद्रया मुक्त इतीष्यते ध्रुवम् ॥४५७॥**

જાગેલા તેને સ્વપ્નાની બધી ચીજો ખોટી હતી, એમ સાબિત કરવાની ઇચ્છા પણ થતી નથી. (કારણ કે એ મિથ્યા જ છે; એને સાબિત કરવાની જરૂર જ ક્યાં છે?) વળી સ્વપ્નામાં જોયેલા મિથ્યા જગતનો સંગ્રહ પણ એની પાસે દેખાતો નથી. છતાં એ મિથ્યા પદાર્થો ઉપર એનો મોહ હજી રહ્યો હોય, તો જરૂર સમજવું કે હજી એની ઊંઘ બરાબર ઊડી નથી.

**तद्वत्परे ब्रह्मणि वर्तमानः सदात्मना तिष्ठति नान्यदीक्षते ।**
**स्मृतिर्यथा स्वप्नविलोकितार्थे तथा विदः प्राशनमोचनादौ ॥४५८॥**

એવી જ રીતે સદા પરબ્રહ્મમાં રહેતો પુરુષ સદા આત્મારૂપે જ રહે છે; તે બીજું જોતો નથી. જેમ સ્વપ્નામાં જોયેલા પદાર્થોનું સ્મરણ રહે છે, તેમ બ્રહ્મજ્ઞાનીને પણ ખાવા–પીવાની અને લેવા–મૂકવાની ક્રિયાઓનું સ્મરણ તો રહે જ છે.

**कर्मणा निर्मितो देहः प्रारब्धं तस्य कल्प्यताम् ।**
**नानादेरात्मनो युक्तं नैवात्मा कर्मनिर्मितः ॥ ४५९ ॥**

દેહ કર્મને કારણે જ બન્યો છે, માટે પ્રારબ્ધ પણ એનું જ સમજવું જોઈએ, પણ અનાદિ આત્માનું માનવું તે ઠીક નથી; કારણ કે આત્મા કર્મોથી બનેલો નથી.

**अजो नित्य इति ब्रूते श्रुतिरेषा त्वमोघवाक् ।**
**तदात्मना तिष्ठतोऽस्य कुतः प्रारब्धकल्पना ॥ ४६० ॥**

'अजो नित्यः–આત્મા જન્મતો નથી; એ તો અનાદિ અને નિત્ય છે' એમ સત્ય વાણીવાળો કહે છે; માટે આત્મસ્વરૂપે જ રહેનાર એ માણસનું પ્રારબ્ધકર્મ બાકી હોય,

એમ કલ્પના પણ ક્યાંથી થાય?

प्रारब्धं सिध्यति तदा यदा देहात्मना स्थितिः ।
देहात्मभावो नैवेष्टः प्रारब्धं त्यज्यतामतः ॥ ४६१ ॥

જો દેહરૂપે સ્થિતિ હોય, તો જ પ્રારબ્ધકર્મ સિદ્ધ થાય; પણ દેહને આત્મા માનવો, એ જ્ઞાનીને તો ઇષ્ટ જ નથી; માટે પ્રારબ્ધનું અસ્તિત્વ છોડવું જ જોઈએ.

शरीरस्यापि प्रारब्धकल्पना भ्रान्तिरेव हि ।
अध्यस्तस्य कुतः सत्त्वमसत्त्वस्य कुतो जनिः ।
अजातस्य कुतो नाशः प्रारब्धमसतः कुतः ॥ ४६२ ॥

ખરી રીતે દેહનાં પ્રારબ્ધકર્મો માનવાં એ પણ ભ્રમ જ છે; કારણ કે દેહ પોતે જ ભ્રમથી કલ્પાયેલો છે, તો તેની હયાતી જ ક્યાં છે? અને જેની હયાતી જ નથી, એનો જન્મ પણ ક્યાંથી હોય? અને જે જન્મ્યો જ નથી, એનો નાશ પણ કેવી રીતે થાય? આમ દેહ છે જ નહિ; તેથી એનું પ્રારબ્ધ પણ ક્યાંથી હોય?

ज्ञानेनाज्ञानकार्यस्य समूलस्य लयो यदि ।
तिष्ठत्ययं कथं देह इति शङ्कावतो जडान् ।
समाधातुं बाह्यदृष्ट्या प्रारब्धं वदति श्रुतिः ॥ ४६३
न तु देहादिसत्यत्वबोधनाय विपश्चिताम् ।
यतः श्रुतेरभिप्रायः परमार्थैकगोचरः ॥ ४६४ ॥

કોઈ જડ માણસોને એવી શંકા થાય કે, 'જો જ્ઞાનથી અજ્ઞાન અને તેના કાર્યનો સમૂળગો નાશ થતો હોય, તો માણસને જ્ઞાન ઊપજ્યા પછી અજ્ઞાનનું કાર્ય આ દેહ કેમ રહે છે?' આવી શંકા કરનારાઓનું સમાધાન કરવા માટે વેદ 'પ્રારબ્ધ દેહનું કારણ છે' એમ ઉપલક દૃષ્ટિથી બતાવે છે, પણ સમજુ માણસોને 'દેહ વગેરે સત્ય છે' એમ

જણાવવા વેદે એવું કહ્યું નથી; કારણ કે સત્ય એક પરબ્રહ્મનું જ વર્ણન કરવાનો વેદનો અભિપ્રાય છે.

ભેદનો નિષેધ

परिपूर्णमनाद्यन्तमप्रमेयमविक्रियम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किञ्चन ॥ ४६५ ॥

વેદ કહે છે કે, 'દરેક ઠેકાણે પરિપૂર્ણ, અનાદિ, અંત વગરનું, સમજી ન શકાય એવું અને વિકાર વગરનું એક જ અદ્વૈત બ્રહ્મ છે; એ બ્રહ્મમાં જુદું જુદું કંઈ છે જ નહિ.'

सद्घनं चिद्घनं नित्यमानन्दघनमक्रियम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किञ्चन ॥ ४६६ ॥

જે કેવળ સત્, ચિત્ અને આનંદમય છે, એ નિત્ય, ક્રિયા વગરનું અને એક જ બ્રહ્મ છે; એ બ્રહ્મમાં જુદું જુદું કંઈ છે જ નહિ.

प्रत्यगेकरसं पूर्णमनन्तं सर्वतोमुखम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किञ्चन ॥ ४६७ ॥

જે અંતરાત્મા એકરસ, પરિપૂર્ણ, અનંત અને સર્વવ્યાપક છે, તે એક જ અદ્વૈત બ્રહ્મ છે; એમાં જુદું જુદું કંઈ છે જ નહિ.

अहेयमनुपादेयमनाधेयमनाश्रयम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किञ्चन ॥ ४६८ ॥

જે તજી શકાય કે લઈ શકાય એવું નથી, જે ગ્રહણ કરાતું નથી અને આશ્રય વિનાનું છે, તે એક જ અદ્વૈત બ્રહ્મ છે; એમાં જુદું જુદું કંઈ છે જ નહિ.

निर्गुणं निष्कलं सूक्ष्मं निर्विकल्पं निरञ्जनम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किञ्चन ॥ ४६९ ॥

જે ગુણ અને વિભાગ વગરનું છે, સૂક્ષ્મ (ઝીણામાં

ઝીણું), નિર્વિકલ્પ (ભેદ વગરનું) તથા નિર્મળ છે, એવું એક જ અદ્વૈત બ્રહ્મ છે; એમાં જુદું જુદું કંઈ છે જ નહિ.

**अनिरूप्यस्वरूपं यन्मनोवाचामगोचरम् ।**
**एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किञ्चन ॥ ४७० ॥**

જે સ્વરૂપનું વર્ણન થઈ શકતું નથી, જેને મન અને વાણી પહોંચી શકતાં નથી, એવું એક જ અદ્વૈત બ્રહ્મ છે; એમાં જુદું જુદું કંઈ છે જ નહિ.

**सत्समृद्धं स्वतःसिद्धं शुद्धं बुद्धमनीदृशम् ।**
**एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किञ्चन ॥ ४७१ ॥**

જે સત્ય, વૈભવવાળું, પોતાની મેળે જ સિદ્ધ, શુદ્ધ, જ્ઞાનસ્વરૂપ તથા ઉપમા વિનાનું છે, તે એક જ અદ્વૈત બ્રહ્મ છે; એમાં જુદું જુદું કંઈ છે જ નહિ.

આત્મજ્ઞાનથી શાંતિ

**निरस्तरागा निरपास्तभोगाः शान्ताः सुदान्ता यतयो महान्तः ।**
**विज्ञाय तत्त्वं परमेतदन्ते प्राप्ताः परां निर्वृतिमात्मयोगात् ॥४७२॥**

જે મહાન યોગીઓ મોહ અને ભોગો તજી શાંત અને જિતેંદ્રિય થયા હોય છે, તેઓ છેવટે આત્મા સાથેના સંબંધથી જ એ પરમ તત્ત્વને જાણી પરમ શાંતિ પામ્યા છે.

આત્મજ્ઞાનનો ઉપદેશ

**भवानपीदं परतत्त्वमात्मनः स्वरूपमानन्दघनं विचार्य ।**
**विधूय मोहं स्वमनःप्रकल्पितं मुक्तः कृतार्थो भवतु प्रबुद्धः ॥४७३**

માટે તું પણ આત્માના સ્વરૂપને પરમ તત્ત્વરૂપ અને આનંદપૂર્ણ વિચારીને પોતાના મનથી કલ્પેલો મોહ છોડી દઈ મુક્ત થા અને ઉત્તમ પ્રકારે બોધ પામી કૃતાર્થ થા.

**समाधिना साधु विनिश्चलात्मना पश्यात्मतत्त्वं स्फुटबोधचक्षुषा ।**
**निःसंशयं सम्यगवेक्षितश्चेच्छ्रुतः पदार्थो न पुनर्विकल्प्यते ॥४७४॥**

સમાધિથી ચિત્તને સારી રીતે સ્થિર કરી સ્પષ્ટ જ્ઞાન-ચક્ષુથી આત્મતત્ત્વને જો; કારણ કે સાંભળેલી વસ્તુને સારી રીતે શંકા વગર નજરે જોઈ હોય, તો જ ફરી એમાં સંદેહ થતો નથી.

स्वस्याविद्याबन्धसम्बन्धमोक्षात्सत्यज्ञानानन्दरूपात्मलब्धौ ।
शास्त्रं युक्तिर्देशिकोक्तिः प्रमाणं चान्तःसिद्धा स्वानुभूतिः प्रमाणम् ॥

પોતાના અજ્ઞાનરૂપ બંધનનો સંબંધ છૂટી જવાથી સત્–ચિત્–આનંદરૂપ આત્માની પ્રાપ્તિ થાય છે; તેમાં શાસ્ત્ર, યુક્તિ અને ગુરુનું વાક્ય પ્રમાણ છે; તેમ જ અંતરથી નક્કી કરેલો પોતાનો અનુભવ પ્રમાણ છે.

बन्धो मोक्षश्च तृप्तिश्च चिन्तारोग्यक्षुधादयः ।
स्वेनैव वेद्या यज्ज्ञानं परेषामानुमानिकम् ॥ ४७६ ॥

બંધન, મોક્ષ, સંતોષ, ચિંતા, તંદુરસ્તી, ભૂખ અને તરસ વગેરેને પોતે જ જાણી શકે છે; બીજાને તો અનુ-માનથી જ તેની ખબર પડે છે.

तटस्थिता बोधयन्ति गुरवः श्रुतयो यथा ।
प्रज्ञयैव तरेद्विद्वानीश्वरानुगृहीतया ॥ ४७७ ॥

વેદની જેમ ગુરુઓ પણ માત્ર તટસ્થ રહીને જ જ્ઞાન આપે છે; માટે સમજુ માણસે ઈશ્વરે કૃપા કરેલી બુદ્ધિથી જ (આત્મતત્ત્વનો અનુભવ કરી) સંસારસાગર તરી જવો.

स्वानुभूत्या स्वयं ज्ञात्वा स्वमात्मानमखण्डितम् ।
संसिद्धः संमुखं तिष्ठेन्निर्विकल्पात्मनात्मनि ॥ ४७८ ॥

પોતાના અનુભવથી પોતાની મેળે જ પોતાને અખંડ આત્મસ્વરૂપ સમજી પૂર્ણતા પામેલો માણસ નિઃસંશય સ્વરૂપે આત્મામાં જ સ્થિતિ કરે.

**वेदान्तसिद्धान्तनिरुक्तिरेषा ब्रह्मैव जीवः सकलं जगच्च ।**
**अखण्डरूपस्थितिरेव मोक्षो ब्रह्माद्वितीयं श्रुतयः प्रमाणम् ॥ ४७९॥**

વેદાંતનું સિદ્ધાંતરૂપે કહેવું આ છે કે, 'જીવ અને આ આખું જગત બ્રહ્મ જ છે; અને બ્રહ્મમાં અખંડ–એકરૂપે રહેવું એ જ મોક્ષ છે.' બ્રહ્મ એક જ છે, એ બાબતમાં વેદના મંત્રો પ્રમાણ છે.

જ્ઞાનની પ્રાપ્તિ

**इति गुरुवचनाच्छ्रुतिप्रमाणात्परमवगम्य सतत्त्वमात्मयुक्त्या ।**
**प्रशमितकरणः समाहितात्मा क्वचिदचलाकृतिरात्मनिष्ठितोऽभूत् ॥**

એ પ્રમાણે વેદના પ્રમાણવાળાં ગુરુનાં વચનથી અને પોતાના અનુભવથી પરમાત્મતત્ત્વને સમજીને એ શિષ્ય ચિત્તને એકાગ્ર અને ઇંદ્રિયોને શાંત કરી કોઈ સ્થળે સ્થિર વૃત્તિથી (રહી) આત્મસ્વરૂપમાં સ્થિરતાવાળો થયો.

**कञ्चित्कालं समाधाय परे ब्रह्मणि मानसम् ।**
**व्युत्थाय परमानन्दादिदं वचनमब्रवीत् ॥ ४८१ ॥**

એમ કેટલાક કાળ સુધી પરબ્રહ્મમાં ચિત્તને એકાગ્ર કર્યાં પછી સમાધિમાંથી ઊઠી પરમ આનંદથી આ પ્રમાણે એ કહેવા લાગ્યો :

**बुद्धिर्विनष्टा गलिता प्रवृत्तिर्ब्रह्मात्मनोरेकतयाधिगत्या ।**
**इदं न जानेऽप्यनिदं न जाने किं वा कियद्वा सुखमस्त्यपारम् ॥४८२**

અહો ! બ્રહ્મ અને આત્મા એક જ છે, એવું જાણ્યા પછી મારી બુદ્ધિ(ની વૃત્તિ) તો એકદમ નાશ જ પામી ગઈ અને પ્રવૃત્તિ જતી રહી. હવે હું 'આ પદાર્થ છે' એમ જાણતો નથી કે 'આ પદાર્થ નથી' એમ પણ જાણતો નથી; આ બ્રહ્મસુખ કેવું ને કેટલું અપાર છે?

वाचा वक्तुमशक्यमेव मनसा मन्तुं न वा शक्यते
स्वानन्दामृतपूरपूरितपरब्रह्माम्बुधेर्वैभवम् ।
अम्भोराशिविशीर्णवार्षिकशिलाभावं भजन्मे मनो
यस्यांशांशलवे विलीनमधुनानन्दात्मना निर्वृतम् ॥ ४८३ ॥

જેમ ચોમાસાના કરા સમુદ્રમાં પડી ગળી જઈ તદ્રૂપ થાય છે, એમ મારું મન પણ બ્રહ્માનંદરૂપી અમૃતના—સમુદ્રમાં—તેના એક અંશના પણ અંશમાં ડૂબી તદ્રૂપ બની લીન થયું છે; અને હવે આનંદસ્વરૂપ થઈ શાંતિ પામ્યું છે. એ આત્માનંદના અમૃતના પૂરથી ભરેલો પરબ્રહ્મરૂપી સમુદ્રનો વૈભવ વાણીથી કહેવો અશકય છે અને મનથી વિચારી શકાતો પણ નથી.

क्व गतं केन वा नीतं कुत्र लीनमिदं जगत् ।
अधुनैव मया दृष्टं नास्ति किं महदद्भुतम् ॥ ४८४ ॥

પેલો સંસાર ક્યાં ગયો ? તેને કોણ લઈ ગયું ? એ ક્યાં ડૂબી ગયો ? અહો ! મોટું આશ્ચર્ય છે કે, જે સંસારને મેં હમણાં જ જોયો હતો, એ શું નથી ?

किं हेयं किमुपादेयं किमन्यत्किं विलक्षणम् ।
अखण्डानन्दपीयूषपूर्णे ब्रह्ममहार्णवे ॥ ४८५ ॥

અખંડ આનંદરૂપ અમૃતથી ભરેલા બ્રહ્મસમુદ્રમાં કઈ વસ્તુ લેવા જેવી અને કઈ છોડવા જેવી છે ? કઈ ચીજ જુદી છે અને કઈ જુદા લક્ષણવાળી છે ? (કોઈ જ નહિ.)

न किञ्चिदत्र पश्यामि न शृणोमि न वेद्म्यहम् ।
स्वात्मनैव सदानन्दरूपेणास्मि विलक्षणः ॥ ४८६ ॥

અહીં બ્રહ્મ સિવાય હું કાંઈ જોતો નથી, સાંભળતો નથી કે જાણતો નથી. હું તો પોતાના આત્મારૂપે જ નિત્ય-આનંદસ્વરૂપ બની પહેલાં કરતાં જુદો જ બની ગયો છું.

नमो नमस्ते गुरवे महात्मने विमुक्तसङ्गाय सदुत्तमाय ।
नित्याद्वयानन्दरसस्वरूपिणे भूम्ने सदापारदयाम्बुधाम्ने ॥ ४८७ ॥

यत्कटाक्षशशिसान्द्रचन्द्रिकापातधूतभवतापजश्रमः ।
प्राप्तवानहमखण्डवैभवानन्दमात्मपदमक्षयं क्षणात् ॥४८८ ॥

જેમના કટાક્ષરૂપી ઘાટી ચાંદની પડતાં જ સંસારનો બધો સંતાપ દૂર થવાથી મને ક્ષણવારમાં અખંડ સંપત્તિ અને આનંદરૂપ અવિનાશી આત્મપદ મળ્યું છે, એ સંગ-રહિત, સંતોમાં ઉત્તમ, નિત્ય, એક જ, આનંદરસ–સ્વરૂપ, અતિ મોટા તથા સદા અપાર દયાના સાગર મહાત્મા ગુરુ-દેવને વારંવાર નમસ્કાર હો !

धन्योऽहं कृतकृत्योऽहं विमुक्तोऽहं भवग्रहात् ।
नित्यानन्दस्वरूपोऽहं पूर्णोऽहं तदनुग्रहात् ॥ ४८९ ॥

મને ધન્ય છે; મારાં દરેક કામ પૂરાં થયાં છે; એ શ્રી ગુરુદેવની કૃપાથી સંસારરૂપ કેદખાનામાંથી હું છૂટ્યો છું, અને નિત્ય આનંદરૂપ તથા પરિપૂર્ણ થયો છું.

असङ्गोऽहमनङ्गोऽहमलिङ्गोऽहमभङ्गुरः ।
प्रशान्तोऽहमनन्तोऽहमतान्तोऽहं चिरन्तनः ॥ ४९० ॥

હું સંગ વગરનો, શરીર વગરનો, ચિહ્ન વિનાનો, અવિનાશી, અત્યંત શાંત, અનંત ( અંત વગરનો ), ક્રિયા વિનાનો તથા નિર્વિકાર છું.

अकर्ताहमभोक्ताहमविकारोऽहमक्रियः ।
शुद्धबोधस्वरूपोऽहं केवलोऽहं सदाशिवः ॥ ४९१ ॥

હું અકર્તા ( કોઈ પણ કાર્ય નહિ કરનારો ) છું; અભોક્તા ( કોઈ પણ જાતના ભોગ ભોગવનારો ) નથી; અવિકારી–વિકાર વિનાનો, ક્રિયા વગરનો, શુદ્ધ જ્ઞાનસ્વરૂપ, એક જ અને સદા કલ્યાણરૂપ છું.

द्रष्टुः श्रोतुर्वक्तुः कर्तुर्भोक्तुर्विभिन्न एवाहम् ।
नित्यनिरन्तरनिष्क्रियनिःसीमासङ्गपूर्णबोधात्मा ॥ ४९२ ॥

જોનાર, સાંભળનાર, બોલનાર, કરનાર અને ભોગવનાર એ બધાથી હું જુદો જ છું. હું તો નિત્ય, અંતર વિનાનો, ક્રિયા વિનાનો, હદ વગરનો, સંગ વિનાનો અને પૂર્ણ જ્ઞાનરૂપ છું.

नाहमिदं नाहमदोऽप्युभयोरवभासकं परं शुद्धम् ।
बाह्याभ्यन्तरशून्यं पूर्णं ब्रह्माद्वितीयमेवाहम् ॥ ४९३ ॥

હું આ નથી કે પેલું નથી; પણ એ બન્ને( સ્થૂલ અને સૂક્ષ્મ )ને પ્રકાશ આપનાર, અંદર અને બહાર એવા ભેદ વિનાનો, પૂર્ણ, એક જ અને શુદ્ધ પરબ્રહ્મ છું.

निरुपममनादितत्त्वं त्वमहमिदमद इति कल्पनादूरम् ।
नित्यानन्दैकरसं सत्यं ब्रह्माद्वितीयमेवाहम् ॥ ४९४ ॥

ઉપમારહિત જે અનાદિ તત્ત્વ છે, અને જે 'તું, હું, આ, તે' વગેરે કલ્પનાથી દૂર, નિત્ય આનંદના જ રસ-રૂપ, સત્ય અને એક જ છે, તે બ્રહ્મ હું છું.

नारायणोऽहं नरकान्तकोऽहं पुरान्तकोऽहं पुरुषोऽहमीशः ।
अखण्डबोधोऽहमशेषसाक्षी निरीश्वरोऽहं निरहं च निर्ममः ॥४९५

નરકાસુરને મારનાર નારાયણ હું છું; ત્રિપુરાસુરનો નાશ કરનાર શંકર હું છું; હું પરમ પુરુષ છું અને હું જ ઈશ્વર છું. હું અખંડ જ્ઞાનસ્વરૂપ, સૌનો સાક્ષી, સ્વતંત્ર અને અહંતા–મમતા વગરનો છું.

सर्वेषु भूतेष्वहमेव संस्थितो ज्ञानात्मनान्तर्बहिराश्रयः सन् ।
भोक्ता च भोग्यं स्वयमेव सर्वं यद्यत्पृथग्दृष्टमिदन्तया पुरा ॥४९६॥

હું જ આશ્રયરૂપ હોઈ દરેક પ્રાણીમાં અંદર અને બહાર રહેલો છું; પહેલાં જે જે પદાર્થો જુદા જુદા રૂપે

દેખાતા હતા, એ સર્વરૂપે હું પોતે જ છું. હું જ ભોગવનાર અને ભોગવવાના પદાર્થરૂપ છું.

मय्यखण्डसुखाम्भोधौ बहुधा विश्ववीचयः ।
उत्पद्यन्ते विलीयन्ते मायामारुतविभ्रमात् ॥ ४९७ ॥

અખંડ સુખના સમુદ્ર મારામાં માયારૂપી વાયુના ભમવાથી જગતરૂપી અનેક જાતના તરંગો ઊછળે છે અને શમે છે.

स्थूलादिभावा मयि कल्पिता भ्रमादारोपिता नु स्फुरणेन लोकैः ।
काले यथा कल्पकवत्सरायनर्त्वादयो निष्कलनिर्विकल्पे ॥ ४९८ ॥

જેમ અવયવો અને કલ્પના વગરના કાળમાં ખરી રીતે કલ્પ, વર્ષ, અયન, ઋતુ, માસ, દિવસ વગેરે વિભાગની કલ્પના સાચી નથી, એમ મારામાં માણસોએ માત્ર ભ્રમને કારણે જ સ્થૂલ, સૂક્ષ્મ વગેરે ભાવો માત્ર આભાસરૂપે જ કલ્પેલા છે.

आरोपितं नाश्रयदूषकं भवेत्कदापि मूढैर्मतिदोषदूषितैः ।
नार्द्रीकरोत्यूषरभूमिभागं मरीचिकावारिमहाप्रवाहः ॥ ४९९ ॥

બુદ્ધિના દોષથી દૂષિત અજ્ઞાની માણસોએ કોઈ વસ્તુમાં કોઈ વસ્તુનો આરોપ કર્યો હોય (માત્ર માની જ લીધી હોય), તો તેથી તે મૂળ વસ્તુ દોષિત ઠરતી નથી–જેમ ઝાંઝવાનાં પાણીનો મોટો પ્રવાહ ત્યાંની ખારી જમીનના ભાગને ભીની કરતો નથી.

आकाशवल्लेपविदूरगोऽहमादित्यवद्भास्यविलक्षणोऽहम् ।
अहार्यवन्नित्यविनिश्चलोऽहमम्भोधिवत्पारविवर्जितोऽहम् ॥५००॥

હું આકાશની જેમ નિર્લેપ છું; સૂર્યની જેમ પ્રકાશ કરાતી વસ્તુઓથી જુદો છું; પર્વતની જેમ સદા અચળ છું; અને સમુદ્રની જેમ પાર વગરનો છું.

**न मे देहेन सम्बन्धो मेघेनेव विहायसः ।**
**अतः कुतो मे तद्धर्मा जाग्रत्स्वप्नसुषुप्तयः ॥ ५०१ ॥**

જેમ આકાશને વાદળાંનો સંબંધ નથી, તેમ મારે શરીર સાથે સંબંધ નથી; આથી એ શરીરના જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ વગેરે ધર્મો મારામાં ક્યાંથી હોય ?

**उपाधिरायाति स एव गच्छति स एव कर्माणि करोति भुङ्क्ते ।**
**स एव जीर्यन्म्रियते सदाहं कुलाद्रिवन्निश्चल एव संस्थितः ॥५०२॥**

ઉપાધિ જ આવે છે અને જાય છે; તેમ જ કર્મો કરે છે અને તેનાં ફળ પણ એ જ ભોગવે છે; વળી એ જ ઘડપણ આવતાં મરે છે. હું તો મોટા પર્વતની જેમ સદા અચળ જ રહું છું.

**न मे प्रवृत्तिर्न च मे निवृत्तिः सदैकरूपस्य निरंशकस्य ।**
**एकात्मको यो निबिडो निरन्तरो व्योमेव पूर्णः स कथं नु चेष्टते ॥५०३**

હું તો સદા એકરસ અને અવયવો વિનાનો છું, તેથી હું કોઈ કામ શરૂ કરતો નથી કે છોડી દેતો નથી. અરે ! જે હમેશાં એક જ, વ્યાપક અને આકાશની જેમ દરેક ઠેકાણે ખીચોખીચ ભરેલો છે, તે કોઈ જાતની ક્રિયા કેવી રીતે કરે ?

**पुण्यानि पापानि निरिन्द्रियस्य निश्चेतसो निर्विकृतेर्निराकृतेः ।**
**कुतो ममाखण्डसुखानुभूतेर्ब्रूते ह्यनन्वागतमित्यपि श्रुतिः ॥ ५०४ ॥**

હું તો ઇંદ્રિય, ચિત્ત, વિકાર અને આકાર વગરનો છું; તેમ જ મારું સ્વરૂપ અખંડ આનંદરૂપ છે; તો મને પાપ અને પુણ્ય કેમ હોઈ શકે ? વેદ પણ 'આત્માને પુણ્ય કે પાપ સાથે સંબંધ નથી' એમ જ કહે છે.[1]

---

१ अनन्वागतं पुण्येनानन्वागतं पापेन । ( बृह० ४।३।२२ )

छायया स्पृष्टमुष्णं वा शीतं वा सुष्ठु दुष्ठु वा।
न स्पृशत्येव यत्किञ्चित्पुरुषं तद्विलक्षणम् ॥५०५॥
न साक्षिणं साध्यधर्माः संस्पृशन्ति विलक्षणम्।
अविकारमुदासीनं गृहधर्माः प्रदीपवत् ॥
देहेंद्रियमनोधर्मा नैवात्मानं स्पृशन्त्यहो ॥५०६॥

માણસનો પડછાયો ઊની–ટાઢી, સારી–નરસી કોઈ પણ ચીજને અડી જાય, તેથી માણસને પોતાને તેનો જરા પણ સ્પર્શ થતો નથી; કારણ કે માણસ પોતે પડછાયાથી જુદો જ છે અને વિલક્ષણ સાક્ષીને સાક્ષ્ય દેહાદિના ધર્મો સ્પર્શ કરતા નથી. જેમ ઘરના ધર્મો દીવાને અડતા નથી, તેમ શરીર, ઇંદ્રિયો અને મનના ધર્મો આત્માને અડતા નથી; કારણ કે આત્મા એ પદાર્થોથી અલગ અને વિકાર વગરનો છે.

रवेर्यथा कर्मणि साक्षिभावो वह्नेर्यथा वायसि दाहकत्वम्।
रज्जोर्यथारोपितवस्तुसङ्गस्तथैव कूटस्थचिदात्मनो मे ॥५०७॥

જેમ સૂર્ય કર્મનો સાક્ષી છે, લોઢામાં અગ્નિનું જ દાહકપણું છે અને દોરીને કલ્પિત સાપ વગેરેનો જેવો સંબંધ છે; તેમ જ મારા અવિકારી ચેતન આત્માનો વિષયો સાથે કલ્પિત સંબંધ છે.

कर्तापि वा कारयितापि नाहं भोक्तापि वा भोजयितापि नाहम्।
द्रष्टापि वा दर्शयितापि नाहं सोऽहं स्वयंज्योतिरनीदृगात्मा ॥५०८॥

હું કામ કરનાર કે કરાવનાર નથી, ભોગવનાર કે ભોગવાવનાર પણ નથી અને જોનાર કે બતાવનાર પણ નથી. હું તો તેવા ધર્મોથી રહિત સ્વયંપ્રકાશ આત્મા છું.

चलत्युपाधौ प्रतिबिम्बलौल्यमौपाधिकं मूढधियो नयन्ति।
स्वबिम्बभूतं रविवद्विनिष्क्रियं कर्तास्मि भोक्तास्मि हतोऽस्मि हेति ॥५०९

જેવી રીતે પાણી વગેરેના ચાલવા કે ધ્રૂજવાથી તેમાં

પડેલું સૂર્ય વગેરેનું બિંબ (ઓછાયો) પણ ચાલે છે, તેથી મૂઢ બુદ્ધિવાળાઓ માને છે કે, સૂર્ય વગેરે ચાલે છે કે ધ્રૂજે છે, એ રીતે સૂર્યની પેઠે ક્રિયા વગરના આત્માને 'હું કરનાર છું, હું ભોગવનાર છું; અરે! હું મરી જાઉં છું' એમ અજ્ઞાનીઓ જ માને છે.

जले वापि स्थले वापि लुठत्वेष जडात्मकः।
नाहं विलिप्ये तद्धर्मैर्घटधर्मैर्नभो यथा ॥५१०॥

જેમ ઘડાના ધર્મથી આકાશ લેપાતું નથી, તેમ આ જડ દેહ પાણીમાં કે જમીન ઉપર ગમે ત્યાં આળોટે, તોપણ હું તેના ધર્મથી લેપાતો નથી.

कर्तृत्वभोक्तृत्वखलत्वमत्तताजडत्वबद्धत्वविमुक्ततादयः।
बुद्धेर्विकल्पा न तु सन्ति वस्तुतः स्वस्मिन्परे ब्रह्मणि केवलेऽद्वये ॥

કર્તાપણું, ભોક્તાપણું, દુષ્ટતા, ગાંડપણ, મૂર્ખતા, બંધન, મોક્ષ વગેરે બુદ્ધિની જ કલ્પનાઓ છે—ખરી રીતે માયાથી રહિત આત્મામાં એ કંઈ છે જ નહિ; કારણ કે એ તો એક જ માત્ર બ્રહ્મસ્વરૂપ જ છે.

सन्तु विकाराः प्रकृतेर्दशधा शतधा सहस्रधा वापि।
किं मेऽसङ्गचितेस्तैर्न घनः क्वचिदम्बरं स्पृशति ॥५१२॥

માયાના દસ જાતના, સો જાતના કે હજાર જાતના વિકારો ભલે થાય; પણ મને—અસંગ ચેતન આત્માને એનો શો સંબંધ છે? વાદળાં આકાશને ક્યાંય અડી શકતાં નથી.

अव्यक्तादिस्थूलपर्यन्तमेतद्विश्वं यत्राभासमात्रं प्रतीतम्।
व्योमप्रख्यं सूक्ष्ममाद्यन्तहीनं ब्रह्माद्वैतं यत्तदेवाहमस्मि ॥५१३॥

માયાથી માંડી સ્થૂલ દેહ સુધીનું આ આખું જગત જેની અંદર માત્ર ખોટા દેખાવરૂપે જ ભાસે છે, એ આકાશ જેવું સૂક્ષ્મ તથા આદિ—અંત વગરનું જે બ્રહ્મ છે, તે જ હું છું.

सर्वाधारं सर्ववस्तुप्रकाशं सर्वाकारं सर्वगं सर्वशून्यम् ।
नित्यं शुद्धं निश्चलं निर्विकल्पं ब्रह्माद्वैतं यत्तदेवाहमस्मि ॥५१४॥

સૌનો આધાર, દરેક વસ્તુને પ્રકાશ આપનાર, સર્વરૂપ, બધે ઠેકાણે રહેનાર, દરેક વસ્તુથી અળગું, નિત્ય, શુદ્ધ, અચળ અને ભેદ વગરનું જે એક જ બ્રહ્મ છે, તે જ હું છું.

यत्प्रत्यस्ताशेषमायाविशेषं प्रत्यग्रूपं प्रत्ययागम्यमानम् ।
सत्यज्ञानानन्तमानन्दरूपं ब्रह्माद्वैतं यत्तदेवाहमस्मि ॥ ५१५ ॥

જેમાંથી માયાના દરેક ભેદો દૂર થાય છે, જે અંતરાત્મારૂપ બુદ્ધિથી સમજી ન શકાય એવું સત્યસ્વરૂપ, અનંત, એક અને આનંદરૂપ છે, તે જ બ્રહ્મ હું છું.

निष्क्रियोऽस्म्यविकारोऽस्मि निष्कलोऽस्मि निराकृतिः ।
निर्विकल्पोऽस्मि नित्योऽस्मि निरालम्बोऽस्मि निर्द्वयः ॥५१६॥

હું ક્રિયા વગરનો, વિકાર વિનાનો, વિભાગ વગરનો, આકાર વિનાનો, ભેદ વગરનો, નિત્ય, આશ્રય વિનાનો અને એક જ છું.

सर्वात्मकोऽहं सर्वोऽहं सर्वातीतोमहमद्वयः ।
केवलाखण्डबोधोऽहमानन्दोऽहं निरन्तरः ॥ ५१७ ॥

હું સૌનો આત્મા, સર્વરૂપ, સૌથી જુદો અને એક જ છું તેમ જ હું માત્ર અખંડ જ્ઞાનરૂપ, સદા આનંદરૂપ અને અંતર વિનાનો છું.

स्वाराज्यसाम्राज्यविभूतिरेषा भवत्कृपाश्रीमहिमप्रसादात् ।
प्राप्ता मया श्रीगुरवे महात्मने नमो नमस्तेऽस्तु पुनर्नमोऽस्तु ॥५१८

હે ગુરુદેવ! આપની તથા ઈશ્વરની કૃપાથી મને આ સ્વરાજ્ય અને સામ્રાજ્યની સમૃદ્ધિ પ્રાપ્ત થઈ છે. આપ મહાત્માને મારા વારંવાર નમસ્કાર હો!

महास्वप्ने मायाकृतजनिजरामृत्युगहने
भ्रमन्तं क्लिश्यन्तं बहुलतरतापैरनुदिनम् ।

अहङ्कारव्याघ्रव्यथितमिममत्यन्तकृपया ।
प्रबोध्य प्रस्वापात्परमवितवान्मामसि गुरो ॥ ५१९ ॥

હું માયાએ કરેલાં જન્મ, ઘડપણ અને મરણથી અત્યંત બિહામણા મોટા સ્વપ્નમાં ભટકીને અનેક પ્રકારનાં દુઃખથી હમેશાં હેરાન થતો હતો તથા અહંકારરૂપી વાઘથી બહુ જ ત્રાસ પામ્યો હતો; હે ગુરુદેવ! આપે મને–દીનને મોટી ઊંઘમાંથી જગાડી સારી રીતે બચાવ્યો છે.

नमस्तस्मै सदेकस्मै कस्मैचिन्महसे नमः ।
यदेतद्विश्वरूपेण राजते गुरुराज ते ॥ ५२० ॥

હે ગુરુરાજ! આપના એ અવર્ણ્ય તેજને હું નમસ્કાર કરું છું, જે સતરૂપ તથા એક જ છે; છતાં આ વિશ્વરૂપે શોભી રહ્યું છે.

છેવટનો ઉપદેશ

इति नतमवलोक्य शिष्यवर्यं समधिगतात्मसुखं प्रबुद्धतत्त्वम् ।
प्रमुदितहृदयः स देशिकेन्द्रः पुनरिदमाह वचः परं महात्मा ॥ ५२१ ॥

એમ આત્માનું સુખ તથા તત્ત્વનું જ્ઞાન પામેલા એ ઉત્તમ શિષ્યને પ્રણામ કરતો જોઈ તે મહાત્મા ગુરુદેવે અત્યંત હર્ષિત હૃદયથી ફરી આ શ્રેષ્ઠ વચન કહ્યું :

ब्रह्मप्रत्ययसन्ततिर्जगदतो ब्रह्मैव सत्सर्वतः
पश्याध्यात्मदृशा प्रशान्तमनसा सर्वास्ववस्थास्वपि ।
रूपादन्यदवेक्षितुं किमभितश्चक्षुष्मतां विद्यते
तद्वद् ब्रह्मविदः सतः किमपरं बुद्धेर्विहारास्पदम् ॥५२२॥

તું આત્મા ઉપર જ દૃષ્ટિ રાખી અત્યંત શાંત મનથી દરેક અવસ્થામાં સંસારને માત્ર બ્રહ્મજ્ઞાનનો જ પ્રવાહ માન; અને બધું સત્યરૂપ બ્રહ્મમાં જ છે, એમ જો. આંખવાળાઓને રૂપ સિવાય બીજી કઈ વસ્તુ જોયેલી દેખાય છે? એવી જ

રીતે બ્રહ્મજ્ઞાનીની બુદ્ધિને બ્રહ્મ સિવાય બીજી કોઈ વસ્તુ વિહારનું સ્થાન છે ?

**कस्तां परानन्दरसानुभूतिमुत्सृज्य शून्येषु रमेत विद्वान् ।**
**चन्द्रे महाह्लादिनि दीप्यमाने चित्रेन्दुमालोकयितुं क इच्छेत् ॥५२३॥**

એ પરમ આનંદરસના અનુભવને તજી કયો સમજુ માણસ બીજી શૂન્ય વસ્તુઓમાં આનંદ પામે ? અત્યંત આનંદ દેનાર ચંદ્ર પ્રકાશતો હોય, ત્યારે કયો માણસ ચિત્રમાં ચીતરેલા ચંદ્રને જોવા ઇચ્છે ?

**असत्पदार्थानुभवे न किञ्चिन्न ह्यस्ति तृप्तिर्न च दुःखहानिः ।**
**तदद्वयानन्दरसानुभूत्या तृप्तः सुखं तिष्ठ सदात्मनिष्ठया ॥ ५२४ ॥**

અસત્–મિથ્યા પદાર્થોના અનુભવ વડે જરા પણ તૃપ્તિ થતી નથી અને દુઃખનો નાશ પણ થતો નથી; માટે તું એ એક જ બ્રહ્મના આનંદરસનો અનુભવ કરી તૃપ્ત થઈને સદા આત્મામાં જ સ્થિતિ કરી સુખી રહે.

**स्वमेव सर्वथा पश्यन्मन्यमानः स्वमद्वयम् ।**
**स्वानन्दमनुभुञ्जानः कालं नय महामते ॥ ५२५ ॥**

હે મહાબુદ્ધિમાન ! ચારેય તરફ તું પોતાને જ જોતો, પોતાને એક જ માનતો અને પોતાના જ આનંદને ભોગવતો સમય વિતાવ.

**अखण्डबोधात्मनि निर्विकल्पे विकल्पनं व्योम्नि पुरःप्रकल्पनम् ।**
**तदद्वयानन्दमयात्मना सदा शान्तिं परामेत्य भजस्व मौनम् ॥५२६॥**

અખંડ જ્ઞાનરૂપ અને ભેદ વિનાના આત્મામાં કોઈ પણ જાતનો ભેદ કલ્પવો એ આકાશમાં શહેરની કલ્પના કરવા જેવી વાત છે. માટે એક આનંદમય આત્મા વડે સદા પરમ શાંતિ પામીને મૌન સેવ.

**तूष्णीमवस्था परमोपशान्तिर्बुद्धेरसत्कल्पविकल्पहेतोः ।**
**ब्रह्मात्मना ब्रह्मविदो महात्मनो यत्राद्वयानन्दसुखं निरन्तरम् ॥ ५२७**

જૂઠા તર્ક-વિતર્ક કરનાર બુદ્ધિની જે મૌન સ્થિતિ એ પરમ શાંતિ છે; જેમાં બ્રહ્મજ્ઞાની મહાત્માને નિરંતર બ્રહ્મરૂપે અદ્વૈત-આનંદસુખનો અનુભવ થાય છે.

**नास्ति निर्वासनान्मौनात्परं सुखकृदुत्तमम् ।**
**विज्ञातात्मस्वरूपस्य स्वानन्दरसपायिनः ॥ ५२८ ॥**

જેણે આત્માનું સ્વરૂપ જાણ્યું છે અને આત્માનંદનો રસ અનુભવ્યો છે, તેને માટે વાસનારહિત મૌનાવસ્થા સિવાય બીજું કંઈ પણ સુખકારક અને ઉત્તમ નથી.

**गच्छंस्तिष्ठन्नुपविशञ्छयानो वान्यथापि वा ।**
**यथेच्छया वसेद्विद्वानात्मारामः सदा मुनिः ॥ ५२९ ॥**

વિચારશીલ વિદ્વાને ચાલતાં-ફરતાં, બેસતાં-ઊઠતાં, સૂતાં કે જાગતાં, ઇચ્છા પ્રમાણે સદા આત્મામાં રમણ કરતા રહેવું.

**न देशकालासनदिग्यमादिलक्ष्याद्यपेक्षा प्रतिबद्धवृत्तेः ।**
**संसिद्धतत्त्वस्य महात्मनोऽस्ति स्ववेदने का नियमाद्यपेक्षा ॥५३०**

જેની વૃત્તિ હમેશાં આત્મસ્વરૂપમાં જ લાગી રહેતી હોય અને જેણે આત્મતત્ત્વ બરાબર સમજી લીધું હોય, એવા મહાપુરુષને દેશ, કાળ, આસન, દિશા, યમ, નિયમ વગેરે અથવા કોઈ લક્ષ્ય વગેરેની જરૂર નથી; કારણ કે આત્મસ્વરૂપને સમજી લીધા પછી નિયમ વગેરેની શી જરૂર છે?

**घटोऽयमिति विज्ञातुं नियमः को न्वपेक्षते ।**
**विना प्रमाणसुष्ठुत्वं यस्मिन्सति पदार्थधीः ॥ ५३१ ॥**

આ ઘડો છે એમ સમજવા માટે જેનાથી પદાર્થનું જ્ઞાન થાય છે, એવાં ઉત્તમ પ્રમાણ સિવાય કયા નિયમની જરૂર રહે છે?

अयमात्मा नित्यसिद्धः प्रमाणे सति भासते ।
न देशं नापि वा कालं न शुद्धिं वाप्यपेक्षते ॥ ५३२ ॥

એ રીતે પ્રમાણ હોય, તો આ નિત્યસિદ્ધ આત્મા જાણી શકાય છે. તે દેશ, કાળ કે શુદ્ધિની જરૂર ધરાવતો નથી.

देवदत्तोऽहमित्येतद्विज्ञानं निरपेक्षकम् ।
तद्वद्ब्रह्मविदोऽप्यस्य ब्रह्माहमिति वेदनम् ॥ ५३३ ॥

જેમ 'હું દેવદત્ત છું' એમ સમજવા માટે કોઈની જરૂર નથી તેમ બ્રહ્મજ્ઞાનીને 'હું બ્રહ્મ છું' એમ સમજવા માટે પણ કશાની જરૂર નથી.

भानुनेव जगत्सर्वं भासते यस्य तेजसा ।
अनात्मकमसत्तुच्छं किं नु तस्यावभासकम् ॥ ५३४ ॥

જેમ સૂર્યથી સર્વ જગત પ્રકાશે છે, તેમ જેના પ્રકાશથી જડ, જૂઠું અને તુચ્છ છતાં બધું પ્રકાશે છે, એને પ્રકાશ કરનાર (એના પોતાના સિવાય) બીજું શું હોઈ શકે?

वेदशास्त्रपुराणानि भूतानि सकलान्यपि ।
येनार्थवन्ति तं किं नु विज्ञातारं प्रकाशयेत् ॥ ५३५ ॥

વેદ, શાસ્ત્ર, પુરાણ અને દરેક ભૂત (પૃથ્વી, તેજ, પાણી, વાયુ, આકાશ) એ બધાં જેને લીધે જ સાર્થક છે, એ સંપૂર્ણ જાણનાર પરમાત્માને બીજું કોણ પ્રકાશિત કરે?

एष स्वयंज्योतिरनन्तशक्तिरात्माप्रमेयः सकलानुभूतिः ।
यमेव विज्ञाय विमुक्तबन्धो जयत्ययं ब्रह्मविदुत्तमोत्तमः ॥५३६॥

આ આત્મા સ્વયંપ્રકાશ (પોતાની મેળે જ પ્રકાશનાર), અનંત શક્તિવાળો, માપી ન શકાય એવો અને સૌના અનુભવમાં આવી શકે એવો છે; એને જ બરાબર જાણી લઈ બ્રહ્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ બનેલો આ પુરુષ સંસારરૂપ બંધનમાંથી છૂટી જઈ સર્વોત્કૃષ્ટ બને છે.

न खिद्यते नो विषयैः प्रमोदते न सज्जते नापि विरज्यते च ।
स्वस्मिन्सदा क्रीडति नन्दति स्वयं निरन्तरानन्दरसेन तृप्तः ॥५३७

એ મહાત્મા વિષયોથી આનંદ પામતો નથી કે ખેદ પામતો નથી; તેઓમાં આસક્ત થતો નથી કે તેઓથી કંટાળતો નથી; એ તો હમેશાં આત્મામાં જ રમે છે, આનંદ પામે છે અને નિરંતર આનંદરસથી તૃપ્ત રહે છે.

क्षुधां देहव्यथां त्यक्त्वा बालः क्रीडति वस्तुनि ।
तथैव विद्वान् रमते निर्ममो निरहं सुखी ॥ ५३८ ॥

જેમ બાળક ભૂખ અને શરીરનું દુઃખ ભૂલી જઈ રમવાની વસ્તુમાં રમે છે, એમ જ્ઞાની અહંકાર અને મમતાથી રહિત તથા સુખી થઈને આત્મામાં જ રમણ કરે છે.

चिन्ताशून्यमदैन्यभैक्षमशनं पानं सरिद्वारिषु
स्वातन्त्र्येण निरङ्कुशा स्थितिरभीर्निद्रा श्मशाने वने ।
वस्त्रं क्षालनशोषणादिरहितं दिग्वास्तु शय्या मही
सञ्चारो निगमान्तवीथिषु विदां क्रीडा परे ब्रह्मणि ॥ ५३९ ॥

બ્રહ્મજ્ઞાનીઓનું ભોજન ચિંતા અને દીનતા વગરનું ભિક્ષાનું અન્ન જ હોય છે; તેઓ નદીઓનાં પાણી પીએ છે, સ્વતંત્ર રીતે કોઈની રોકટોક વિના ગમે ત્યાં રહે છે; એમને કોઈ પણ જાતની બીક હોતી નથી; જંગલમાં કે સ્મશાનમાં તેઓ ઊંઘે છે; તેઓનાં કપડાં ધોવા–સૂકવવાની જરૂર વિનાનાં ઝાડની છાલો જ હોય છે, દિશાઓ એમનું ઘર છે, જમીન શય્યા છે, વેદાંતરૂપી ગલીઓમાં તેઓ ફરે છે અને માત્ર પરબ્રહ્મમાં જ તેઓની રમત હોય છે.

विमानमालम्ब्य शरीरमेतद् भुनक्त्यशेषान्विषयानुपस्थितान् ।
परेच्छया बालवदात्मवेत्ता योऽव्यक्तलिङ्गोऽननुषक्तबाह्यः ॥ ५४० ॥

જે આત્મજ્ઞાની હોય, તે અભિમાનરહિત શરીરનો

આશ્રય કરી બાળકની જેમ બીજાઓની ઇચ્છાથી મળેલા વિષયોને ભોગવે છે; એનાં કોઈ જાતનાં પ્રકટ ચિહ્નો હોતાં નથી અને બહારના પદાર્થો ઉપર તે આસક્ત હોતો નથી.

**दिगम्बरो वापि च साम्बरो वा त्वगम्बरो वापि चिदम्बरस्थः ।**
**उन्मत्तवद्वापि च बालवद्वा पिशाचवद्वापि चरत्यवन्याम् ॥ ५४१ ॥**

ચેતનરૂપ વસ્ત્રને જ ધારણ કરતો એ પુરુષ (કોઈ વેળા) દિગંબર, વસ્ત્રધારી અથવા વલ્કલધારી પણ હોય; એ તો ઉન્મત્તની પેઠે અથવા બાળકની પેઠે અથવા ભૂત-પ્રેતની પેઠે પૃથ્વી પર ફરે છે.

**कामान्निष्कामरूपी संश्चरत्येकचरो मुनिः ।**
**स्वात्मनैव सदा तुष्टः स्वयं सर्वात्मना स्थितः ॥ ५४२ ॥**

સર્વના આત્મારૂપે રહેલો તે મુનિ સદા પોતાના આત્માથી જ સંતોષી રહી પોતે એકલો ફરે છે અને નિષ્કામ સ્વરૂપે વિષયોને ભોગવે છે.

**क्वचिन्मूढो विद्वान्क्वचिदपि महाराजविभवः**
**क्वचिद्भ्रान्तः सौम्यः क्वचिदजगराचारकलितः ।**
**क्वचित्पात्रीभूतः क्वचिदवमतः क्वाप्यविदित-**
**श्चरत्येवं प्राज्ञः सततपरमानन्दसुखितः ॥ ५४३ ॥**

એ બ્રહ્મજ્ઞાની ક્યારેક મૂર્ખ, ક્યારેક વિદ્વાન, ક્યારેક મહારાજાના ઠાઠવાળો, ક્યારેક ભ્રાંતિવાળો, ક્યારેક શાંત, ક્યારેક અજગર જેવા આચારવાળો, ક્યારેક પાત્ર જેવો જણાતો, ક્યારેક અપમાન પામેલો અને ક્યારેક અજાણ્યો રહે છે. એમ નિત્ય પરમ આનંદથી સુખી થઈ ફર્યા કરે છે.

**निर्धनोऽपि सदा तुष्टोऽप्यसहायो महाबलः ।**
**नित्यतृप्तोऽप्यभुञ्जानोऽप्यसमः समदर्शनः ॥ ५४४ ॥**

એ મહાત્મા નિર્ધન હોય તોપણ સદા સંતોષી હોય

છે; સહાય વિનાનો હોય છતાં મહાબળવાન હોય છે; જમે નહિ છતાં નિત્ય તૃપ્ત રહે છે અને પોતે અતુલ્ય હોય-સર્વથી શ્રેષ્ઠ હોય છતાં સૌ ઉપર સમાન દૃષ્ટિવાળો હોય છે.

अपि कुर्वन्नकुर्वाणश्चाभोक्ता फलभोग्यपि ।
शरीर्यप्यशरीर्येष परिच्छिन्नोऽपि सर्वगः ॥ ५४५ ॥

એ બધાં કામો કરે છતાં કાંઈ કરતો નથી; અનેક જાતનાં ફળ ભોગવે છતાં ભોક્તા (ભોગવનાર) નથી; શરીરધારી હોય છતાં શરીર વગરનો છે; અને થોડી જગ્યામાં રહે છતાં દરેક ઠેકાણે રહેનાર છે.

अशरीरं सदा सन्तमिमं ब्रह्मविदं क्वचित् ।
प्रियाप्रिये न स्पृशतस्तथैव च शुभाशुभे ॥ ५४६ ॥

હમેશાં શરીરના અભિમાન વિનાના એ ઉત્તમ બ્રહ્મજ્ઞાનીને પ્રિય કે અપ્રિયનો તથા શુભ કે અશુભનો કયાંય સંબંધ થતો જ નથી.

स्थूलादिसम्बन्धवतोऽभिमानिनः सुखं च दुःखं च शुभाशुभे च ।
विध्वस्तबन्धस्य सदात्मनो मुनेः कुतः शुभं वाप्यशुभं फलं वा ॥५४७

જેને સ્થૂલ તથા સૂક્ષ્મ દેહનો સંબંધ હોય અને તેના પર હુંપણાનું અભિમાન હોય, એને જ સુખ–દુઃખ અને શુભ કે અશુભ જણાય છે; પણ જેનાં દેહબંધન નાશ પામ્યાં હોય, અને જે સદા આત્મારૂપે સ્થિતિ કરતો હોય એવા મુનિને શુભ કે અશુભ ફળ શાથી જણાય?

तमसा ग्रस्तवद्भानादग्रस्तोऽपि रविर्जनैः ।
ग्रस्त इत्युच्यते भ्रान्त्या ह्यज्ञात्वा वस्तुलक्षणम् ॥ ५४८ ॥
तद्वद्देहादिबन्धेभ्यो विमुक्तं ब्रह्मवित्तमम् ।
पश्यन्ति देहिवन्मूढाः शरीराभासदर्शनात् ॥ ५४९ ॥

વસ્તુસ્વરૂપ નહિ સમજીને જેમ માણસો ભ્રાંતિથી જ

રાહુએ નહિ ગળેલા સૂર્યને પણ ગળેલો કહે છે; તેમ બ્રહ્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ પુરુષ દેહાદિના બંધનથી મુક્ત જ થયો હોય, તોપણ તેના માત્ર આભાસરૂપ શરીરને જોવાથી અજ્ઞાનીઓ એને દેહધારી જેવો જુએ છે.

अहिनिर्ल्वयनीवायं मुक्तदेहस्तु तिष्ठति।
इतस्ततश्चाल्यमानो यत्किञ्चित्प्राणवायुना ॥ ५५० ॥

જેમ સાપ કાંચળી ઉતારીને તેથી અલગ રહે છે, તેમ બ્રહ્મજ્ઞાની પણ પોતાના શરીર ઉપરની અહંતા–મમતા તજીને તેથી અલગ રહે છે. માત્ર તેનું શરીર પ્રાણવાયુથી આમતેમ લગાર હરતુંફરતું જણાય છે.

स्रोतसा नीयते दारु यथा निम्नोन्नतस्थलम्।
दैवेन नीयते देहो यथाकालोपभुक्तिषु ॥ ५५१ ॥

જેમ પાણીનો પ્રવાહ લાકડાને ઊંચે–નીચે ઠેકાણે લઈ જાય છે, એમ તે જ્ઞાનીના શરીરને દૈવ જ વખતસર ખાવું-પીવું વગેરે ભોગો તરફ લઈ જાય છે.

प्रारब्धकर्मपरिकल्पितवासनाभिः
संसारिवच्चरति भुक्तिषु मुक्तदेहः।
सिद्धः स्वयं वसति साक्षिवदत्र तूष्णीं
चक्रस्य मूलमिव कल्पविकल्पशून्यः ॥ ५५२ ॥

દેહ ઉપરના અહંભાવથી મુક્ત થયેલો તે પુરુષ પ્રારબ્ધકર્મથી કલ્પાયેલી વાસનાઓથી સંસારી પુરુષની જેમ અનેક ભોગો ભોગવે છે; છતાં એ સિદ્ધ પુરુષ ચાકડાના મૂળની પેઠે પોતે તર્ક–વિતર્ક વગરનો થઈ સાક્ષીની પેઠે ચૂપચાપ આ લોકમાં રહે છે.

नैवेन्द्रियाणि विषयेषु नियुङ्क्त एष नैवापयुङ्क्त उपदर्शनलक्षणस्थः।
नैव क्रियाफलमपीषदवेक्षते स स्वानन्दसान्द्ररसपानसुमत्तचित्तः ॥५५३

એ બ્રહ્મજ્ઞાની, આત્માનંદના ઘાટા રસનું પાન કરવાથી જાણે અતિ મદયુક્ત ચિત્તવાળો હોય એવો બની સાક્ષીના જેવાં લક્ષણોમાં રહી ઇંદ્રિયોને વિષયોમાં જોડતો નથી; તેમ જ વિષયોથી તેમને રોકતો નથી. વળી તે પોતાના કર્મનાં ફળ તરફ તો લેશ માત્ર પણ જોતો જ નથી.

**लक्ष्यालक्ष्यगतिं त्यक्त्वा यस्तिष्ठेत्केवलात्मना ।**
**शिव एव स्वयं साक्षादयं ब्रह्मविदुत्तमः ॥ ५५४ ॥**

જણાતી અને નહિ જણાતી વસ્તુનો વિચાર છોડી દઈ જે માત્ર આત્મારૂપે જ રહે છે, એ બ્રહ્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ છે; અને તે સાક્ષાત્ શિવ પોતે જ છે.

**जीवन्नेव सदा मुक्तः कृतार्थो ब्रह्मवित्तमः ।**
**उपाधिनाशाद्ब्रह्मैव सन् ब्रह्माप्येति निर्द्वयम् ॥ ५५५ ॥**

એવો ઉત્તમ બ્રહ્મજ્ઞાની જીવતાં જ સદા મુક્ત છે; એણે પોતાનાં બધાં કામ પૂરાં કર્યાં છે; અને શરીર નાશ પામ્યા પછી પણ એ બ્રહ્મરૂપે જ થઈને અદ્વૈત બ્રહ્મમાં મળી જાય છે.

**शैलूषो वेषसद्भावाभावयोश्च यथा पुमान् ।**
**तथैव ब्रह्मविच्छ्रेष्ठः सदा ब्रह्मैव नापरः ॥ ५५६ ॥**

જેમ નટ વેશ પહેર્યો હોય કે ન પહેર્યો હોય તોપણ માત્ર માણસ જ છે, તેમ શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની પણ ઉપાધિવાળો હોય કે ન હોય તોપણ સદા બ્રહ્મ જ છે. બીજો કોઈ નથી.

**यत्र क्वापि विशीर्णं सत्पर्णमिव तरोर्वपुःपतनात् ।**
**ब्रह्मीभूतस्य यतेः प्रागेव हि तच्चिदग्निना दग्धम् ॥ ५५७ ॥**

બ્રહ્મરૂપ થયેલા યોગીનું શરીર ઝાડનાં ખરી પડેલાં પાંદડાંની પેઠે ગમે ત્યાં પડે તેની તેને પરવા નથી; કારણ કે એ શરીર તો અગાઉથી જ ચેતનરૂપ અગ્નિથી બળેલું હોય છે.

सदात्मनि ब्रह्मणि तिष्ठतो मुनेः पूर्णाद्वयानन्दमयात्मना सदा ।
न देशकालाद्युचितप्रतीक्षा त्वङ्मांसविट्पिण्डविसर्जनाय ॥५५८॥

આત્મરૂપ બ્રહ્મમાં હમેશાં પૂર્ણ અને અદ્વૈત આનંદ-રસરૂપે જ રહેતા એ મહાત્માને ચામડી, માંસ અને મળ-મૂત્રના પિંડા જેવું આ શરીર છોડવા માટે યોગ્ય દેશ-કાળની રાહ જોવાની જરૂર હોતી નથી.

देहस्य मोक्षो नो मोक्षो न दण्डस्य कमण्डलोः ।
अविद्याहृदयग्रन्थिमोक्षो मोक्षो यतस्ततः ॥ ५५९ ॥

કારણ કે હૃદયની અજ્ઞાનરૂપી ગાંઠ છૂટી જાય, એ જ મોક્ષ છે; શરીર કે દંડ-કમંડળનો ત્યાગ એ મોક્ષ નથી.

कुल्यायामथ नद्यां वा शिवक्षेत्रेऽपि चत्वरे ।
पर्णं पतति चेत्तेन तरोः किं नु शुभाशुभम् ॥ ५६० ॥

ઝાડનું પાન નદીમાં, નાળાંમાં, મંદિરમાં કે ચૌટામાં પડે તેથી ઝાડને કયો લાભ કે નુકસાન છે?

पत्रस्य पुष्पस्य फलस्य नाशवद् देहेन्द्रियप्राणधियां विनाशः ।
नैवात्मनः स्वस्य सदात्मकस्यानन्दाकृतेर्वृक्षवदस्ति चैषः ॥ ५६१ ॥

જેમ ઝાડનાં પાન, ફૂલ અને ફળ ખરી પડે છે, તેમ જીવનાં દેહ, ઇંદ્રિયો, પ્રાણ અને બુદ્ધિ વગેરેનો નાશ થાય છે; પણ સદા આનંદરૂપ આત્માનો પોતાનો ક્યારેય નાશ થતો જ નથી. એ તો ઝાડની પેઠે નાશ નહિ પામેલો જ રહે છે.

प्रज्ञानघन इत्यात्मलक्षणं सत्यसूचकम् ।
अनूद्यौपाधिकस्यैव कथयन्ति विनाशनम् ॥ ५६२ ॥

આત્મા જ્ઞાનરૂપ છે, એ જ એનું અવિનાશીપણું સૂચવતું લક્ષણ છે; એમ કહીને જ્ઞાનીઓ ઉપાધિવાળી વસ્તુનો જ નાશ જણાવે છે.

**अविनाशी वा अरेऽयमात्मेति श्रुतिरात्मनः ।**
**प्रब्रवीत्यविनाशित्वं विनश्यत्सु विकारिषु ॥ ५६३ ॥**

'અરે ! આ આત્મા અવિનાશી છે'[1] આમ કહીને વેદ જણાવે છે કે, વિકારવાળા પદાર્થો નાશ પામે છે તોપણ આત્મા (અવિકારી હોવાથી) નાશ પામતો નથી.

**पाषाणवृक्षतृणधान्यकटाम्बराद्या**
**दग्धा भवन्ति हि मृदेव यथा तथैव ।**
**देहेन्द्रियासुमन आदि समस्तदृश्यं**
**ज्ञानाग्निदग्धमुपयाति परात्मभावम् ॥ ५६४ ॥**

જેમ પથ્થર, ઝાડ, ઘાસ, અનાજ, સાદડી અને કપડાં વગેરે બળી જાય, તો તેની માટી (રાખ) જ થાય છે; તેમ દેહ, ઇંદ્રિય, પ્રાણ અને મન વગેરે દરેક દૃશ્ય પદાર્થો, જ્ઞાન-રૂપી અગ્નિથી બાળીને પરમાત્મારૂપ જ બની જાય છે.

**विलक्षणं यथा ध्वान्तं लीयते भानुतेजसि ।**
**तथैव सकलं दृश्यं ब्रह्मणि प्रविलीयते ॥ ५६५ ॥**

જેમ સૂર્યનો પ્રકાશ થતાં એનાથી ઊલટા સ્વભાવનું અંધારું એમાં જ લય પામે છે (જાણે એમાં ડૂબી ગયું હોય એમ લાગે છે), તેમ (જ્ઞાન થયા પછી) આ આખું દૃશ્ય જગત બ્રહ્મમાં જ લય પામે છે-તે સ્વરૂપ જણાઈ અદૃશ્ય થાય છે.

**घटे नष्टे यथा व्योम व्योमैव भवति स्फुटम् ।**
**तथैवोपाधिविलये ब्रह्मैव ब्रह्मवित्स्वयम् ॥ ५६६ ॥**

જેમ ઘડો ફૂટી જતાં એમાં રહેલું આકાશ મોટા આકાશરૂપ જ થઈ જાય છે, તેમ શરીરરૂપ ઉપાધિનો નાશ થતાં બ્રહ્મવેત્તા પુરુષ પોતાની મેળે જ બ્રહ્મરૂપ થઈ જાય છે.

---

૧ 'अविनाशी वा अरेऽयमात्मानुच्छित्तिधर्मा' (बृह० ४-५-१४)

क्षीरं क्षीरे यथा लिप्तं तैलं तैले जलं जले ।
संयुक्तमेकतां याति तथात्मन्यात्मविन्मुनिः ॥ ૫૬૭ ॥

જેમ દૂધમાં નાખેલું દૂધ, તેલમાં નાખેલું તેલ અને પાણીઆં નાખેલું પાણી મળીને એક થઈ જાય છે, તેમ બ્રહ્મ-જ્ઞાની મહાત્મા આત્મામાં મળીને એકરૂપ થઈ જાય છે.

एवं विदेहकैवल्यं सन्मात्रत्वमखण्डितम् ।
ब्रह्मभावं प्रपद्यैष यतिर्नावर्तते पुनः ॥ ૫૬૮ ॥

એમ કેવળ અખંડ બ્રહ્મરૂપે જ થવું એ ‘ વિદેહ કૈવલ્ય વિદેહમુક્તિ–દેહત્યાગ પછીની મુક્તિ ’ છે. એ રીતે બ્રહ્મપણાને પામીને યોગી ફરી સંસારમાં પાછો આવતો નથી.

सदात्मैकत्वविज्ञानदग्धाविद्यादिवर्ष्मणः ।
अमुष्य ब्रह्मभूतत्वाद् ब्रह्मणः कुत उद्भवः ॥ ૫૬૯ ॥

‘ બ્રહ્મ અને આત્મા એક જ છે ’ એવા જ્ઞાનરૂપ અગ્નિથી અવિદ્યા આદિના કારણે ઊપજેલી શરીરરૂપ ઉપાધિ જેની બળી ગઈ હોય છે એવો બ્રહ્મજ્ઞાની બ્રહ્મરૂપ જ થયો હોય છે; તેથી એ બ્રહ્મનો જન્મ કયાંથી હોય ?

मायाक्लृप्तौ बन्धमोक्षौ न स्तः स्वात्मनि वस्तुतः ।
यथा रज्जौ निष्क्रियायां सर्पाभासविनिर्गमौ ॥ ૫૭૦ ॥

માયાથી કલ્પાયેલાં બંધન અને મોક્ષ ખરી રીતે આત્મામાં છે જ નહિ; જેમ ક્રિયા વગરના દોરડામાં (ભ્રમથી) સાપનું દેખાવું અને નહિ દેખાવું છે જ નહિ.

आवृतेः सदसत्त्वाभ्यां वक्तव्ये बन्धमोक्षणे ।
नावृतिर्ब्रह्मणः काचिदन्याभावादनावृतम् ।
यद्यस्त्यद्वैतहानिः स्याद् द्वैतं नो सहते श्रुतिः ॥ ૫૭૧ ॥

જ્યાં સુધી આવરણશક્તિ હોય ત્યાં સુધી સંસારનું બંધન છે અને જ્યારે એ શક્તિ જ્ઞાનથી નાશ પામે ત્યારે મોક્ષ

થાય છે, એમ કહી શકાય; પણ બ્રહ્મને તો કોઈ આવરણ (ઢાંકનાર) છે જ નહિ; કારણ કે બ્રહ્મ સિવાય બીજી કોઈ વસ્તુ જ નથી તેથી બ્રહ્મ, કોઈ બીજી વસ્તુથી ઢંકાઈ જતું નથી; છતાં તેને આવરણ છે એમ માનીએ તો 'બ્રહ્મ એક જ છે' એમ તેનું અદ્વૈતપણું સાબિત થતું નથી; અને વેદ તો દ્વૈત વસ્તુ સહન કરતો જ નથી અર્થાત્ બ્રહ્મ સિવાય બીજી કોઈ વસ્તુ જ નથી, એમ વેદ કહે છે.

**बन्धं च मोक्षं च मृषैव मूढा बुद्धेर्गुणं वस्तुनि कल्पयन्ति ।**
**दृगावृतिं मेघकृतां यथा रवौ यतोऽद्वयासङ्गचिदेकमक्षरम् ॥ ५७२ ॥**

બંધન અને મોક્ષ એ બુદ્ધિના જ ગુણ છે; તેને અજ્ઞાનીઓ આત્મારૂપ વસ્તુમાં ખોટા જ કલ્પી લે છે–જેમ વાદળાં આપણી જ નજરને ઢાંકે છે, છતાં અણસમજુ લોકો માને છે કે, 'સૂર્ય ઢંકાઈ ગયો.' (પણ એવું માનવું ભૂલ-ભરેલું છે; કારણ કે) બ્રહ્મ તો અદ્વૈત, અસંગ, ચૈતન્યરૂપ, એક અને અવિનાશી છે.

**अस्तीति प्रत्ययो यश्च यश्च नास्तीति वस्तुनि ।**
**बुद्धेरेव गुणावेतौ न तु नित्यस्य वस्तुनः ॥ ५७३ ॥**

કોઈ વસ્તુમાં 'તે છે અને નથી' એવું જે સમજાય છે, તે બુદ્ધિના જ ગુણ છે; નિત્ય વસ્તુ(આત્મા)ના ગુણ નથી.

**अतस्तौ मायया क्लृप्तौ बन्धमोक्षौ न चात्मनि ।**
**निष्कले निष्क्रिये शान्ते निरवद्ये निरञ्जने ।**
**अद्वितीये परे तत्त्वे व्योमवत्कल्पना कुतः ॥ ५७४ ॥**

માટે બંધ અને મોક્ષ એ બંને માયાથી જ કલ્પાય છે, (પણ) આત્મામાં છે જ નહિ; કારણ કે આકાશની જેમ અવયવ વગરના, ક્રિયા વગરના, શાંત, નિર્મળ, નિર્લેપ અને એક જ પરમ તત્ત્વમાં એની કલ્પના ક્યાંથી થાય ?

न निरोधो न चोत्पत्तिर्न बद्धो न च साधकः।
न मुमुक्षुर्न वै मुक्त इत्येषा परमार्थता ॥ ५७५ ॥

માટે ખરી વાત તો એ જ છે કે, કોઈ ચીજનો નાશ કે ઉત્પત્તિ નથી; કોઈ બંધાતું નથી કે કોઈ સાધક નથી; કોઈ મુક્તિની ઇચ્છાવાળું નથી કે કોઈ મુક્ત નથી.

सकलनिगमचूडास्वान्तसिद्धान्तरूपं
परमिदमतिगुह्यं दर्शितं ते मयाद्य।
अपगतकलिदोषं कामनिर्मुक्तबुद्धिं
स्वसुतवदसकृत्त्वां भावयित्वा मुमुक्षुम् ॥ ५७६ ॥

(હે વત્સ!) તને કલિયુગના દોષ વગરનો, વિષયોની ઇચ્છારહિત બુદ્ધિવાળો અને મુક્તિની ઇચ્છાવાળો જાણી પોતાના પુત્ર જેવો માનીને મેં દરેક ઉપનિષદોના રહસ્ય(સિદ્ધાંત)રૂપ આ અતિ ગુપ્ત જ્ઞાન આજે તને વારંવાર બતાવ્યું છે

શિષ્યની વિદાય

इति श्रुत्वा गुरोर्वाक्यं प्रश्रयेण कृतानतिः।
स तेन समनुज्ञातो ययौ निर्मुक्तबन्धनः ॥ ५७७ ॥

શ્રી ગુરુદેવનાં એ વચન સાંભળી શિષ્યે શ્રી ગુરુદેવના ચરણોમાં વિનયથી પ્રણામ કર્યાં; અને સંસારના બંધનમાંથી છૂટી તેમની આજ્ઞા મેળવી ત્યાંથી તે ચાલ્યો ગયો.

गुरुरेवं सदानन्दसिन्धौ निर्मग्नमानसः।
पावयन्वसुधां सर्वां विचचार निरन्तरम् ॥ ५७८ ॥

અને ગુરુદેવ પણ હમેશાં એમ સત્-ચિત્-આનંદના સમુદ્રમાં મગ્ન મનવાળા થઈ આખી પૃથ્વીને પવિત્ર કરતા ફરવા લાગ્યા.

इत्याचार्यस्य शिष्यस्य संवादेनात्मलक्षणम्।
निरूपितं मुमुक्षूणां सुखबोधोपपत्तये ॥ ५७९ ॥

એમ ગુરુ અને શિષ્યના સંવાદરૂપે મુમુક્ષુઓને સહેલાઈથી જ્ઞાન થવા માટે આત્મજ્ઞાન જણાવ્યું છે.

**हितमिममुपदेशमाद्रियन्तां विहितनिरस्तसमस्तचित्तदोषाः।**
**भवसुखविरताः प्रशान्तचित्ताः श्रुतिरसिका यतयो मुमुक्षवो ये ॥५८०**

વેદોક્ત કર્મો કરવાથી જેમના ચિત્તના બધા દોષ દૂર થયા હોય, જેઓ સંસારનાં સુખથી અટકયા હોય, શાંત ચિત્તવાળા હોય, વેદના ઉપદેશમાં રસ લેતા હોય અને મોક્ષને ઇચ્છતા હોય, એવા સંયમી મનુષ્યો આ હિતકારક ઉપદેશને સ્વીકારો.

**संसाराध्वनि तापभानुकिरणप्रोद्भूतदाहव्यथा-**
**खिन्नानां जलकाङ्क्षया मरुभुवि श्रान्त्या परिभ्राम्यताम्।**
**अत्यासन्नसुधाम्बुधिं सुखकरं ब्रह्माद्वयं दर्शय-**
**न्त्येषा शङ्करभारती विजयते निर्वाणसन्दायिनी ॥ ५८१ ॥**

સંસારરૂપી માર્ગમાં (આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એ ત્રણ) તાપરૂપી સૂર્યનાં કિરણોથી ઊપજતા દાહની પીડાથી ગભરાઈને થાકને લીધે નિર્જળ (જ્ઞાનરૂપ જળ વિનાના પ્રદેશમાં) પાણીની ઇચ્છાથી ભટકતાં માણસો માટે અદ્વૈત બ્રહ્મરૂપી અત્યંત આનંદ દેનાર, અતિ નજીકમાં અમૃતનો સમુદ્ર બતાવતી શ્રીશંકરાચાર્યની આ પરમ શાંતિ આપનારી વાણી સર્વોત્કૃષ્ટ છે.

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य श्रीगोविंदभगवत्पूज्यपादशिष्यस्य
श्रीमच्छंकरभगवतः कृतो विवेकचूडामणिः समाप्तः ॥

**શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રીગોવિંદ ભગવાનના શિષ્ય શ્રીમત્ શંકરાચાર્ય ભગવાને રચેલ 'વિવેકચૂડામણિ' સમાપ્ત**

'સસ્તું' સાહિત્ય એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય'

# ઉપયોગી પુસ્તકો

## ધર્મગ્રંથો

### રામાયણો

| | |
|---|---|
| તુલસીકૃત રામાયણ-૧,૨ | ૧૨-૦૦ |
| વાલ્મીકિ રામાયણ-૧,૨ | ૧૨-૦૦ |
| આત્મરામાયણ ... | ૧-૫૦ |
| ગિરધરકૃત રામાયણ | ૫-૦૦ |
| શ્રીરામચરિતમાનસ (મૂળ) | ૨-૫૦ |
| શ્રીરામચરિતમાનસ | ૬-૫૦ |
| શ્રીરામચરિતમાનસકોશ | ૦-૫૦ |
| તુલસીરામાયણનાં મહાવાક્યો ... | ૦-૫૦ |

### ઉપનિષદો

| | |
|---|---|
| બૃહદારણ્યક ઉપનિષદ(૧-૨) | ૮-૦૦ |
| સો ઉપનિષદો ... | ૫-૦૦ |
| ઈશ ને કેન ઉપનિષદ | ૧-૨૫ |
| કઠોપનિષદ ... | ૧-૨૫ |
| પ્રશ્નોપનિષદ ... | ૧-૦૦ |
| મુણ્ડકોપનિષદ ... | ૧-૦૦ |
| માણ્ડૂક્ય ઉપનિષદ | ૩-૦૦ |
| છાંદોગ્ય ઉપનિષદ ... | ૫-૦૦ |
| ઐતરેય ઉપનિષદ ... | ૦-૭૫ |
| તૈત્તિરીય ઉપનિષદ... | ૧-૫૦ |
| મહાવાક્યરત્નાવલી ... | ૧-૦૦ |

### પુરાણો

| | |
|---|---|
| મહાભારત-ભાષાંતર | ૬૪-૦૦ |
| શાંતિપર્વ-મહાભારતનું | ૧૦-૦૦ |
| મહાભારતસાર ... | ૪-૦૦ |
| વિષ્ણુપુરાણ ... | ૪-૫૦ |
| શ્રીશિવમહાપુરાણ-૧,૨ | ૧૨-૦૦ |
| શ્રીહરિવંશપુરાણ | ૧૦-૦૦ |
| શ્રીમાર્કંડેયપુરાણ | ૫-૦૦ |
| શ્રીમદ્ ભાગવત-૧,૨ | ૧૦-૫૦ |
| એકાદશ સ્કંધ-(એકનાથી ટીકા) | ૬-૦૦ |
| એકાદશ સ્કંધ-(શ્રીમદ્ ભાગવતનો) | ૨-૫૦ |
| દશમ સ્કંધ ... | ૪-૦૦ |
| શ્રીમદ્ ભગવતી (દેવી) ભાગવત | ૭-૫૦ |

## સાંપ્રદાયિક પુસ્તકો

| | |
|---|---|
| ષોડશ ગ્રંથો ... | ૧-૫૦ |
| ધમ્મપદ-ધર્મનાં પદો | ૧-૨૫ |
| જપજી ... ... | ૦-૬૨ |
| સમાધિશતક ... | ૦-૪૦ |
| શિક્ષાપત્રી ... | ૦-૨૫ |
| ગોરખનાથ ... | ૦-૩૭ |

# ધાર્મિક–સામાજિક–નીતિવિષયક

| | |
|---|---|
| શ્રીમનુસ્મૃતિ ... | ૫–૦૦ |
| બાલવિલાસ ... | ૧–૫૦ |
| હિંદુધર્મની બાળપોથી | ૦–૬૨ |
| વિદુરનીતિ ... | ૧–૦૦ |
| સંતોની અનુભવ–વાણી | ૧–૫૦ |
| આર્યધર્મનીતિ અને ચાણુક્યનીતિસાર | ૦–૭૫ |
| સુભાષિત નીતિમંજરી | ૧ ૫૦ |
| નીતિશિક્ષણ ... | ૧–૫૦ |
| અંતર–નિરીક્ષણ ... | ૧–૦૦ |
| વાટના દીવડા ... | ૧–૫૦ |
| સુભાષિત રત્નમાળા | ૦–૬૦ |
| યક્ષ ને યુધિષ્ઠિર ... | ૦–૬૦ |
| આત્મચિંતન | ૦–૬૦ |
| વ્યવહારમાળા ... | ૦–૫૦ |
| વિજ્ઞાનશતક ... | ૦–૫૦ |
| નીતિશતક ... | ૦–૩૦ |
| વૈરાગ્યશતક ... | ૦–૪૦ |
| નવસંહિતા ... | ૦–૩૭ |
| સંતોષસુરતરુ ... | ૦–૩૦ |
| હિંદુધર્મ (શિવાનંદજી) | ૧–૦૦ |
| હિંદુધર્મ (નાનું) | ૦–૨૫ |
| હિંદુધર્મ અને સદાચાર | ૦–૨૫ |
| હિંદુધર્મના પાયા ... | ૦–૨૫ |
| ચારુચર્યા ... | ૦–૨૫ |
| સૂક્તાવલિ ... | ૦–૪૦ |
| સ્ફુરણાવલિ ... | ૦–૨૫ |
| સો મૂર્ખાનાં લક્ષણો | ૦–૨૦ |

# ગીતાવિષયક

| | |
|---|---|
| ભગવદ્ગીતા (શાંકરભાષ્ય) | ૪–૦૦ |
| ભગવદ્ગીતા (નીલકંઠી) | ૩–૦૦ |
| શ્રીજ્ઞાનેશ્વરી ગીતા ... | ૫–૦૦ |
| શ્રીમદ્ ભગવદ્ગીતા ... | ૧–૦૦ |
| ભગવદ્ગીતા (ગુટકો) | ૦–૪૦ |
| ,, ,, (પાકું) | ૦–૭૫ |
| ગીતામાં જીવનની કળા | ૩–૦૦ |
| પંચરત્નગીતા ... | ૧–૫૦ |
| શ્રી રામગીતા ... | ૧–૭૫ |
| જ્ઞાનસત્રગીતા ... | ૧–૨૫ |
| ઉત્તરગીતા ... | ૦–૩૭ |
| ગીતાસાર ... | ૦–૩૦ |
| ગીતાસંકલન ... | ૦–૧૯ |
| અવધૂતગીતા ... | ૧–૨૫ |
| અષ્ટાવક્રગીતા ... | ૦–૫૦ |
| પાંડવગીતા ... | ૦–૨૫ |

## વેદાંત-તત્ત્વજ્ઞાન-યોગવિષયક

| | |
|---|---|
| વૃત્તિપ્રભાકર ... | ૫-૦૦ |
| ઉપદેશસાહસ્રી ... | ૪-૦૦ |
| બ્રહ્મસિદ્ધાંતમાલા ... | ૪-૦૦ |
| તત્ત્વાનુસંધાન ... | ૪-૦૦ |
| વિચારસાગર ... | ૩-૦૦ |
| યુક્તિપ્રકાશ ... | ૧-૫૦ |
| પંચદશી ... | ૫-૦૦ |
| પંચીકરણ ... | ૨-૦૦ |
| યોગાભ્યાસ ને આસનવિધિ | ૦-૬૦ |
| જીવન્મુક્તિવિવેક ... | ૧-૨૫ |
| સનત્સુજાતનો ઉપદેશ | ૦-૭૫ |
| સૂર્યકાંત ... ... | ૨-૦૦ |
| કપિલ અને દેવહૂતિ | ૦-૬૨ |
| વેદાંત-રસબિંદુ ... | ૦-૭૫ |
| વેદાંતમાર્ગદર્શિની ... | ૨-૦૦ |
| ષટ્પદી (વેદાંત-પ્રક્રિયા) | ૦-૩૫ |
| વિચારસૂર્યોદય ... | ૦-૨૫ |
| બળવાન બનો ... | ૦-૭૫ |
| ત્રીજી આંખ ... | ૧-૦૦ |
| વિચારમાળા ... | ૦-૫૦ |
| મોક્ષનો માર્ગ ... | ૦-૫૦ |
| લઘુયોગવાસિષ્ઠસાર | ૦-૩૦ |
| મદાલસા અને અલર્ક | ૦-૩૦ |
| શાંડિલ્ય ભક્તિસૂત્ર | ૦-૩૭ |
| નારદનાં ભક્તિસૂત્રો | ૦-૧૯ |

## દૃષ્ટાંતકથાઓ

| | |
|---|---|
| દૃષ્ટાંતશતક ... | ૧-૨૫ |
| ધર્મકથાઓ ... | ૧-૫૦ |
| સુબોધક કથાવાર્તાઓ | ૧-૫૦ |
| સુબોધરત્નાકર ... | ૧-૫૦ |
| શ્રી સુબોધકથાસાગર | ૨-૫૦ |
| બોધદાયક કથાઓ ... | ૧-૫૦ |
| મહાપુરુષોના પ્રેરક જીવનપ્રસંગો | ૧-૫૦ |
| બોધક વાર્તાઓ ... | ૧-૫૦ |

**વધુ વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો :**

# સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

અખંડાનંદ માર્ગ, ભદ્ર, અમદાવાદ અને ૧૪૮, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ

# શ્રીમત્ શંકરાચાર્યનાં પુસ્તકો

**ઉપદેશસાહસ્રી ૪-૦૦**

અદ્વૈતદર્શનના ગ્રંથનું મૂળ સહિત સરળ ભાષાંતર, જેમાં વેદાંતનો હૃદયંગમ ઉપદેશ આપેલો છે.

**મોહમુદ્‌ગર અને બીજાં દશ રત્નો ૧-૦૦**

મોહમુદ્‌ગર ઉપરાંત પ્રૌઢાનુભૂતિ, બ્રહ્મજ્ઞાનાવલિમાળા, લઘુવાક્યવૃત્તિ, સદાચાર-અનુસંધાન, સ્વાત્મ-નિરૂપણ, દશશ્લોકી વગેરેનું મૂળ સાથે ભાષાંતર.

**શતશ્લોકી અને બીજાં ચાર રત્નો ૦-૭૫**

અપરોક્ષાનુભૂતિ, આત્મબોધ, તત્ત્વોપદેશ ને અદ્વૈતાનુભૂતિ સહિત મૂળ સાથે સરળ ભાષાંતર.

**શ્રીદક્ષિણામૂર્તિસ્તોત્ર ૧-૫૦**

મૂળ શ્લોકો, અન્વય, સમશ્લોકી ભાષાંતર તથા ભાવાર્થ સાથે. આમાં વેદાંત
કારણ માયા,
દર્શન, આ
ઉપાસનાનું
રીતે સમજાવ્

**સ્તોત્રસંગ્રહ**

૨૪ ભક્તિસ્તોત્રો અને ૧૭
સ્તોત્રોનું મૂળ સાથે ભાષ

**આત્મા-અનાત્**

અધ્યાત્મપટલવિ
લક્ષ્મીનિંદા એ
આત્મા-અનાત્
સહિત ભાષાંત

**પ્રબોધસુધાકર**
**ત**

બે સ્તોત્રોનો
અનુવાદ. આ
સુખની નિંદા,
નિગ્રહ વગેરે
દેશ આપેલો

**હસ્તામલકસ્તો**
**વ**

શ્રીમત્ શંકરા
સરળ અનુવા

**મણિરત્નમાળ**

મૂળ સંસ્કૃત શ્લોકો સાથ
વિસ્તૃત વિવરણ સા

**રમાળા ને જીવ**
**આનંદલહરી**

સાથે સરળ ભાષાંત

**લહરી**

સાથે સરળ ભાષાંત

**સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય—અમદા**

Serving JinShasan
026888
gyanmandir@kobatirth.org